Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતના જૈનતીર્થો

વિમલકુમાર મોહનલાલ ધામી



For Private and Personal Use Only

।। कोबातीर्थमंडन श्री महावीरस्वामिने नमः ।।

।। अनंतलब्धिनिधान श्री गौतमस्वामिने नमः ।।

।। गणधर भगवंत श्री सुधर्मास्वामिने नमः ।।

।। योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमः ।।

।। चारित्रचूडामणि आचार्य श्रीमद् कैलाससागरसूरीश्वरेभ्यो नमः ।।

# आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

## (जैन व प्राच्यविद्या शोधसंस्थान एवं ग्रंथालय)

### पुनितप्रेरणा व आशीर्वाद

## राष्ट्रसंत श्रुतोद्धारक आचार्यदेव श्रीमत् पद्मसागरसूरीश्वरजी म. सा.

### जैन मुद्रित ग्रंथ स्केनिंग प्रकल्प

ग्रंथांक : १३५३


**श्री महावीर जैन आराधना केन्द्र**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-श्री महावीर जैन आराधना केन्द्र
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-३८२००७ (गुजरात)
(079) 23276252, 23276204
फेक्स : 23276249
**Websiet :** www.kobatirth.org
**Email :** Kendra@kobatirth.org

**शहर शाखा**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
शहर शाखा
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
त्रण बंगला, टोलकनगर
हॉटल हेरीटेज़ की गली में
पालडी, अहमदाबाद – ३८०००७
(079) 26582355

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતના જૈનતીર્થો

•

: લેખક :
વિમલકુમાર મોહનલાલ ધામી

•

: પ્રકાશક :
**નવયુગ પુસ્તક ભંડાર**
બુકસેલર્સ : : : પબ્લિશર્સ
નવા નાકા રોડ, ૧લે માળે,
રાજકોટ ૩૬૦ ૦૦૧ (સૌરાષ્ટ્ર)
ફોન : (૦૨૮૧) ૨૨૨૫૫૯૬

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

: પ્રકાશક :
નવિનચંદ્ર મોહનલાલ મહેતા
નવયુગ પુસ્તક ભંડાર
નવા નાકા રોડ, ૧લે માળે,
રાજકોટ - ૩૬૦ ૦૦૧ : (સૌરાષ્ટ્ર)

•

© વિમલકુમાર મોહનલાલ ધામી

•

પ્રથમ આવૃત્તિ
[૨૦૦૬]

•


કિંમત
રૂ. ૬૫-૦૦

•

: મુદ્રક :
**સર્વોદય ઑફસેટ**
૧૩, ગજાનંદ એસ્ટેટ,
જૂની માણેકચોક મિલ કંપાઉન્ડ, ઇદગા ચોકી પાસે,
પ્રેમદરવાજા બહાર, અમદાવાદ - ૩૮૦૦૧૬
ફોન નં. : ૨૨૧૭૪૫૧૯

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈનસંઘ-રાજકોટના પ્રમુખ
ડૉ. હરીષભાઈ મહેતા
તથા
મેનેજિંગ ટ્રસ્ટી
ડૉ. ભરતભાઈ મહેતાને
સપ્રેમ

વિમલકુમાર ધામી



For Private and Personal Use Only

# વિમલકુમાર મોહનલાલ ધામી રચિત પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| ૧. ગુજરાતના જૈનતીર્થો | ૬૫-૦૦ | ૨૭. સુદર્શના | ૪૪-૦૦ |
| ૨. સિદ્ધસેન દિવાકર | ૧૧૦-૦૦ | ૨૮. અચલકુમાર | ૩૯-૦૦ |
| ૩. શ્રી પાર્શ્વ પદ્માવતી | ૬૫-૦૦ | ૨૯. ધમ્મિલકુમાર | ૪૧-૦૦ |
| ૪. પુંડરિક ગણધર | ૮૦-૦૦ | ૩૦. પુણ્યના તેજ | ૪૩-૭૫ |
| ૫. વૈરના વાવેતર | ૮૦-૦૦ | ૩૧. શ્રીપાળ મયણાસુંદરી | ૪૧-૦૦ |
| ૬. વીશ સ્થાનકપદનો મહિમા | ૭૫-૦૦ | ૩૨. ભરતેશ્વર બાહુબલી | ૪૩-૦૦ |
| ૭. પ્રેરક જૈન કથાઓ | ૯૦-૦૦ | ૩૩. કયવન્ના શેઠ | ૩૩-૦૦ |
| ૮. કર્મની ગતિ ન્યારી | ૯૦-૦૦ | ૩૪. કર્મબંધન | ૨૪-૦૦ |
| ૯. શ્રી પાર્શ્વપ્રભુના પ્રાચીન તીર્થો | ૧૩૦-૦૦ | ૩૫. પુણ્યની પરીક્ષા | ૩૨-૦૦ |
| ૧૦. પૃથ્વીચંદ્ર ગુણસાગર | ૭૫-૦૦ | ૩૬. અભયકુમાર | ૩૭-૦૦ |
| ૧૧. પુણ્યશાળી પુણ્યધન | ૭૫-૦૦ | ૩૭. જંબુકુમાર | ૩૪-૦૦ |
| ૧૨. સિદ્ધગિરિ તોરી મહિમા | ૭૫-૦૦ | ૩૮. અમરકુમાર | ૩૦-૦૦ |
| ૧૩. રાજરાજેશ્વર કુમારપાળ | ૧૬૫-૦૦ | ૩૯. વસ્તુપાલ તેજપાલ | ૪૩-૦૦ |
| ૧૪. સતીઓના તેજ | ૧૦૦-૦૦ | ૪૦. ધન્ના શાલિભદ્ર | ૩૬-૦૦ |
| ૧૫. વીર વત્સરાજ | ૧૨૦-૦૦ | ૪૧. દાનવીર જગડુશાહ | ૩૬-૦૦ |
| ૧૬. વિધિના વિધાન | ૧૦૦-૦૦ | ૪૨. ઝાંઝણશાહ | ૨૫-૦૦ |
| ૧૭. સોળ મહાસતીઓ | ૧૦૦-૦૦ | ૪૩. મદનરેખા | ૨૫-૦૦ |
| ૧૮. ભક્તામર પ્રભાવ | ૧૫૦-૦૦ | ૪૪. બે ડગલાં આગળ | ૨૭-૫૦ |
| ૧૯. ઉદયભાણ વીરભાણ | ૧૨૫-૦૦ | ૪૫. અમર બલિદાન | ૨૩-૦૦ |
| ૨૦. ચોવીશ તીર્થંકર | ૧૨૫-૦૦ | ૪૬. વિધિના વર્તુળ | ૪૦-૦૦ |
| ૨૧. શ્રી માણિભદ્ર વીર | ૬૫-૦૦ | ૪૭. ચિત્રસેન પદ્માવતી | ૨૮-૦૦ |
| ૨૨. શંખેશ્વર તોરી મહિમા | ૬૦-૦૦ | ૪૮. સુખની ભ્રમણા | ૨૦-૦૦ |
| ૨૩. પગલે પગલે પરીક્ષા | ૮૦-૦૦ | ૪૯. નેમ રાજુલ | ૩૦-૦૦ |
| ૨૪. આનું નામ સંસાર | ૪૬-૦૦ | ૫૦. રૂપનંદિની | ૯-૦૦ |
| ૨૫. પુણિયો શ્રાવક | ૫૧-૦૦ | ૫૧. સાર આ સંસારનો | ૧૮-૦૦ |
| ૨૬. રત્નપાળ | ૪૫-૦૦ | | |

## સંગીતના પુસ્તકો

| | | |
|---|---|---|
| સરગમ | (૭૫ રાગોના પરિચય) (ત્રીજી આવૃત્તિ) | ૧૨૫-૦૦ |
| સૂર અને સ્વર | (૪૦ સંગીતકારોનાં જીવન ચરિત્રો) | ૨૪-૦૦ |
| સૂર સમાગમ | (૪૫ સંગીતકારોનાં જીવન ચરિત્રો) | ૨૬-૦૦ |
| સાજ સરગમ | (વિવિધ વાદ્યોના પરિચય) | ૨૨-૦૦ |
| તરાના | (ફિલ્મી સંસ્મરણો) | ૧૦૦-૦૦ |

**નવયુગ પુસ્તક ભંડાર : બુકસેલર્સ : પબ્લિશર્સ**

નવા નાકા રોડ, ૧લે માળે, રાજકોટ ૩૬૦ ૦૦૧ (સૌરાષ્ટ્ર)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અંતરના ઉદ્‌ગાર

ભારતભરમાં આજે પણ પ્રાચીન જિનાલયો ભવ્ય ભૂતકાળના દિવ્ય સંભારણાની માફક ઊભા છે. ભૌગોલિક પરિસ્થિતિ, આક્રમણ અને સ્થળાંતર જેવા કારણોથી અનેક જિનાલયો અદશ્ય થયા છે. પરંતુ તીર્થનું મહાત્મ્ય અને તેનો પ્રભાવ પ્રાચીન કાળથી જળવાઈ રહ્યો છે.

ગુજરાતમાં આજે જૈનધર્મનો પ્રચાર અને પ્રસાર સવિશેષ છે. પાટણ, અમદાવાદ જેવા શહેરોમાં એક સમયે ૨૦૦થી વધારે જિનાલયો હતા. એ સમયમાં શ્રી જિનભક્તિનો મહિમા સર્વત્ર ફેલાયેલો હતો. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના સમયમાં રાજરાજેશ્વર મહારાજા કુમારપાળે જૈનધર્મ અને અહિંસાનો બહોળો પ્રચાર કર્યો હતો. વસ્તુપાલ-તેજપાલ મંત્રીઓ, કચ્છમાં થયેલા દાનવીર જગડુશા વગેરે જૈનધર્મના ચુસ્ત આરાધકો હતા અને તેમણે જિનાલયોના નિર્માણ અને જીર્ણોદ્ધારના કામો કર્યાં હતાં.

ગુજરાતમાં પાલીતાણા ખાતે શાશ્વત તીર્થ શ્રી સિદ્ધગિરિ આવેલું છે તેમજ જૂનાગઢમાં શ્રી ગિરનારજી તીર્થ આવેલું છે. શ્રી શંખેશ્વર તીર્થ આજે જૈન-જૈનેતરોની શ્રદ્ધાનું પરમ ધામ બન્યું છે.

ગુજરાતમાં નવા નવા તીર્થો આકાર પામી રહ્યાં છે જેમાં શ્રી અયોધ્યાપુરમ તીર્થ (વલ્લભીપુર), વડોદરા પાસે શ્રી સુમેરૂ નવકાર તીર્થ, રાજકોટ-જામનગર હાઈવે પર શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ રાજકોટથી સાત કિલોમીટરના અંતરે આવેલું છે. સાવત્થી તીર્થધામ, કલિકુંડ તીર્થ વગેરે તીર્થધામો ભાવિકોની પ્રેરણાનું કેન્દ્ર બન્યા છે.

અહીં સંભવતઃ ગુજરાતના તમામ નવા-જૂના તીર્થોનું વર્ણન કરવામાં આવ્યું છે તેમજ જે-તે પેઢીના ફોન નંબર આપવાનો પ્રયાસ કર્યો છે. ફોન નંબરમાં બને ત્યાં સુધી ચોકસાઈ રાખી છે. મારા દરેક પુસ્તકોને આપનો પ્રેમ અને આદર મળ્યો છે તેવો જ પ્રેમ આ પુસ્તકને પણ મળશે તેવી મારી શ્રદ્ધા છે.

સંવત : ૨૦૬૨ : જન્માષ્ટમી

૩૮, કરણપરા, ધામી નિવાસ
કિશોરસિંહજી રોડ,
રાજકોટ-૧

**– વિમલકુમાર મોહનલાલ ધામી**



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# -: અનુક્રમ :-


| ક્રમ | | પૃષ્ઠ | ક્રમ | | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી સિદ્ધગિરિતીર્થ – પાલીતાણા | ૧ | ૨૭. | શ્રી કોઠારા તીર્થ | ૩૫ |
| ૨. | શ્રી શંખેશ્વર તીર્થ | ૪ | ૨૮. | શ્રી સુથરી તીર્થ | ૩૬ |
| ૩. | શ્રી ગિરનાર તીર્થ | ૬ | ૨૯. | શ્રી નલિયા તીર્થ | ૩૮ |
| ૪. | શ્રી ભદ્રેશ્વર તીર્થ | ૮ | ૩૦. | શ્રી જખૌ તીર્થ | ૩૮ |
| ૫. | શ્રી પાટણ તીર્થ | ૯ | ૩૧. | શ્રી તેરા તીર્થ | ૩૯ |
| ૬. | શ્રી ખંભાત તીર્થ | ૧૧ | ૩૨. | શ્રી બોંતેર જિનાલય તીર્થ | ૩૯ |
| ૭. | શ્રી ભરૂચ તીર્થ | ૧૫ | ૩૩. | કચ્છના અન્ય તીર્થો | ૪૦ |
| ૮. | શ્રી ચારૂપ તીર્થ | ૧૬ | ૩૪. | શ્રી જામનગર તીર્થ | ૪૧ |
| ૯. | શ્રી કદમ્બગિરિ તીર્થ | ૧૮ | ૩૫. | શ્રી હાલારધામ તીર્થ | ૪૨ |
| ૧૦. | શ્રી હસ્તગિરિ તીર્થ | ૧૮ | ૩૬. | શ્રી શિયાણી તીર્થ | ૪૨ |
| ૧૧. | શ્રી તળાજા તીર્થ | ૧૯ | ૩૭. | શ્રી વઢવાણ તીર્થ | ૪૩ |
| ૧૨. | શ્રી મહુવા તીર્થ | ૨૦ | ૩૮. | શ્રી સુરેન્દ્રનગર તીર્થ | ૪૩ |
| ૧૩. | શ્રી ઉના તીર્થ | ૨૦ | ૩૯. | શ્રી ઉપરિયાળા તીર્થ | ૪૩ |
| ૧૪. | શ્રી અજાહરા તીર્થ | ૨૨ | ૪૦. | શ્રી ઈડર તીર્થ | ૪૪ |
| ૧૫. | શ્રી દીવ તીર્થ | ૨૫ | ૪૧. | શ્રી મોટા પોસીના તીર્થ | ૪૫ |
| ૧૬. | શ્રી દેલવાડા તીર્થ | ૨૬ | ૪૨. | શ્રી નાના પોસીના તીર્થ | ૪૭ |
| ૧૭. | શ્રી ચંદ્રપ્રભાસ પાટણ તીર્થ | ૨૬ | ૪૩. | શ્રી ખેડબ્રહ્મા તીર્થ | ૪૮ |
| | | | ૪૪. | શ્રી વડાલી તીર્થ | ૪૯ |
| ૧૮. | શ્રી વંથલી તીર્થ | ૨૭ | ૪૫. | શ્રી પાલનપુર તીર્થ | ૪૯ |
| ૧૯. | શ્રી ચોરવાડ તીર્થ | ૨૮ | ૪૬. | શ્રી કુંભારિયાજી તીર્થ | ૫૨ |
| ૨૦. | શ્રી વેરાવળ તીર્થ | ૨૮ | ૪૭. | શ્રી ભીલડિયાજી તીર્થ | ૫૩ |
| ૨૧. | શ્રી ઘોઘાતીર્થ | ૨૯ | ૪૮. | શ્રી થરાદ તીર્થ | ૫૫ |
| ૨૨. | શ્રી દાઠાતીર્થ | ૩૧ | ૪૯. | શ્રી ભોરોલ તીર્થ | ૫૫ |
| ૨૩. | શ્રી વલ્લભીપુર તીર્થ | ૩૧ | ૫૦. | શ્રી વાવ તીર્થ | ૫૬ |
| ૨૪. | શ્રી અયોધ્યાપુરમતીર્થ | ૩૨ | ૫૧. | શ્રી ખીમા તીર્થ | ૫૬ |
| ૨૫. | શ્રી ભાવનગર તીર્થ | ૩૪ | ૫૨. | શ્રી જમણપુર તીર્થ | ૫૭ |
| ૨૬. | શ્રી શત્રુંજય ડેમ તીર્થ | ૩૫ | ૫૩. | શ્રી મેત્રાણા તીર્થ | ૫૭ |




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| ક્રમ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૫૪. | શ્રી મુંજપુર તીર્થ | ૫૮ |
| ૫૫. | શ્રી ચાણસ્મા તીર્થ | ૫૯ |
| ૫૬. | શ્રી કંબોઈ તીર્થ | ૬૭ |
| ૫૭. | શ્રી ગાંભૂતીર્થ | ૬૮ |
| ૫૮. | શ્રી તારંગાજી તીર્થ | ૭૦ |
| ૫૯. | શ્રી વાલમ તીર્થ | ૭૨ |
| ૬૦. | શ્રી મોઢેરા તીર્થ | ૭૨ |
| ૬૧. | શ્રી આગલોડ તીર્થ | ૭૩ |
| ૬૨. | શ્રી વિજાપુર તીર્થ | ૭૪ |
| ૬૩. | શ્રી મહેસાણા તીર્થ | ૭૫ |
| ૬૪. | શ્રી પાનસરતીર્થ | ૭૭ |
| ૬૫. | શ્રી શેરીસા તીર્થ | ૭૮ |
| ૬૬. | શ્રી મહુડી તીર્થ | ૮૧ |
| ૬૭. | શ્રી રાંતેજ તીર્થ | ૮૩ |
| ૬૮. | શ્રી વામજ તીર્થ | ૮૩ |
| ૬૯. | શ્રી બોરીજ તીર્થ | ૮૪ |
| ૭૦. | શ્રી કોબા તીર્થ | ૮૬ |
| ૭૧. | શ્રી મેરૂધામ તીર્થ | ૮૭ |
| ૭૨. | શ્રી ચંદ્રપ્રભલબ્ધિ ધામ | ૮૭ |
| ૭૩. | શ્રી નંદાસણ તીર્થ | ૮૮ |
| ૭૪. | શ્રી સાવત્થી તીર્થ | ૮૮ |
| ૭૫. | શ્રી ભોંયણી તીર્થ | ૮૯ |
| ૭૬. | શ્રી માતર તીર્થ | ૯૦ |
| ૭૭. | શ્રી વાલવોડ તીર્થ | ૯૦ |
| ૭૮. | શ્રી નંદીગ્રામ તીર્થ | ૯૧ |
| ૭૯. | શ્રી બગવાડા તીર્થ | ૯૧ |
| ૮૦. | શ્રી કલિકુંડ તીર્થ | ૯૧ |
| ૮૧. | શ્રી આલીપોર તીર્થ | ૯૪ |
| ૮૨. | શ્રી તીથલ તીર્થ | ૯૪ |
| ૮૩. | શ્રીતપોવનસંસ્કારધામ | ૯૪ |
| ૮૪. | શ્રી નવસારી તીર્થ | ૯૫ |

| ક્રમ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૮૫. | સુરતના પ્રાચીન જિનાલયો | ૯૬ |
| ૮૬. | શ્રી કાવી તીર્થ | ૯૯ |
| ૮૭. | શ્રી ગંધાર તીર્થ | ૯૯ |
| ૮૮. | શ્રી ઝઘડીયા તીર્થ | ૧૦૦ |
| ૮૯. | શ્રી નવગ્રહ આરાધના તીર્થ | ૧૦૦ |
| ૯૦. | શ્રી પારોલી તીર્થ | ૧૦૧ |
| ૯૧. | શ્રી પાવાગઢ તીર્થ | ૧૦૧ |
| ૯૨. | શ્રી બોડેલી તીર્થ | ૧૦૨ |
| ૯૩. | શ્રી ડભોઈ તીર્થ | ૧૦૩ |
| ૯૪. | શ્રી વણછરા તીર્થ | ૧૦૩ |
| ૯૫. | શ્રી ઓમકાર તીર્થ | ૧૦૪ |
| ૯૬. | શ્રી છાણી તીર્થ | ૧૦૪ |
| ૯૭. | શ્રી ઉઘરોજ તીર્થ | ૧૦૫ |
| ૯૮. | શ્રી મહાવીરપુરમ્ તીર્થ | ૧૦૫ |
| ૯૯. | રાજકોટમાં આવેલ જિનાલયો | ૧૦૬ |
| ૧૦૦. | શ્રી સુમેરૂ નવકાર તીર્થ | ૧૦૭ |
| ૧૦૧. | શ્રી વરણામા તીર્થ | ૧૦૮ |
| ૧૦૨. | શ્રી શંખેશ્વર તીર્થ (અણસ્તુ) | ૧૦૮ |
| ૧૦૩. | શ્રી શંખલપુર તીર્થ | ૧૦૯ |
| ૧૦૪. | શ્રી ડીસા તીર્થ | ૧૦૯ |
| ૧૦૫. | શ્રી કર્ણાવતી તીર્થ | ૧૦૯ |
| ૧૦૬. | શ્રી બરેજા તીર્થ | ૧૧૨ |
| ૧૦૭. | શ્રી ચોરવાડ તીર્થ | ૧૧૩ |
| ૧૦૮. | શ્રી નરોડા તીર્થ | ૧૧૪ |
| ૧૦૯. | શ્રી સિદ્ધપુર તીર્થ | ૧૧૪ |
| ૧૧૦. | શ્રી ભાણવડ તીર્થ | ૧૧૬ |
| ૧૧૧. | શ્રી નાગેશ્વર તીર્થ | ૧૧૭ |


રાજકોટ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતના જૈનતીર્થો
## (તીર્થ-પરિચય)

•

•

ગુજરાતમાં આવેલા પ્રાચીન અને અર્વાચીન જૈન તીર્થો યાત્રિકો માટે પ્રેરણાના ધામ સમા છે. દરેક જૈન તીર્થના યશોગાન કરાવતું પુસ્તક



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતના જૈન તીર્થો

ભારતવર્ષમાં જૈન ધર્મનો વિજયધ્વજ અતિ પ્રાચીનકાળથી લહેરાઈ રહ્યો છે. જૈનો વ્યવહારકુશળ, ધર્મવત્સલ અને કલાપ્રેમી રહ્યા છે. ભારતના ધર્મપ્રિય શ્રેષ્ઠીઓએ પ્રભુભક્તિ અર્થે ઠેરઠેર જિનાલયોનાં ભવ્ય નિર્માણો કરાવીને તેમાં શ્રી જિનેશ્વર ભગવંતો, દેવ-દેવીઓની દૈદિપ્યમાન, પરમ પ્રભાવક પ્રતિમાજીઓ બિરાજમાન કરાવી છે.

આજે પણ ભારતમાં પ્રાચીન તીર્થો ભવ્ય ભૂતકાળનાં દિવ્ય સંભારણાંની માફક ઊભાં છે. જોકે ભૌગોલિક પરિસ્થિતિ, આક્રમણ અને સ્થળાંતર જેવાં કારણોથી અનેક જિનાલયો અદૃશ્ય થયાં છે પરંતુ તીર્થનું માહાત્મ્ય અને તેનો પ્રભાવ પ્રાચીનકાળથી અકબંધ રહ્યો છે. આજે પણ નૂતન જૈન તીર્થોનાં નિર્માણ થઈ રહ્યાં છે, જે ભાવિકો માટે ધર્મપ્રેરણાનું મહામૂલું ધામ બની રહ્યાં છે.

અત્રે ભારતના વિવિધ પ્રાંતોમાં આવેલાં જૈન તીર્થોની સંક્ષિપ્ત માહિતી પ્રસ્તુત છે. પ્રથમ ગુજરાતમાં આવેલાં તીર્થોનું વર્ણન તથા જવા-આવવા, રહેવા માટેની માહિતી પ્રસ્તુત છે.

## ૧: શ્રી સિદ્ધગિરિતીર્થ – પાલીતાણા

શ્રી સિદ્ધગિરિ સૌરાષ્ટ્રનું દિવ્ય ઘરેણું છે. આ તીર્થ પાલીતાણામાં આવેલું છે. ભાવનગરથી ૪૮ કિ.મી. અને શિહોરથી ૨૯ કિ.મી.ના અંતરે આવેલું છે. રાજકોટ-ભાવનગર જતાં સોનગઢ ગામેથી પાલીતાણા જવાનો રસ્તો જાય છે. સોનગઢથી ૨૩ કિ.મી.નું અંતર છે. પાલીતાણામાં અનેક ધર્મશાળાઓ તથા ભોજનશાળાઓ આવેલી છે. વર્તમાન ચોવીશીમાં ૨૩ તીર્થંકર ભગવંતોએ અહીં પદાર્પણ કરેલ છે. આ તીર્થને પ્રાયઃ શાશ્વત તીર્થ માનવામાં આવે છે.

શ્રી સિદ્ધગિરિના અનેક નામો છે. સિદ્ધાચલ, વિમલાચલ, શ્રી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શત્રુંજયગિરિ વગેરે નામો લોકપ્રિય છે. કષાય અને વિષયવાસના જેવા શત્રુઓ પર વિજય મેળવી આપતું મહાતીર્થ એટલે શત્રુંજય. અંતરમાં રમતા દુષ્ટ વિચારો, દુઃભાવનાઓ આ તીર્થના દર્શન માત્રથી નષ્ટ થઈ જાય છે. સમગ્ર તીર્થોના અધિપતિ તરીકે શ્રી સિદ્ધગિરિવરની ગણના થાય છે. આથી સિદ્ધાચલને તીર્થાધિરાજ કહેવાય છે.

કવિ શુભવીરે શ્રી શત્રુંજય તીર્થનો મહિમા ગાયો છે.

**સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગિરનાર**
**શત્રુંજી નદી નાહ્યો નહિ, એનો એળે ગયો અવતાર.**

શ્રી શત્રુંજયગિરિ પર વર્તમાન ચોવીશીના પ્રથમ તીર્થંકર ભગવંત શ્રી આદીશ્વર ભગવાન નિયમિત પદાર્પણ કરતા અને ડુંગર ઉપરના રાયણ વૃક્ષ નીચે તપ-આરાધના પણ કરેલ છે. ભગવાન શ્રી આદિનાથપ્રભુ પૂર્વ નવ્વાણું વખત સિદ્ધાચલ ગિરિરાજ ઉપર પધાર્યા હતા. એટલે આજે પણ નવ્વાણું યાત્રાનો મહિમા વિસ્તરેલો છે.

## તીર્થના ૧૬ ઉદ્ધાર

વર્તમાન અવસર્પિણી કાળમાં થયેલા ૧૬ ઉદ્ધાર આ પ્રમાણે છે. (૧) શ્રી શત્રુંજય તીર્થનો પ્રથમ ઉદ્ધાર શ્રી આદિનાથપ્રભુના પુત્ર ભરત ચક્રવર્તી દ્વારા થયો હતો, (૨) શ્રી દંડવીર્ય નામના મહારાજા દ્વારા બીજો ઉદ્ધાર થયો હતો, (૩) પહેલા અને બીજા તીર્થંકરોની વચ્ચેના સમયમાં શ્રી ઈશનેન્દ્ર દ્વારા, (૪) શ્રી મહેન્દ્ર ઈન્દ્ર દ્વારા, (૫) પાંચમા દેવલોકના ઈન્દ્ર દ્વારા, (૬) શ્રી ચમરેન્દ્ર દ્વારા, (૭) શ્રી અજિતનાથ ભગવાનના સમયમાં સગર ચક્રવર્તી દ્વારા, (૮) શ્રી અભિનંદન સ્વામી ભગવાનના સમયમાં શ્રી વ્યંતરેન્દ્ર દ્વારા, (૯) શ્રી ચંદ્રપ્રભુ ભગવાનના સમયમાં શ્રી ચંદ્રયશા રાજા દ્વારા, (૧૦) શ્રી શાંતિનાથ પ્રભુના પુત્ર શ્રી ચક્રાયુધ દ્વારા (૧૧) શ્રી મુનિસુવ્રત સ્વામીના સમયમાં શ્રી રામચંદ્રજી દ્વારા, (૧૨) શ્રી નેમિનાથ ભગવાનના સમયમાં પાંડવો દ્વારા, (૧૩) વિ.સં. ૧૦૮માં મહુવા (મધુમતી)ના જાવડશાહ દ્વારા, (૧૪) વિ.સં. ૧૨૧૩માં શ્રી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુમારપાળ રાજાના મંત્રી શ્રી બાહડ દ્વારા, (૧૫) વિ.સ. ૧૩૭૧માં શ્રી સમરાશાહ દ્વારા તથા (૧૬) વિ.સં. ૧૫૮૭માં ચિત્તોડ નિવાસી શ્રી કરમાશાહ દ્વારા (આ પરિવારના વંશજો આજે પણ વિદ્યમાન છે.)

અવસર્પિણી કાળમાં અર્થાત્ છઠ્ઠા આરામાં છેલ્લો ઉદ્ધાર આચાર્ય શ્રી દુ:પ્પહસૂરિજીના ઉપદેશથી મહારાજા વિમલવાહન કરાવશે. શ્રી સિદ્ધગિરિનો મહિમા ગાતાં જ્ઞાનીઓ થાકતા નથી. આ ભૂમિ સિદ્ધભૂમિ છે. સિદ્ધક્ષેત્ર છે. આ પુણ્યભૂમિની માત્ર સ્પર્શના કરતાં આત્મા મહાભાગ્યશાળી અને પુણ્યશાળી બને છે.

## તીર્થની દિવ્યતા

શ્રી શત્રુંજય ગિરિવર પર ચઢતાં પહેલાં જયતળેટી આવે છે. યાત્રિકો તળેટીમાં ભાવવંદના અને ચૈત્યવંદન કરે છે. અહીં અજિતનાથજીના, ગુરુ ગૌતમસ્વામી, શ્રી શાંતિનાથજીનાં પગલાં છે. આગળ વધતાં શ્રી ધર્મનાથ, કુંથુનાથ અને નેમિનાથનાં પગલાં છે.

સરસ્વતી મંદિર, બાબુનું દેરાસર, જલમંદિર, રત્નમંદિર, સમવસરણ મંદિર, ધોળી પરબ, ભરત ચક્રવર્તીનાં પગલાં, ઈચ્છા કુંડ, થોડા આગળ વધતાં શ્રી ઋષભદેવ, નેમિનાથ અને વરદત્ત ગણધરનાં પગલાં છે.

આગળ વધતાં કુમારકુંડ, હિંગલાજનો હડો, કલિકુંડ પાર્શ્વનાથનાં પગલાં, છાલાકુંડ, શ્રી પૂજ્યની કુંડ-પાર્શ્વ પદ્માવતી માતાજીની દિવ્ય પ્રતિમાજીનાં દર્શન થઈ શકે છે. આગળ જતાં દ્રાવિડ, વારિખિલ્લજી, અઈમુત્તા અને નારદજીની મૂર્તિઓ, હીરાબાઈનો કુંડ, ભુખણદાસનો કુંડ, આગળ વધતાં જમણી તરફ રામ, ભરત, થાવચ્ચા પુત્ર, શુકાચાર્ય, શૈલકાચાર્યની મૂર્તિઓ, સુકોશલ મુનિનાં પગલાં, હનુમાનદ્વાર, જાલી, મયાલી અને ઉવયાલીની મૂર્તિઓ, રામપોળ આવે છે. ત્યાંથી આગળ વધતાં જમણી તરફ પાંચ શિખરોનું જિનાલય, બાજુમાં મોતીશા શેઠની ટૂક, કુંતાસર કુંડ, ઘેટી પાગનો માર્ગ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સગાલપોળ, વાઘણપોળ, શ્રી શાંતિનાથજીનું જિનાલય, માતા ચક્રેશ્વરી દેવીની દેરી, નેમિનાથ ચોરીનું મંદિર, પુણ્યપાપની બારી, સૂરજકુંડ વગેરે, જમણી બાજુ કેશવજી નાયકની ટૂંક છે.

કેશવજી નાયકની ટૂંકમાં અનેક દિવ્ય સ્થાનો આવેલાં છે. આગળ જતાં હાથીપોળ, રતનપોળ આવે છે. થોડાં પગથિયાં ચડવામાં આવે ત્યાં જ દાદાનો દરબાર જોવા મળે છે. રાયણવૃક્ષ, રાયણપગલાં, પુંડરિક ગણધરનું મંદિર, આદિનાથપ્રભુનું જિનાલય આવેલું છે.

છ ગાઉની યાત્રામાં આવતાં સ્થાનોમાં દેવકીના છ પુત્રોની દેરી, ઉલ્કાજળ પોલાણ, અજિતનાથ-શાંતિનાથ પ્રભુની દેરી, ચંદન તલાવડી, સિદ્ધશિલા, ભાડવાનો ડુંગર, સિદ્ધવડ વગેરે સહિત અન્ય દિવ્ય સ્થાનો આવેલાં છે. માનવીએ જીવનમાં એક વાર તો શ્રી શત્રુંજય ગિરિવરની યાત્રા તો અવશ્ય કરવી જોઈએ. (વિશેષ માહિતી માટે લેખકનું પુસ્તક 'સિદ્ધગિરિ તોરી મહિમા' વાંચો.)

## ૨ : શ્રી શંખેશ્વર તીર્થ

આજે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થનો મહિમા દિન-પ્રતિદિન વધતો જાય છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાના દિવ્ય પ્રભાવ અંગે આચાર્ય ભગવંતોએ શાસ્ત્રોમાં ઉલ્લેખ કર્યા છે. અનેક મહાપુરુષોએ આ તીર્થનાં ગુણગાન મુક્તમને કર્યાં છે.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું મુખ્ય તીર્થ શંખેશ્વર છે. એ સિવાય અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભરૂચ, સુરત, પાલીતાણા સહિત અનેક સ્થળોએ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમાજીઓ જિનાલયોમાં પ્રતિષ્ઠિત કરાઈ છે.

શંખેશ્વરમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું મૂળ જિનાલય ઉપરાંત ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રાસાદ, આગમ મંદિર તેમ જ પાવાપુરીધામ સહિતનાં દર્શનીય જિનાલયો અહીં આવેલા છે.

અમદાવાદથી શંખેશ્વર તીર્થ ૧૨૦ કિ.મી., વીરમગામથી ૭૦

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કિ.મી.ના અંતરે, પાલીતાણાથી ૨૮૦, ભુજથી ૨૯૦, જૂનાગઢથી ૩૪૨, પાલનપુરથી ૧૨૦ કિ.મી., સુરેન્દ્રનગરથી ૧૧૬, વડોદરાથી ૨૪૦ અને રાજકોટથી ૨૪૦ કિ.મી.ના અંતરે શંખેશ્વર તીર્થ આવેલું છે. શ્રી શંખેશ્વર તીર્થનો વહીવટ શેઠ જીવણદાસ ગોડીદાસની પેઢી કરે છે. અહીં ભોજનશાળા, ધર્મશાળાઓની સગવડો ઉત્તમ છે. આ તીર્થની આસપાસ મુંજપુર, માંડલ, ઉમરિયાળા, રાધનપુર, ભીલડિયાજી, રાંતેજ, શંખલપુર, ભોંયણી, કંબોઈ વગેરે તીર્થો આવેલાં છે.

જૈન ગ્રંથોના ઉલ્લેખ અનુસાર પ્રાચીનકાળમાં અષાઢી શ્રાવકે ચારૂપ, સ્તંભનપુર અને શ્રી શંખેશ્વરમાં જિન પ્રતિમાજીઓ બિરાજમાન કરાવી હતી. શ્રીકૃષ્ણ અને જરાસંધ વચ્ચેના યુદ્ધ વખતે આ પ્રભુ પ્રતિમાજીના ન્હાવણજળનાં છાંટણાં કરવાથી જરાવિદ્યા નષ્ટ પામી હતી. આ તીર્થ અત્યંત પ્રાચીન છે. (લેખકનું પુસ્તક 'શંખેશ્વર તોરી મહિમા'માં સંપૂર્ણ ઇતિહાસ અપાયો છે.)

● શંખેશ્વર તીર્થ-શ્રી જીવણદાસ ગોડીદાસની પેઢીનો ફોન નં. (૦૨૭૩૩) ૨૭૩૫૧૪, ૨૭૩૩૨૪ છે.

શંખેશ્વર તીર્થનો એસ.ટી.ડી.કોડ (૦૨૭૩૩) છે. જૈન ભોજનશાળાનો ટે.ફોન નં. ૨૭૩૩૩૧, શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રાસાદ – પેઢી ૨૭૩૩૨૫, કે.પી. ટ્રસ્ટ ધર્મશાળા – ૨૭૩૨૦૧, ૨૭૩૨૨૪, કચ્છી ભુવન – ૨૭૩૩૬૩, ૨૭૩૫૧૫, આગમ મંદિર – ૨૭૩૩૩૫, હાલારી ધર્મશાળા – ૨૭૩૩૧૦, સમરી વિહાર – ૨૭૩૩૨૯, પાલનપુર ધર્મશાળા – ૨૭૩૩૪૨, નવકાર ધર્મશાળા – ૨૭૩૩૫૭, યાત્રિકભવન ધર્મશાળા – ૨૭૩૩૪૪, પદ્માવતી મંદિર – ૨૭૩૨૯૯, રાધનપુર ધર્મશાળા – ૨૭૩૩૧૫, રાજેન્દ્રસૂરિ (દાદાવાડી) – ૨૭૩૪૨૬, જીવનકુશલ દાદાવાડી – ૨૭૩૫૦૫, પુરબાઈ વાગડવાળી ધર્મશાળા – ૨૭૩૩૯૧, ૨૭૩૮૪૪ તથા પાર્શ્વચંદ્રસૂરિ દાદાવાડીનો – ૨૭૩૩૯૫ ફોનનંબર છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૩ : શ્રી ગિરનાર તીર્થ

સૌરાષ્ટ્રમાં જૂનાગઢ શહેરની પાસે આવેલા લગભગ ૩૫૦૦ ફૂટ ઊંચા પર્વત ગિરનાર પર શ્રી નેમિનાથ ભગવાનનું (મૂળનાયક) શ્વેતાંબર અને દિગંબર જિનાલય આવેલું છે. આ ભવ્ય તીર્થ પ્રાચીન અને અતિ મહત્ત્વનું છે. કારણ કે આગામી ચોવીશીના વીસ તીર્થંકર ભગવંતો ગિરનાર તીર્થ પરથી મોક્ષપદના સ્વામી થનારા છે. વર્તમાન ચોવીશીના બાવીસમા તીર્થંકર ભગવંત શ્રી નેમિનાથ પ્રભુ અહીં દીક્ષા ગ્રહણ કરી, સાધના કરીને કેવળજ્ઞાન પામ્યા, બાદમાં મોક્ષપદ પામ્યા હતા.

એક માન્યતા અનુસાર શ્વેતાંબર જિનાલયમાં બિરાજમાન શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમાજી ગઈ ચોવીશીના તીર્થંકર ભગવંત શ્રી સાગર પ્રભુના ઉપદેશથી પાંચમા દેવલોકના ઈન્દ્ર મહારાજે ઘડાવી હતી. આ પ્રતિમાજી ભગવાન નેમિનાથના સમય સુધી ઈન્દ્રલોકમાં પૂજાઈ હતી. ત્યાર બાદ શ્રીકૃષ્ણને પ્રાપ્ત થઈ. જ્યારે દ્વારકાનગરી ભસ્મ થઈ ત્યાર પછી વર્ષો બાદ રત્નાશાહ નામના શ્રાવકને પુણ્યયોગે તપશ્ચર્યા અને અનન્ય ભક્તિના કારણે શ્રી અંબિકાદેવી (જેમણે આ પ્રતિમાજીને સુરક્ષિત રાખ્યાં હતાં)એ પ્રસન્ન થઈ રત્નાશાહ શ્રાવકને આપી અને પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવી. ગિરનાર તીર્થ ઉપરથી અનેક મુનિભગવંતો તથા શ્રાવકો તપઆરાધના કરીને મોક્ષપદના સ્વામી બન્યા છે.

શ્રી ગિરનાર તીર્થ – પહાડનું ચઢાણ મુશ્કેલીભર્યું છે. તળેટીથી પહેલી ટૂંક લગભગ ત્રણથી સવાત્રણ કિ.મી.ના અંતરે અને લગભગ ૪૨૦૦ પગથિયાં પસાર કર્યા પછી આવે છે. ગામથી તળેટી ૬ કિ.મી.ના અંતરે છે. પ્રથમ ટૂંકથી પાંચમી ટૂંકનું અંતર ત્રણ કિ.મી.નું છે. આ યાત્રા વધારે કઠિન છે.

શ્રી નેમિનાથ ભગવાનની પ્રથમ ટૂંક મુખ્ય છે. જેમાં નાની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાની બીજી ટૂંકો છે. લગભગ ૪૨૦૦ જેટલાં પગથિયાં ચઢતાં શ્રી નેમિનાથ પ્રભુની મુખ્ય ટૂંકના કોટનો દરવાજો આવે છે. અહીં આવેલું શ્રી નેમિનાથ પ્રભુનું ભવ્ય જિનાલય ૧૯૦' × ૧૩૦'ના વિશાળ ચોકમાં છે. રાણકદેવીના પથ્થર પાસે અડધો રસ્તો થાય છે. અહીં શ્રી નેમિનાથ પ્રભુના જિનાલયના નિર્માણ બાદ અનેક શ્રેષ્ઠીઓ દ્વારા જીર્ણોદ્ધાર થયા છે. જિનાલયની સામે આવેલ માનસંગ ભોજરાજની ટૂંકમાં શ્રી સંભવનાથ પ્રભુ બિરાજમાન છે. જ્યારે મેલકવસહી ટૂંકમાં શ્રી સહસ્રફણા પાર્શ્વપ્રભુ મૂળનાયક રૂપે બિરાજે છે. મહારાજા સિદ્ધરાજ જયસિંહના મહામંત્રી સજ્જનમંત્રીએ આ ટૂંકનું નિર્માણ કરાવ્યાનું કહેવાય છે. આગળ જતાં સોની અમરસિંહ તથા માલદેવ દ્વારા નિર્મિત ટૂંક આવે છે જ્યાં શ્રી આ આદીશ્વર ભગવાનની વિશાળ પ્રતિમાજી છે. આ પછીની ટૂંકનું મુખ્ય મંદિર બે માળનું છે. સંગ્રામ સોનીની ટૂંકમાં શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ પ્રભુ બિરાજે છે. રાજરાજેશ્વર મહારાજા કુમારપાળ નિર્મિત ટૂંકમાં શ્રી અભિનંદન સ્વામી પ્રભુ છે. ત્યારબાદ ભીમકુંડ તથા ગજપદ કુંડ આવે છે. આગળ જતાં વસ્તુપાળ-તેજપાળ મંત્રી દ્વારા નિર્મિત ટૂંકમાં ત્રણ દેરાસરો છે. અહીં સ્તંભન પાર્શ્વનાથ, શ્રી ઋષભદેવ તથા શ્રી મહાવીરસ્વામીનાં દેરાસરો છે. ત્યાર બાદ મહારાજા સંપ્રતિની ટૂંક આવે છે. આ દેરાસર વિશાળ અને પ્રાચીન છે. અહીં શ્રી નેમિનાથ પ્રભુ બિરાજે છે. ત્યાર પછી ચૌમુખજી શ્રી સંભવનાથ પ્રભુની ટૂંક, સાનવાવડી, ધર્મશી હેમચંદ્રની ટૂંક, શ્રી મલ્લની ટૂંક, સતી રાજુલમતીની ગુફા, બીજી ચૌમુખજીની ટૂંક, ચોરીવાળાનું જિનાલય, ગૌમુખી ગંગા તથા ચોવીશ શ્રી જિનેશ્વર ભગવંતોની ચરણપાદુકાઓ છે.

આ ઉપરાંત દિગંબર જૈન મંદિર, પાર્શ્વનાથ પ્રભુ તથા બાહુબલી વગેરેનાં દેરાસરો છે. ગૌમુખી ગંગાની આગળ એક રસ્તો સહસ્રાવન તરફ જાય છે. હાલમાં સહસ્રાવનમાં વિકાસ થયો છે. સ્વ.આ. ભગવંત હિમાંશુ સૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી સહસ્રાવન તીર્થનો વિકાસ થયો છે. સહસ્રાવન તે શ્રી નેમિનાથ પ્રભુની દીક્ષા અને કેવળજ્ઞાન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલ્યાણકની દિવ્યભૂમિ છે.

પહેલી ટૂંકમાં આવેલ મુખ્ય જિનાલયની ફરતી ભમતીમાં શ્રી મહાવીરસ્વામીની પ્રતિમાજી છે. તેમજ શ્રી અમીઝરા પાર્શ્વનાથ પ્રભુની પ્રાચીન પ્રતિમા છે. બાજુમાં મેલકવસહી જિનાલયમાં શ્રી અષ્ટાપદ તીર્થની રચના છે. ઉપરાંત શ્રી સંપ્રતિ મહારાજાના સમયની એક શ્રી મહાવીરસ્વામીની પ્રાચીન પ્રતિમાજી છે. પાંચમી ટૂંક નજીક નિર્વાણભૂમિ છે. ગૌમુખી ગંગાની નજીક શ્રી નેમિનાથ પ્રભુના ભાઈ રહેનેમિનું જિનાલય છે. આગળ જતાં બીજી મુખ્ય ટૂંકમાં વસ્તુપાળ-તેજપાળ નિર્મિત શ્રી અંબાજી દેવીનું મંદિર છે. શ્રી નેમિનાથ પ્રભુનાં શ્રી અંબિકા દેવી અધિષ્ઠાયિકા દેવી છે. અહીં ઓઘડ શિખર પર શ્રી નેમિનાથ પ્રભુની ચરણપાદુકા છે. ગાઢ વન્યપ્રદેશ ધરાવતાં ઊંચા શિખર ઉપર ભગવાન શ્રી નેમિનાથ અને ગણધર વરદત્ત મુનિની ચરણ પાદુકાઓ છે. અહીંથી એક માર્ગ સહસ્રાવન તરફ જાય છે. તેમજ સહસ્રાવનથી તળેટી પર જવાનો પણ માર્ગ છે.

શ્રી ગિરનારજી તીર્થ – શ્રી દેવચંદ્ર લક્ષ્મીચંદ્ર ટ્રસ્ટ, ઉપરકોટ રોડ, જગમાલ ચોક, બાબુનો વંડો, જૈન ધર્મશાળા – જૂનાગઢ – ૩૬૨૦૦૧ (સૌરાષ્ટ્ર) ફોન નં. (૦૨૮૫) ૨૬૫૦૧૭૯ (પેઢી) ૨૬૨૦૦૫૯ તથા શેઠિયાની ધર્મશાળાનો ફોન નં. ૨૨૨૦૦૫૯ છે. અહીંથી નજીકનું તીર્થ વંથલી ૧૫ કિ.મી.ના અંતરે છે. જૂનાગઢમાં અનેક દર્શનીય સ્થાનો છે.

## ૪ : શ્રી ભદ્રેશ્વર તીર્થ

શ્રી ભદ્રેશ્વર તીર્થ અત્યંત પ્રાચીન તીર્થધામ છે. ગાંધીધામ (કચ્છ)થી આ તીર્થ લગભગ ૩૫ કિ.મી.ના અંતરે આવેલું છે. આ તીર્થ મુંદ્રા (કચ્છ)થી ૨૭ અને ભુજથી ૮૦ કિ.મી.ના અંતરે આવેલું છે. અહીં રહેવા માટે ઉત્તમ ધર્મશાળા તથા જમવા માટે શ્રેષ્ઠ ભોજનશાળા છે. ભદ્રેશ્વરવસહી તરીકે પણ તીર્થ ઓળખાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાનવીર જગડૂશાહનો જન્મ ભદ્રેશ્વરમાં વિ.સં.૧૪મી સદીમાં થયો હતો.

શ્રી ભદ્રેશ્વર તીર્થ અત્યંત પ્રાચીન તીર્થ છે. આ તીર્થમાં મૂળ નાયક તરીકે શ્રી મહાવીરસ્વામી પ્રભુની પ્રતિમાજી બિરાજમાન છે. વિ.સં. ૧૯૮૨-૧૯૮૮ની મધ્યમાં શેઠ શ્રી વર્ધમાને આ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવી શ્રી મહાવીરસ્વામીની પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરાવી હતી. તે પહેલાંના પ્રાચીન સમયમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી મૂળનાયક રૂપે બિરાજમાન હતી. આ પ્રતિમાજી આજે પણ દેરાસરની ભમતીમાં બિરાજમાન છે.

આ તીર્થનું નિર્માણ લગભગ ૨૪૦૦ વર્ષ પૂર્વે અર્થાત્ પ્રભુ વીરના નિર્વાણ બાદ લગભગ ૪૫ વર્ષ બાદ થયેલું છે. આ જિનાલય અત્યંત દર્શનીય અને કલાત્મક કારીગરીથી સુશોભિત છે.

શ્રી ભદ્રેશ્વર તીર્થ – શ્રી વર્ધમાન કલ્યાણજી ટ્રસ્ટ, વસઈ જૈન તીર્થ, મહાવીરનગર, મુ.પો. ભદ્રેશ્વર – ૩૭૦૪૧૧ તા.મુંદ્રા (જિ. કચ્છ) ફોન નં. (૦૨૮૩૮) ૨૮૨૩૬૧/૨૮૨૩૬૨. નજીકમાં આવેલાં તીર્થોમાં ૩૫ કિ.મી.ના અંતરે ગાંધીધામ, મુંદ્રા ૨૭, ભુજ-૮૦ કિ.મી. તથા વાંકી તીર્થ ૩૦ કિ.મી.ના અંતરે આવેલું છે.

## ૫ : શ્રી પાટણ તીર્થ

ઉત્તર ગુજરાતમાં આવેલ પાટણ (સિદ્ધપુર)નગરનો ઈતિહાસ વિ.સં.૮૦૨ વર્ષ પૂર્વે શરૂ થાય છે. વિ.સ. ૮૦૨માં વીર વનરાજ ચાવડાએ પાટણ નગરી વસાવી. નાગેન્દ્રગચ્છના આચાર્ય શ્રી શીલગુણસૂરિએ વનરાજને બાળપણમાં સંસ્કારનાં બીજ રોપ્યાં હતાં. વનરાજને પોતાના જીવનને સમૃદ્ધ બનાવનારા ગુરુદેવ આ શ્રી શીલગુણસૂરિના ઉપકારોની સ્મૃતિ થઈ આવી અને તેણે આચાર્ય ભગવંતના ચરણમાં રાજ્ય ધરી દીધું. પરંતુ આત્મકલ્યાણના માર્ગનો વરેલા સાધુસંતોને સંસારની સમૃધ્ધિ તુચ્છ ભાસે. આથી વનરાજે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાટણની સ્થાપના બાદ થોડા સમયમાં એક ભવ્ય જિનાલયનું નિર્માણ કરાવ્યું અને તેમાં પંચાસરથી શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી લાવીને પ્રતિષ્ઠિત કરાવી. પંચાસર વનરાજના પિતા જયશિખરીની રાજ્યભૂમિ હતી. તેથી ત્યાંથી આવેલા આ પાર્શ્વનાથ 'શ્રી પંચાસરા પાર્શ્વનાથ'થી પ્રસિદ્ધ થયા. વનરાજે આ જિનાલયમાં પોતાની આરાધક મૂર્તિ પણ બેસાડી.

આ જિનાલય નવમી સદીના આરંભમાં નિર્માણ પામ્યું હતું. આથી ગુજરાતનાં પ્રાચીનતમ જિનાલયોમાંનું એક ગણવામાં આવે છે. વનરાજ પછીના રાજવીઓ, મંત્રીઓએ પાટણને જિનાલયોની નગરી બનાવી દીધી. શ્રી પંચાસર પાર્શ્વનાથનું જિનાલય વનરાજ ચાવડાએ બંધાવેલું તેથી 'વનરાજ વિહાર'ના નામથી જાણીતું થયું. આ જિનાલયનો તેરમી સદીમાં આસાક મંત્રીએ જીર્ણોદ્ધાર કરાવ્યો. પિતાના આ કાર્યની યાદગીરી રૂપે તેના પુત્ર અરસિંહે સં.૧૩૦૧માં પોતાના પિતાની મૂર્તિ આ જિનાલયમાં મૂકી. જયદેવસિંહ અને કુમારપાળના મંત્રી પૃથ્વીપાલે પોતાનાં માતા-પિતાના સ્મરણાર્થે આ જિનાલયમાં મંડપની રચના કરાવી. વસ્તુપાળ મંત્રીએ આ જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. એક ઈતિહાસ પ્રમાણે વિ.સં.૧૬૦૦માં અહીં ૧૦૧ વિશાળ અને ૯૯ નાનાં જિનાલયો હતાં. હજારો પ્રતિમાજીઓ હતી. જેમાં ૩૮ પ્રતિમાઓ રત્નોની હતી. વિ.સં.૧૭૦૦માં મોટાં ૯૫ અને નાનાં દેરાસરો ૫૦૦ હતાં. ત્યાર બાદ અલ્લાઉદ્દીન ખીલજીએ ઘણું જ નુકસાન કરેલું હતું.

હાલમાં પાટણ નગરીમાં ૮૪ મોટાં અને ૧૩૪ નાનાં દેરાસરો છે. પાટણ શૂરતા, સત્યતા, પવિત્રતા અને સાહસિકતા માટે પ્રખ્યાત છે. જૈન સાહિત્ય, કલા અને સંસ્કૃતિના અખૂટ ભંડાર જેવા આ શહેરમાંથી સેંકડો વીરપુરુષો, આચાર્યો, શ્રેષ્ઠીઓ તથા શ્રાવકોએ વિશ્વભરમાં પાટણને મશહૂર કર્યું છે.

પાટણમાં શ્રી ધીયા પાર્શ્વનાથજીનું જિનાલય, શ્રી ચંપા પાર્શ્વનાથજીનું જિનાલય, શ્રી કંકણ પાર્શ્વનાથજીનું જિનાલય, શ્રી ટાંકલા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાર્શ્વનાથજીનું જિનાલય, શ્રી ધિંગડમલ્લ પાર્શ્વનાથ, શ્રી મહાદેવા પાર્શ્વનાથ, શ્રી વાડી પાર્શ્વનાથ, શ્રી કોકા પાર્શ્વનાથ, શ્રી કંબોઈયા પાર્શ્વનાથ પ્રભુનાં પ્રાચીન જિનાલયો આવેલાં છે. દરેકનો ઈતિહાસ અલૌકિક છે. આ સિવાય પાટણમાં દર્શનીય સ્થાનો જેવાં કે રાણકી વાવ, સહસ્રલિંગ તળાવ, જૈન સાહિત્યનો ભંડાર વગેરે આવેલાં છે.

શ્રી પાટણ તીર્થ :- શ્રી પંચાસરા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ, શ્રી હેમચંદ્રાચાર્ય રોડ, બી.એમ. સ્કૂલ પાસે, મુ.પો. પાટણ (જિ.પાટણ), ફોન નં. (૦૨૭૬૬) ૨૨૨૨૭૮, ૨૨૦૨૫૯ છે. નજીકમાં ચારૂપ ૮ કિ.મી.ના અંતરે, મેત્રાણા તીર્થ ૩૫ કિ.મી.ના અંતરે, મહેસાણા ૫૦ કિ.મી.ના અંતરે તથા શંખેશ્વર ૭૦ કિ.મી.ના અંતરે આવેલાં છે. પાટણમાં ધર્મશાળા અને ભોજનશાળાની ઉત્તમ સગવડો છે.

## ૬ : શ્રી ખંભાત તીર્થ

ખંભાત એક અતિ પ્રાચીન અને ભવ્ય તીર્થ છે. વર્ષો પૂર્વે ખંભાતની જાહોજલાલી પ્રખ્યાત શહેર તરીકેની હતી. અહીં શ્રી સ્તંભન પાર્શ્વનાથ પ્રભુનું પ્રાચીનતમ તીર્થ આવેલું છે.

શ્રી સ્તંભન પાર્શ્વનાથ પ્રભુનો ઈતિહાસ ભવ્ય છે. ગઈ ચોવીશીના શ્રી નેમિનાથ પ્રભુના શાસનમાં અષાઢી નામના શ્રાવકે અનાગત ચોવીશીના ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુની નીલમ રત્નની એક મનોહર મૂર્તિ પ્રતિષ્ઠિત કરી અને વર્ષો સુધી સેવાપૂજા અને ભક્તિ કરી. ત્યાર પછી સૌધર્મદેવે હજારો વર્ષો સુધી તેની પૂજા કરી. ત્યાર બાદ વરુણદેવે આ પ્રતિમાજીની પૂજા કરી. સમયાન્તરે આ પ્રતિમાજી નાગરાજની પાસે આવી અને પાતાળલોકમાં લઈ જઈને અન્ય દેવોની સાથે પૂજાઅર્ચના કરવા લાગ્યો.

વર્તમાન ચોવીસીના વીશમા તીર્થંકર ભગવંત શ્રી મુનિસુવ્રત સ્વામીના શાસનમાં રામચંદ્રજી રાવણ પાસેથી સીતાજીને પાછાં મેળવવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશાળ સેના સાથે સમુદ્રકિનારે પડાવ નાખીને રહ્યાં હતા. રામચંદ્રજીને વિરાટ સમુદ્ર કઈ રીતે ઓળંગવો તેની ચિંતા કોરી ખાતી હતી ત્યારે રામ-લક્ષ્મણે નજીકના વિસ્તારમાં એક ભવ્ય જિનાલય જોયું અને જિનાલયમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની અલૌકિક પ્રતિમા જોઈને રામ-લક્ષ્મણ આનંદવિભોર બની ઊઠ્યા. બન્નેએ સેવા-પૂજા અને પ્રભુની એકચિત્તે ભક્તિ કરી; ત્યાં નાગરાજ પ્રત્યક્ષ થયા અને તેમણે પ્રભાવકારી પ્રતિમાજીનો ભવ્ય ઇતિહાસ બન્નેને કહી સંભળાવ્યો. રામ અને લક્ષ્મણ બન્ને પુનઃ શ્રી પાર્શ્વનાથ પ્રભુને હૈયાના અનેરા ભાવથી વંદન કરીને જિનાલયની બહાર નીકળ્યા ત્યાં તેઓને સમુદ્ર સ્તંભિત થઈ ગયાના સમાચાર મળ્યા. પરમાત્માના આ પ્રત્યક્ષ પ્રભાવથી રામ-લક્ષ્મણને અતિહર્ષ થયો. એ વખતે રામચંદ્રજીએ આ પરમાત્માને 'શ્રી સ્તંભન પાર્શ્વનાથ'થી બિરદાવ્યા. સૌએ શ્રી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ઉજવ્યો.

સમયનો પ્રવાહ વહેતો રહ્યો. નવમા વાસુદેવ શ્રીકૃષ્ણ મહારાજા સમુદ્ર કિનારે છાવણી નાખીને કેટલાક દિવસો માટે રહ્યા હતા, ત્યારે ત્યાં તેમણે એક જિનલયમાં નીલમરત્નની સુમનોહર જિન પ્રતિમાજી જોઈ. એ વખતે નાગકુમારો પ્રભુ સમક્ષ ભક્તિનૃત્ય કરતા હતા. નાગકુમારોએ શ્રીકૃષ્ણને જોયા અને તેમણે શ્રીકૃષ્ણને પ્રતિમાજીનો ગૌરવવંતો ઇતિહાસ કહી સંભળાવ્યો.

શ્રીકૃષ્ણ મહારાજાની આગ્રહભરી વિનંતીથી નાગકુમારોએ આ દિવ્ય પ્રતિમાજી દ્વારિકા લઈ જવા માટે હા ભણી. દ્વારિકામાં આ પ્રતિમાજીને સુવર્ણ અને રત્નોથી જડિત જિનાલયમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી. વર્ષો વીતતાં ગયાં. એક દિવસ દ્વારિકા નગરી કુદરતના કોપનો ભોગ બની ત્યારે અધિષ્ઠાયક દેવની સૂચનાથી એક શ્રાવકે આ પ્રતિમાજીને સમુદ્રમાં પધરાવી. દ્વારિકા નગરી કુદરતી પ્રકોપમાં નાશ પામી, પરંતુ પ્રતિમાજી સાગરમાં સુરક્ષિત રહી. સાગરની અંદર તક્ષક નામના નાગેન્દ્ર દેવે આ પ્રતિમાજીની એંસી હજાર વર્ષ સુધી પૂજા-સ્તુતિ અને ભક્તિ કરી. એ પછી વરુણદેવે આ પ્રતિમાજીની ભક્તિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા માંડી. વરુણદેવે ચાર હજાર વર્ષ સુધી આ પ્રતિમાજીની સેવાપૂજા કરી.

એક દિવસ કાંતિપુરના સાર્થવાહ ધનશ્રેષ્ઠી વેપાર અર્થે વહાણો લઈને પરદેશ ગયા હતા. આગળ જતા મધદરિયે તેમના વહાણો થંભી ગયાં. ધનશ્રેષ્ઠીએ અથાગ પ્રયત્નો કર્યા, પરંતુ કોઈ ઉપાયો કારગત નીવડ્યા નહિ. નિરાશ થયેલા ધનશ્રેષ્ઠીએ આત્મવિલોપન કરવાનો વિચાર કર્યો અને એ માટે તેમણે તૈયારીઓ શરૂ કરી ત્યારે આકાશવાણી થઈ અને ધન સાર્થવાહને આત્મવિલોપન માટે રોક્યો. આકાશવાણી દ્વારા ધનશ્રેષ્ઠીને જાણવા મળ્યું કે સમુદ્રના પેટાળમાં દિવ્યતા ધરાવતી શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી છે તેના પ્રભાવથી જ આ આપત્તિ દૂર થશે, તેમ જ તે પ્રતિમાજીનો સમગ્ર ઇતિહાસ ધનશ્રેષ્ઠીએ આકાશવાણી દ્વારા જાણ્યો.

ધનશ્રેષ્ઠી દિવ્યવાણીથી પુલકિત થયા અને દૈવી સહાયથી તેમણે સમુદ્રના પેટાળમાંથી શ્રી પાર્શ્વપ્રભુની દિવ્ય પ્રતિમાજી બહાર આણી. પ્રતિમાજી જેવી બહાર આવી કે વહાણો ગતિમાન થયા. બધાં વહાણો કાંતિપુર હેમખેમ આવી પહોંચ્યાં. શ્રેષ્ઠીએ અનેરા ઉત્સવ સાથે પ્રતિમાજીનો ભવ્ય નગરપ્રવેશ કરાવીને એક દર્શનીય જિનાલયમાં બિરાજમાન કરાવી. આ પ્રતિમાજીની સાથે અન્ય બે પ્રતિમાજીઓ સમુદ્રમાંથી ધનશ્રેષ્ઠીને પ્રાપ્ત થયાં હતાં. તેમાંનાં એક શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમાજી ચારૂપ ગામમાં અને શ્રીપત્તનમાં શ્રી નેમિનાથ પ્રભુની પ્રતિમાજી આજે પણ વિદ્યમાન છે.

આમ ૨૦૦૦ વર્ષ સુધી કાંતિપુરના શ્રાવકોએ આ પ્રતિમાજીની હૈયાના ભાવ સાથે શ્રી પાર્શ્વપ્રભુની ભક્તિ કરી. વિક્રમના પહેલા સૈકામાં શ્રી પાદલિપ્તસૂરિના શિષ્ય બનેલા નાગાર્જુન નામના યોગીએ આ પ્રતિમાજીનું હરણ કરીને કોટિવેધ નામના રસની સિદ્ધિ આ પ્રતિમાજીના પ્રભાવથી પ્રાપ્ત કરી. કાર્યસિદ્ધિ બાદ નાગાર્જુને આ પ્રતિમાજીને સેઢી નદીના કિનારે ખાખરાના વૃક્ષ નીચે ભૂમિમાં ભંડારી દીધી, ત્યાં પણ દેવો દ્વારા આ પ્રતિમાજીની પૂજાભક્તિ થતી રહી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી જિનેશ્વરસૂરિજી મહારાજના શિષ્યરત્ન શ્રી અભયદેવ મુનિ માત્ર ૧૬ વર્ષની કુમારવયે સૂરિપદે પ્રતિષ્ઠિત થયા. કર્મના પ્રતાપે આ સૂરિદેવ કુષ્ઠરોગના ભોગ બન્યા. આ વ્યાધિ ધર્મનિંદાનું કારણ બનતાં સૂરિદેવને ભારે વ્યથા થઈ. ત્યારે શાસનદેવીએ સૂરિદેવને પ્રત્યક્ષ દર્શન આપ્યાં અને સાંત્વન આપ્યું. તેમજ જણાવ્યું કે સેઢી નદીના કિનારે ખાખરાના વૃક્ષની નીચેની ભૂમિમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની દિવ્ય પ્રતિમાજી છે. તે પ્રતિમાજી પ્રગટ કરવા જણાવ્યું. શાસનદેવીએ તે પ્રતિમાજીનો ઇતિહાસ જણાવ્યો તેમ જ નવ અંગોની ટીકા રચવા વિનંતી પણ કરી.

શાસનદેવીના કથન મુજબ શ્રી અભયદેવસૂરિ સંઘ સહિત સેઢી નદીના કિનારે આવ્યા. ત્યાં સૂરિદેવે ૩૨ શ્લોક પ્રમાણ જયતિહુઅણ સ્તોત્રની રચના કરી. શ્રી સ્તંભન પાર્શ્વનાથની દિવ્ય અને અલૌકિક પ્રતિમાજીને પ્રગટ કરી. આ પ્રતિમાજીના સ્નાત્રજળથી સૂરિદેવનો કુષ્ઠરોગ ક્ષણવારમાં નષ્ટ થયો. શ્રી ધરણેન્દ્રદેવના સૂચનથી સૂરિદેવે સ્તોત્રની છેલ્લી બે ગાથાઓ ગોપવી દીધી.

શ્રીસંઘે સેઢી નદીના કિનારે સ્તંભનપુરમાં નૂતન જિનાલય બંધાવીને શ્રી અભયદેવસૂરિદેવના વરદ હસ્તે શ્રી સ્તંભન પાર્શ્વનાથ પ્રભુની જિનાલયમાં પ્રતિષ્ઠા કરાવી. આ ઘટના ૧૧મા સૈકામાં બની હતી. સૂરિદેવે પ્રતિમાજીના દિવ્ય પ્રભાવથી નવ અંગોની વૃત્તિઓ રચી.

વિક્રમ સંવત ૧૩૬૮માં ચમત્કારિક, દિવ્ય એવી શ્રી સ્તંભન પાર્શ્વનાથજીની પ્રતિમાજીને ત્યાંથી સ્તંભન તીર્થમાં લાવવામાં આવી. ખંભાતનો સંઘ આ પ્રતિમાજીની હૈયાના ભાવ સાથે સેવાપૂજા-ભક્તિ કરવા લાગ્યો. આ રીતે સૈકાઓ પસાર થયા. પ્રતિમાજીની ભક્તો પૂજાઅર્ચના કરતા રહ્યાં.

સંવત ૧૯૫૨માં તારાપુરના સુવર્ણકાર (સોની) એ નીલમરત્નની આ પ્રતિમાજી ચોરી લીધી, પરંતુ સંઘના પ્રયત્નોથી સોની પકડાયો અને પ્રતિમાજી પુનઃ સંઘને પ્રાપ્ત થઈ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસનસમ્રાટ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના પુનિત હસ્તે સં.૧૯૫૫માં આ પ્રતિમાજી પુનઃ પ્રતિષ્ઠિત કરવામાં આવી. તેમના ઉપદેશથી આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયો. વિ.સં. ૧૯૮૪ ફાગણ સુદ-૯ના પૂજ્યશ્રીના વરદ હસ્તે જીર્ણોદ્ધત જિનાલયનો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો. આજે પણ ખંભાતના ખારવાડામાં આ ભવ્ય જિનાલય અતીતનાં સંભારણાં સાથે વિદ્યમાન છે.

ખંભાતનાં અન્ય દર્શનીય જિનાલયોમાં શ્રી સોમ ચિંતામણી પાર્શ્વનાથ, શ્રી ભુવન પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય છે.

ખંભાત રેલવે સ્ટેશનથી આ તીર્થ ૧॥ કિ.મી.ના અંતરે આવેલું છે. વડોદરાથી ૮૦ કિ.મી.ના અંતરે છે. અહીં ભોજનશાળા, ધર્મશાળા અને આયંબિલશાળાની ઉત્તમ સગવડ છે.

શ્રી ખંભાત તીર્થ :- શ્રી સ્તંભન પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી, ખારવાડા, મુ.પો. ખંભાત ૩૮૮૬૨૦ (જિ. આણંદ) ફોન નં. (૦૨૬૯૮) ૨૨૩૬૯૬ છે. અહીંથી કલિકુંડ ૬૫ કિ.મી. તથા માતર ૫૦ કિ.મી.ના અંતરે આવેલું છે.

## ૭ : શ્રી ભરૂચ તીર્થ

ભરૂચમાં શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાનનું પ્રાચીન તીર્થ આવેલું છે. જૈન શાસ્ત્રો અનુસાર અશ્વમેધ યજ્ઞ માટે તૈયાર થયેલ અશ્વ, શ્રી મુનિસુવ્રત સ્વામી દ્વારા પ્રતિબોધિત થઈ દેવલોક પામેલ અને તેમણે પોતાના આગલા જન્મના ઉદ્ધારક શ્રી ભગવાન મુનિસુવ્રત સ્વામીનું ભવ્ય જિનાલય બંધાવ્યું હતું.

સિંહલદ્વીપ (શ્રીલંકા)ના સિંહલ રાજાની કુંવરી સતી સુદર્શનાએ પોતાના આગલા ભવમાં સમડી હોવાના જાતિસ્મરણને કારણે આ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. ત્યાર પછી અહીં સંપ્રતિ રાજા, મહારાજા કુમારપાળ તથા અનેક શ્રેષ્ઠીઓએ જીર્ણોદ્ધાર કરાવેલ છે.

લબ્ધિનિધાન ગણધર ગુરુ ગૌતમ સ્વામીએ અષ્ટાપદ તીર્થ પર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રચેલા જગ ચિંતામણિ સ્તોત્રમાં ભરૂચમાં બિરાજેલા શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાનની સ્તુતિ કરેલ છે, જે આ તીર્થની પ્રાચીનતા સિદ્ધ કરે છે.

ભરૂચમાં આ સિવાય ૧૧ જિનાલયો છે. તેમાંય પાંચ દેરાસરો તો સાથે જ છે. અહીંનાં જિનાલયોમાં પ્રાચીન પ્રતિમાજીઓ દર્શનીય છે. શ્રી આદિનાથ ભગવાનનું જિનાલય અત્યંત દર્શનીય છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની ઉત્તમ સગવડ છે.

શ્રી ભરૂચ તીર્થ : શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન દેરાસર પેઢી, શ્રીમાળી પોળ, મુ.ભરૂચ – ૩૯૨૦૦૧ ફોન નં. (૦૨૬૪૨) ૨૬૨૫૮૬ તથા ૨૨૧૭૫૦ છે. નજીકમાં ૨૨ કિ.મી.ના અંતરે ઝઘડીયાતીર્થ, ૫૦ કિ.મી.ના અંતરે ગંધારતીર્થ, ૭૫ કિ.મી.ના અંતરે કાવીતીર્થ તથા ૪૬ કિ.મી.ના અંતરે સુમેરૂ નવકાર તીર્થ આવેલું છે.

## ૮ : શ્રી ચારૂપ તીર્થ

ઉત્તર ગુજરાતનાં ભવ્ય જિનાલયોની નગરી પાટણથી દસ કિલોમીટરના અંતરે ચારૂપ તીર્થ આવેલું છે. અહીં શ્રી ચારૂપ પાર્શ્વનાથ પ્રભુનું મુખ્ય જિનાલય આવેલું છે. જિનાલય રેલવે સ્ટેશનથી ૧ કિ.મી.ના અંતરે છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની ઉત્તમ સગવડ છે. શ્યામ વર્ણના શ્રી ચારૂપ પાર્શ્વનાથ શ્રી શામળા (શ્યામ) પાર્શ્વનાથ તરીકે વધારે જાણીતા છે.

શ્રી ચારૂપ પાર્શ્વનાથનો ઈતિહાસ આ પ્રમાણે છે. અતિ પ્રાચીન કાળમાં અર્થાત ગત ચોવીશીના ૧૬મા તીર્થંકર શ્રી નમિનાથ સ્વામીના શાસનને ૨૨૨૨ વર્ષોનાં વહાણાં પસાર થઈ ગયાં ત્યારે ગોંડ દેશના પરમ જૈન શ્રાવક અષાઢીએ ત્રણ મનોહર પ્રતિમાજીનું નિર્માણ કરાવ્યું. એમાંથી એક પ્રતિમાજી ચારૂપ તીર્થમાં છે. કાંતિનગરના ધનશ્રેષ્ઠીનું વહાણ સમુદ્રમાં એકાએક રોકાઈ ગયું. ધનશ્રેષ્ઠી તરત જ સમજી ગયા કે આ કોઈ દૈવી કૃત્ય છે. ધનશ્રેષ્ઠીએ તરત જ ભક્તિ દ્વારા દેવને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રત્યક્ષ કર્યા. દેવે સમુદ્રની અંદર રહેલી ત્રણ પ્રતિમાજીઓના પ્રગટીકરણની વાત કરી. ધનશ્રેષ્ઠી તો દેવનું કથન સાંભળીને અતિ હર્ષિત બન્યો. તેણે દેવની સહાયથી ત્રણ જિનબિંબો સમુદ્રમાંથી બહાર આણ્યાં.

આ ત્રણ પ્રતિમાજીઓમાંથી એક પ્રતિમાજી ચારૂપ ગામમાં પધરાવીને તીર્થની પ્રતિષ્ઠા કરવામાં આવી. બીજા અરિષ્ટનેમિ પ્રભુને પાટણમાં આંબલીના વૃક્ષ નીચે આવેલા જિનાલયમાં પધરાવ્યા અને ત્રીજી શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમાજીને થાંભણા ગામમાં સેઢી નદીના કિનારે ઘટાદાર વૃક્ષોની ભૂમિ પર રાખી.

ચારૂપમાં મનોહર જિનબિંબને કોણે પ્રતિષ્ઠિત કર્યા તેની જાણકારી નથી. આ જિનાલયમાં ખંડિત પરિકરના લેખ પરથી જણાય છે કે નાગેન્દ્રગચ્છીય શ્રી શીલગુણસૂરિના સંતાનીય શ્રી દેવચંદ્રસૂરિએ ચારૂપ તીર્થમાં શ્રી પાર્શ્વનાથ પરિકરની પ્રતિષ્ઠા ૧૪મી સદીમાં કરી હતી. ચારૂપમાં નાગોરના શ્રેષ્ઠી દેવચંદ્રે ગૂઢમંડપ અને છ ચોકીથી યુક્ત એક જિનપ્રાસાદ બંધાવ્યો હતો. તેમાં શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરાવી હતી. તેવી નોંધ આબુના લૂણવસહી મંદિરના સં. ૧૨૯૬ના શિલાલેખમાં છે.

સંવત ૧૪૬૬માં શ્રેષ્ઠી પેથડે ચારૂપમાં શ્રી શાંતિનાથ ભગવાનનું જિનમંદિર બંધાવ્યું હતું. પરંતુ વર્તમાનમાં આ બેમાંથી એક પણ જિનાલય નથી. ગુર્જરનરેશ સિદ્ધરાજ જયસિંહે ચારૂપમાં વીરાચાર્ય નામના એક સત્વશીલ અને પ્રભાવક જૈનાચાર્યનો ભવ્ય સ્વાગત-મહોત્સવ રચ્યો હતો. આથી કહી શકાય કે ૧૨મા સૈકા પહેલાં ચારૂપમાં જૈનોનું વર્ચસ્વ હતું. એટલું ચોક્કસ છે કે ચારૂપનું શ્રી પાર્શ્વનાથ તીર્થ સોલંકીકાળથી આજ દિવસ સુધી પ્રસિદ્ધ રહ્યું છે. સંવત ૧૯૩૮માં આ જિનાલયનો પાટણના જૈન સંઘો દ્વારા જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. સંવત ૧૯૮૪ના જેઠ સુદ-૫ના મૂળનાયકની બાજુમાં શ્રી શીતલનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

શ્રી ચારૂપ તીર્થ : શ્રી ચારૂપ જૈન શ્વેતાંબર શ્રી શામળા પાર્શ્વનાથ પેઢી, મુ.પો. ચારૂપ – ૩૮૪૨૮૫. ફોન નં. (૦૨૮૬૬) ૨૭૭૫૬૨ છે. નજીકના તીર્થો પાટણ ૧૦ કિ.મી., ભીલડિયાજી ૪૦ કિ.મી.,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કંબોઈ ૩૮ કિ.મી., મેત્રાણા ૨૪ કિ.મી. તથા વાલમ ૫૦ કિ.મી.ના અંતરે આવેલ છે.

## ૯ : શ્રી કદમ્બગિરિ તીર્થ

પાલીતાણા (સૌરાષ્ટ્ર)થી નજીક આવેલા શ્રી કદમ્બગિરિ તીર્થમાં શ્રી આદિનાથ પ્રભુ મૂળનાયક રૂપે બિરાજમાન છે. આ સ્થળ શ્રી શત્રુંજય તીર્થની પંચતીર્થમાંનું એક છે. આ તીર્થની પ્રાચીનતા શ્રી શત્રુંજયગિરિ સાથે છે. જૈન શાસ્ત્રો અનુસાર ગઈ ચોવીશીના દ્વિતીય તીર્થંકર શ્રી નિર્વાણી પ્રભુના ગણધર શ્રી કદમ્બમુનિ અનેક મુનિભગવંતો સહિત અહીંથી મોક્ષ પામ્યા હતા. મુખ્ય જિનાલયની બાજુમાં બીજાં બે જિનાલયો છે જેમાં શ્રી નેમિનાથ પ્રભુ તથા શ્રી સીમંધર સ્વામીનું જિનાલય છે. અહીં બીજા દેરાસરના ભંડારમાં હજારો નાનીમોટી કલાપૂર્ણ પ્રતિમાજીઓનાં દર્શન થાય છે.

શ્રી કદમ્બગિરિ તીર્થ પાલીતાણાથી ૧૯ કિ.મી., ભંડારિયાથી ૮ કિ.મી. તથા બોદાનોનેસથી ૪ કિ.મી.ના અંતરે આવેલ છે. પહાડનું ચઢાણ અર્ધો કલાકનું છે. વાહન જઈ શકે છે. ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.

શ્રી કદમ્બગિરિ તીર્થ : શ્રી જિનદાસ ધર્મદાસ ધાર્મિક ટ્રસ્ટ (કદમ્બગિરિ) ગામ – બોદાનોનેસ પો. ભંડારિયા – ૩૬૪૨૭૦, જિ. ભાવનગર. ફોન નં. (૦૨૮૪૮) ૨૮૨૧૦૧ છે.

## ૧૦ : શ્રી હસ્તગિરિ તીર્થ

પાલીતાણાથી ૧૬ કિ.મી.ના અંતરે શ્રી હસ્તગિરિ તીર્થ આવેલું છે. અહીં શ્રી આદિનાથ પ્રભુની પીરોજીવર્ણની ચરણપાદુકા દર્શનીય છે. એમ કહેવાય છે કે વર્તમાન ચોવીશીના પ્રથમ તીર્થંકર ભગવંત શ્રી આદિનાથ પ્રભુના જયેષ્ઠ પુત્ર ભરત ચક્રવર્તી અહીં મોક્ષ પામેલા હતા. એમનો તેજસ્વી હાથી અનશન કરી અહીંથી સ્વર્ગે સિધાવેલ એથી આ પર્વત હસ્તગિરિ કહેવાય છે. તીર્થ સુધી વાહન જઈ શકે છે. માર્ગ પર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃક્ષો અને વનરાજી હોવાથી કુદરતી સૌંદર્ય પુરબહારમાં છે. આ અત્યંત રમણીય સ્થળ પવિત્ર સાધના માટે સર્વોત્તમ છે. જાળિયા (અમરાજી) થઈને આવી શકાય છે. ભોજનશાળાની સગવડ છે.

શ્રી હસ્તગિરિ તીર્થ : શ્રી ચંદ્રોદય રિલિજીયસ ટ્રસ્ટ ઑફિસ મુ.પો. જાળિયા (અમરાજી) – ૩૬૪૨૭૦. ફોન નં. (૦૨૮૪૮) ૨૮૪૧૦૧ છે. નજીકનાં તીર્થોમાં પાલીતાણા ૧૬ કિ.મી., ડેમ દેરાસર ૨૭ કિ.મી., કદમ્બગિરિ ૪૨ કિ.મી. તથા તળાજા ૫૦ કિ.મી.ના અંતરે છે.

## ૧૧ : શ્રી તળાજા તીર્થ

શ્રી તળાજા તીર્થને તાલધ્વજગિરિ તીર્થ પણ કહેવાય છે. પૂર્વે શ્રી શત્રુંજય ગરિરાજની આ ટૂંક ગણાતી હતી. શ્રી શત્રુંજય તીર્થની પંચતીર્થનું આ એક સ્થળ ગણાય છે. તળાજા તીર્થના અધિપતિ તેમજ સાચા દેવ તરીકે સુપ્રસિદ્ધ શ્રી સુમતિનાથ પ્રભુનું પ્રાચીન જિનાલય છે. આ પ્રતિમાજી વિ.સં. ૧૮૭૨માં ભૂગર્ભમાંથી પ્રગટ થયા બાદ ગામના લોકોની રોગ-વ્યાધિ દૂર થતાં સાચા સુમતિનાથ તરીકે ઓળખાય છે.

આ તીર્થના અંતિમ ઉદ્ધાર વખતે શરૂ કરવામાં આવેલ અખંડ જ્યોતિમાંથી કેસરિયા કાજળનાં દર્શન થાય છે. શ્રી તાલધ્વજગિરિ તીર્થ (ટેકરી)ના જિનાલયમાં પહોંચતાં વીસેક મિનિટનો સમય લાગે છે. ટેકરી પર એક ગુફા પણ જોવા મળે છે. કહેવાય છે કે શત્રુંજય તીર્થની તળેટી તળાજા હતી.

શ્રી તળાજા તીર્થ : શ્રી તળાજા તાલધ્વજ જૈન શ્વેતાંબર તીર્થ સમિતિ, બાબુની જૈન ધર્મશાળા, મુ.પો. તળાજા (જિ.ભાવનગર) ફોન નં. (૦૨૮૪૨) ૨૨૨૦૩૦ (પહાડ પર) ૨૨૨૨૫૯ છે. નજીકમાં આવેલાં તીર્થો પાલીતાણા – ૩૮ કિ.મી., ઘોઘા – ૪૭ કિ.મી. દાઠા – ૨૮ કિ.મી., મહુવા – ૪૫ કિ.મી. તથા કદમ્બગિરિ – ૪૩ કિ.મી.ના અંતરે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧૨ : શ્રી મહુવા તીર્થ

પૂર્વકાળમાં મધુમતી તરીકે ઓળખાતું આ શહેર આજે મહુવા તરીકે જાણીતું છે. શત્રુંજય મહાતીર્થનો ૧૩મો ઉદ્ધાર કરનાર સંઘપતિ જાવડશા શેઠ જેઓ પંચમકાળના પહેલા ઉદ્ધારક છે, તેઓ અહીંના વતની હતા. વિ.સં. ૧૦૮માં યુગપ્રધાન આચાર્ય ભગવંત શ્રી વજ્રસ્વામીના સદુપદેશથી તેઓએ તીર્થનો ઉદ્ધાર કરાવ્યો હતો. ગુર્જરેશ્વર મહારાજા કુમારપાળના સંઘમાં શ્રી સિદ્ધગિરિજી પર સવાક્રોડ સોનૈયા બોલીને તીર્થમાળા પોતાનાં માતાજીને પહેરાવનાર શ્રી જગડૂશા પણ આ નગરના જ હતા. તીર્થોદ્ધારક આ. શ્રી વિજયનેમિસૂરિજી મ. તથા આ.ભ.શ્રી વિજયધર્મસૂરિજી મ.ની જન્મભૂમિ મહુવા જ રહી હતી.

અહીં ચરમ તીર્થપતિ ભગવાન શ્રી મહાવીરસ્વામીનું પ્રાચીન જિનાલય છે. જે જીવંત મહાવીરસ્વામી તરીકે જાણવામાં આવે છે. ભગવાન મહાવીરસ્વામીના ભાઈ નંદિવર્ધને ભગવાનની વિદ્યમાનતામાં આ બિંબ ભરાવ્યું મનાય છે. પ્રતિમાજી ભગવાનના શરીર પ્રમાણ છે. આ મંદિરની બાજુમાં ત્રણ માળનું મંદિર આ.ભ.શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.ના. સદુપદેશથી તૈયાર થયું છે. અહીં દર્શનીય જિનમંદિરો આવેલા છે. ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે. આજુબાજુનો પ્રદેશ બાગ-બગીચાઓથી સમૃદ્ધ છે. અહીં આંબા, કેળા, નારિયેળી તથા સોપારીના બાગો આવેલા છે. હાથીદાંતનું કામ તથા લાકડાનાં રંગબેરંગી રમકડાંઓનું કામ અહીં ઘણું થાય છે.

શ્રી મહુવા તીર્થ : શ્રી મહુવા વિશાશ્રીમાળી તપાગચ્છ શ્વે. મુ.જૈન સંઘ, કેબિન ચોક, મુ.પો. મહુવા – ૩૬૪૨૯૦ (જિ.ભાવનગર) ફોન નં. (૦૨૮૪૪) – ૨૨૨૫૭૧ છે.

## ૧૩ : શ્રી ઉના તીર્થ

જૂનાગઢ જિલ્લામાં આવેલા ઉના શહેરમાં શ્રી આદિનાથ પ્રભુનું પ્રાચીન જિનાલય આવેલું છે. આ તીર્થ શ્રી સંપ્રતિ મહારાજાના સમયનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવામાં આવે છે. સૌરાષ્ટ્રના દક્ષિણ ભાગ પર ગીરના નાકા પર આ શહેર વસેલું છે. મત્સેન્દ્રી નદી ઉનાના પાદરમાંથી વહે છે. જૈન ઇતિહાસમાં ઉના શહેર પ્રસિદ્ધ છે. એનું પ્રાચીન નામ 'ઉન્નતપુર' હતું. વિક્રમ સંવત ૧૬મા સૈકામાં ઉનાની જાહોજલાલી અદ્વિતીય હતી. જગદ્‌ગુરુ, મોગલ સમ્રાટ પ્રતિબોધક તપાગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી વિજયહીરસૂરીશ્વજી મહારાજા વિશાળ શિષ્ય-પ્રશિષ્ય પરિવારની સાથે વિ.સં. ૧૬૫૧ તથા ૧૬૫૨, આ બન્ને ચાતુર્માસમાં અહીં બિરાજમાન હતા. આ સમયે અહીં જૈનોની વસ્તી સારા પ્રમાણમાં હતી. સંવત ૧૬૫૨ના ભાદ્રપદ સુદી ૧૧ના દિવસે આ.ભ.શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજ કાળધર્મ પામ્યા હતા. જ્યારે તેઓશ્રી બીમાર હતા ત્યારે ઔષધોપચારનો પણ નિષેધ કર્યો હતો, ત્યારે ઉનાના સંઘમાં એકએક શ્રાવક-શ્રાવિકાઓએ ખાવાપીવાનું બંધ કર્યું હતું. છેવટે આચાર્ય ભગવંતે સંઘના આગ્રહથી ઔષધોપચાર કરવાની હા પાડી હતી.

અહીં મુખ્ય જિનાલયમાં શ્રી આદીશ્વર ભગવાન મૂળનાયક રૂપે બિરાજમાન છે. વિશાળ વંડામાં પાંચ જિનાલયો આવેલા છે. અહીં ભોંયરામાં શ્રી અમીઝરા પાર્શ્વનાથ પ્રભુની અત્યંત દર્શનીય અને તેજસ્વી પ્રતિમાજી બિરાજમાન છે. આ દેરાસરની બાજુમાં આવેલાં અન્ય બે દેરાસરોમાં શ્રી શાંતિનાથ પ્રભુ તથા શ્રી સંભવનાથજી પ્રભુ મૂળનાયક રૂપે બિરાજમાન છે. જમણી બાજુએ ઊંચાણ પર બીજાં બે દેરાસરો છે. તેમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ તથા શ્રી નેમિનાથ પ્રભુ મૂળનાયક રૂપે બિરાજમાન છે.

પૂ.આ. શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજના સમયનો ઉપાશ્રય છે. ત્યાં તેઓની પ્રતિમાજી પણ છે. ગામ બહાર અજાહરા બાજુ જવાના રસ્તે નદીના નાકા પર આચાર્ય મહારાજશ્રીના અગ્નિસંસ્કારની ભૂમિ છે. જે 'આંબાવાડિયા' નામે ઓળખાય છે. તે વિશાળ વાડી અકબર બાદશાહે શ્રીસંઘને ભેટ આપેલી હતી. આ વાડીમાં આ.ભ.પૂ.હીરવિજયસૂરીશ્વરજી મ.ની ચરણપાદુકા છે. આ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચરણપાદુકાની પ્રતિષ્ઠા પૂ.આ.શ્રી વિજયસેનસૂરીશ્વરજી, ઉપાધ્યાય શ્રી વિમલ હર્ષ ગણિ, ઉપા. શ્રી કલ્યાણ વિજયજીગણિ, ઉપા. શ્રી સોમવિજયજીગણિ આદિએ કરાવ્યાનો પાદુકામાં ઉલ્લેખ છે. આ પ્રતિષ્ઠા વિ.સં. ૧૬૫૩ના કારતક સુદ – ૫ના બુધવારે કરવામાં આવી હતી.

અહીં એક નૂતન જિનાલયનું નિર્માણ થયું છે. ઉનાથી નજીક આવેલાં તીર્થોમાં અજાહરા તીર્થ – ૫ કિ.મી.ના અંતરે દેલવાડા ૬ કિ.મી., દીવ-૧૩ કિ.મી. તથા વેરાવળ ૮૫ કિ.મિ.ના અંતરે આવેલું છે.

શ્રી ઉના તીર્થ : શ્રી અજાહરા પાર્શ્વનાથ પંચતીર્થ જૈન પેઢી, વાસા ચોક, મુ.પો. ઉના –૩૬૨૫૬૦. જિ. જૂનાગઢ ફોન નં. (૦૨૮૫) ૨૨૨૨૩૩.

## ૧૪ : શ્રી અજાહરા તીર્થ

સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લાના અજાહરા ગામમાં શ્રી અજાહરા પાર્શ્વનાથ પ્રભુનું મુખ્ય તીર્થ આવેલું છે. ઉના રેલવે સ્ટેશનથી ૫ કિ.મી. અને દેલવાડા તીર્થથી ૨‌ા કિ.મી.ના અંતરે આ પ્રાચીન તીર્થધામ આવેલું છે. સૌરાષ્ટ્રની અજાહરા પંચતીર્થોનું આ મુખ્ય સ્થાન છે. દેલવાડા, દીવ, ઉના વગેરે તીર્થો નજીકમાં છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની ઉત્તમ સગવડ છે. અહીં દર વર્ષે કારતકી પૂનમ, ચૈત્રી પૂનમ તથા માગશર વદ ૧૦નો મેળો ભરાય છે. તેમ જ વૈશાખ સુદ-૧૧ પ્રતિષ્ઠા દિવસની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવે છે.

તાજેતરમાં નાગનું રૂપ ધારણ કરીને અધિષ્ઠાયક દેવે આ જિનાલયમાં પ્રવેશ કરી પોતાની ફણા વિકુંળીને આ સર્પ પરમાત્માની સામે ધ્યાનસ્થ દશામાં સ્થિર થયો હતો. આ ઘટનાના અનેક યાત્રાળુઓ સાક્ષી બન્યા હતા. ઘણી વાર રાત્રીના સમયે આ જિનાલયમાં દિવ્ય ઘંટનાદ સંભળાય છે. ભૂતકાળમાં અહીં એક વાર કેસરની વૃષ્ટિ થઈ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતી. આથી આ સ્થાનની પ્રભાવકતાનો ખ્યાલ આવ્યો વિના રહેતો નથી.

અજાહરા ગામની બહાર દાડમનાં વૃક્ષ જેવાં વિશિષ્ટ પ્રકારનાં વૃક્ષો ખૂબ જોવા મળે છે. આ વૃક્ષોને 'અજયપાલ' તરીકે ઓળખવામાં આવે છે. આ વૃક્ષોનાં પાંદડાં ક્યારેય કરમાતાં નથી. તેમ જ અનેક રોગોમાં આ પર્ણનો ઉપયોગ કરાતો હોય છે. શ્રી અજાહરા પાર્શ્વનાથજીની પ્રતિમાના સ્નાનજળથી અનેકના અસાધ્ય રોગો મટ્યાનું સંભળાય છે.

શ્રી અજાહરા પાર્શ્વનાથ તીર્થના મૂળનાયક તરીકે બિરાજતી આ પ્રતિમાજી કેસરવર્ણી 'અને વેળુમાંથી નિર્મિત થઈ છે. આ તીર્થનો ગૌરવ-વંતો ઇતિહાસ છે. પ્રાચીનકાળમાં અયોધ્યા નગરી પર સૂર્યવંશી રાજાઓનું શાસન હતું તેમાં પુરંદર, કીર્તિધર, સુકોશલ, નઘુષ વગેરે મહાપ્રતાપી રાજવીઓ થયા. નઘુષ મહારાજાની રાણી પવિત્ર સતી હતી. જેની રાજ્યપરંપરામાં ચોવીસમો રાજા કકુસ્થ થયો. આ રાજાને રઘુ નામનો પુત્ર હતો. રઘુ રાજાને અજયપાળ અર્થાત્ અનારણ્ય નામે પુત્ર હતો. અજયપાળે રાજ્યની ધુરા સંભાળ્યા પછી સાકેતપુરને રાજધાની બનાવી.

મહારાજા અજયપાળ પરમ જિનભક્ત હતો. તે એક વાર શ્રી શત્રુંજય ગિરિવરની યાત્રાએ નીકળ્યો. દીવ બંદર આવતાં તેના દેહમાં ન સમજી શકાય તેવી અસહ્ય પીડા ઉત્પન્ન થઈ. તે રાજા અસહ્ય પીડાને કારણે થોડો સમય ત્યાં રોકાઈ ગયો.

આ સમય દરમ્યાન સાગરમાં એક ચમત્કારિક ઘટના બની. રત્નસાર નામના સાર્થવાહનાં વહાણો સમુદ્રના તોફાનોમાં અટકી પડ્યાં. પરિસ્થિતિ ભયંકર હતી. સાર્થવાહ રત્નસાર ભારે ભયભીત બન્યો અને જીવ બચાવવા અર્થે તેણે પરમાત્માનું અપૂર્વ શ્રદ્ધા સાથે ધ્યાન ધર્યું. તેની શ્રદ્ધા અને ભક્તિના કારણે આકાશવાણી સંભળાઈ.

આકાશવાણીના સંકેતથી રત્નસાર સાર્થવાહે તે સ્થાનમાં કલ્પવૃક્ષનાં પાટિયાંના સંપુટમાં રહેલી દિવ્યતાનાં તેજ પાથરતી શ્રી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાર્શ્વપ્રભુની પ્રતિમાજીની માહિતી મેળવી.

રત્નસારને વધુમાં જાણવા મળ્યું કે આ પ્રતિમાજી અતિ પ્રાચીન અને સર્વનું કલ્યાણ કરનારી છે. નાગરાજ ધરણેન્દ્રએ આ પ્રતિમાજીની સાત લાખ વર્ષ સુધી પૂજા કરી છે. કુબેર દેવતાએ ૬૦૦ વર્ષ અને વરુણ દેવે સાત લાખ વર્ષ સુધી આ પ્રતિમાજીની સેવા-પૂજા અને ભક્તિ કરી છે. આ મનોહારી, દિવ્ય અને પ્રભાવક પ્રતિમાજી મેળવીને દીવ બંદરે રહેલા મહારાજા અજયપાળને સોંપવી.

શ્રી પાર્શ્વનાથ પ્રભુની દિવ્ય પ્રતિમાની વાત સાંભળીને તેને મેળવવા સાર્થવાહ રત્નસાર ઉત્સુક બન્યો. તેણે દૈવી સહાયથી આ પ્રતિમાજી સાગરમાંથી પ્રાપ્ત કરી લીધી અને પ્રતિમાજીના પ્રાગટ્યની સાથે જ તોફાને ચડેલો સમુદ્ર ધીર-ગંભીર અને શાંત બની ગયો. રત્નસારે તરત જ પોતાનાં વહાણોને દીવ મંદિરે લાંગર્યાં અને શ્રી પાર્શ્વનાથ પ્રભુની આ પ્રતિમાજી મહારાજા અજયપાલના હસ્તમાં સોંપી. રત્નસારે અથથી ઇતિ સુધીની વાત પણ કરી.

મહારાજા અજયપાળ શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાના દર્શનમાત્રથી ધન્ય બની ઊઠ્યા. તેમણે ધન્ય સ્નાત્ર મહોત્સવ ઊજવ્યો. અને તેમણે પરમાત્માનું સ્નાત્રજળ પોતાના અંગ પર લગાડતાં તમામ વ્યાધિ નષ્ટ થઈ.

આ પ્રતિમાજીના દિવ્ય પ્રભાવથી મહારાજા અજયપાળે અજયનગર નામનું શહેર વસાવ્યું. આ નગરની મધ્યમાં ભવ્ય જિનાલય બંધાવીને આ દિવ્ય પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરી. રાજા અજયપાળ નિયમિત ત્રિકાળ સેવા-પૂજા કરવા લાગ્યો. તેથી તેની સમૃદ્ધિ અને યશ-કીર્તિમાં વધારો થયો. લગભગ છ માસ પર્યંત ત્યાં રહ્યો, તે દરમિયાન તેણે શ્રી સિદ્ધગિરિની યાત્રા અનેરા ભાવ સાથે કરી.

મહારાજ અજયપાળે શ્રી પાર્શ્વનાથ જિનાલયને દસ ગામ સહિત અજયનગર સમર્પિત કર્યાં. ત્યાર પછી રાજા પોતાના સ્થાને ચાલ્યો ગયો. આમ મહારાજા અજયપાળના રોગને હરનાર આ પરમ તેજસ્વી પરમાત્મા શ્રી અજાહરા પાર્શ્વનાથથી જગપ્રસિદ્ધ થયા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહીં સંવત ૧૦૩૪ના લેખવાળો ઘંટ તથા ૧૪મા સૈકાના કેટલાક શિલાલેખો આ તીર્થની પ્રાચીનતા દર્શાવે છે. આ. શ્રી ઉદયપ્રભસૂરિના શિષ્ય આ.શ્રી. મહેન્દ્રસૂરિજીના હસ્તે સં. ૧૩૨૩માં પ્રતિષ્ઠિત થયેલી કાઉસગ્ગ અવસ્થાની કેટલીક પ્રતિમાજીઓ અહીંની જમીનમાંથી મળી આવી છે. અહીં સં. ૧૩૪૩ મહા વદ-૨ના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજીની પ્રતિમાજી પ્રતિષ્ઠિત, કરવામાં આવી હતી. સં. ૧૬૬૭માં આ. શ્રી વિજયદેવ સૂરિજીની નિશ્રામાં ઉના નિવાસી કુંવરજી જીવરાજ દોશીએ આ તીર્થનો ચૌદમો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. 'અજયપાળ' નામના ચોરાથી ઓળખાતી જગ્યા પર ખોદકામ કરતાં અનેક પ્રાચીન મૂર્તિઓ અને અવશેષો મળ્યાં છે, જે નગરીની સમૃદ્ધિ અને ભવ્યતાનો પરિચય આપે છે.

આજે તો અજાહરા ગામમાં શ્રી અજાહરા પાર્શ્વનાથ જિનાલય સિવાય વિશેષ કશું નથી. અહીંનું શિખરબંધી જિનાલય અત્યંત મનમોહક છે. અહીં યાત્રાળુઓની અવર-જવર રહે છે. ચૌદમાં સૈકામાં આ.શ્રી. જિનપ્રભસૂરિએ પોતાની રચનામાં શ્રી અજાહરાના પાર્શ્વનાથને 'નવનિધિ' નામથી ઓળખાવ્યા છે.

શ્રી અજાહરા તીર્થ : શ્રી અજાહરા પાર્શ્વનાથ પંચતીર્થ જૈન પેઢી, મુ.પો. અજાહરા. પો. દેલવાડા – ૩૬૨૫૧૦ (જિ. જૂનાગઢ) ફોન નં. (૦૨૮૭૫) ૨૨૨૨૩૩.

## ૧૫ : શ્રી દીવ તીર્થ

સમુદ્રની વચ્ચે ટાપુ પર વસેલા આ ગામનું કુદરતી સૌંદર્ય અદ્ભુત છે. હાલમાં આ સ્થળ પિકનિક તરીકે જાણીતું છે. દીવમાં આવેલું શ્રી નવલખા પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય અતિ પ્રાચીન છે. બૃહત્ કલ્પસૂત્રમાં આ તીર્થનું વર્ણન કરવામાં આવેલ છે. આ જિનાલયમાં બિરાજમાન શ્રી નવલખા પાર્શ્વપ્રભુની પ્રતિમાજી અતિ મનોરમ્ય અને પ્રભાવશાળી છે. અહીં ધર્મશાળા કે ભોજનશાળા નથી. નજીકનું ગામ દેલવાડા ૮ કિ.મી.ના અંતરે તથા ઉના ૧૩ કિ.મી.ના અંતરે આવેલું



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આ ઉપરાંત અહીં અન્ય બે જિનાલયો આવેલાં છે. આ તીર્થનો વહીવટ શ્રી અજાહરા પાર્શ્વનાથ પંચતીર્થ જૈન પેઢી કરી રહી છે.

શ્રી દીવ તીર્થ : શ્રી અજાહરા પાર્શ્વનાથ પંચતીર્થ જૈન પેઢી મુ.પો. દીવ – ૩૬૨૫૨૦ વાયા – ઉના. ફોન નં. (૦૨૮૭૫) ૨૨૨૨૩૩.

## ૧૬ : શ્રી દેલવાડા તીર્થ

શ્રી દેલવાડાનું તીર્થ અજાહરા પંચતીર્થનું એક સ્થળ ગણાય છે. અહીં આવેલા મંદિરની પ્રાચીનતા વિષેની જાણકારી ઉપલબ્ધ થતી નથી. વિક્રમ સંવત ૧૭૩૪માં આ મંદિરના જીર્ણોદ્ધારનો ઉલ્લેખ છે, એટલે એનાથી આ તીર્થ પ્રાચીન હોવાનું માની શકાય છે. આ તીર્થ દેલવાડા ગામથી એકાદ કિ.મી.ના અંતરે છે. આ ગામની નજીક દીવ જવાના રસ્તે ગુજરાત સરકારના પર્યટન ખાતાએ અહમદપુર-માંડવીમાં અદ્યતન પર્યટનધામનું નિર્માણ કર્યું છે.

શ્રી દેલવાડા તીર્થ : શ્રી અજાહરા પાર્શ્વનાથ પંચતીર્થ જૈન પેઢી, વાસા ચોક, મુ.પો. દેલવાડા – ૩૬૫૫૧૦ વાયા – ઉના (જિ.જૂનાગઢ) ફોન નં. (૦૨૮૮૫) ૨૨૨૨૩૩.

## ૧૭ : શ્રી ચંદ્રપ્રભાસ પાટણ તીર્થ

જૂનાગઢ જિલ્લાના વેરાવળની બાજુમાં સમુદ્રકિનારે આવેલ શ્રી સોમનાથ મહાદેવ મંદિર તરફ જતા માર્ગ પર વળાંકમાં પ્રભાસ પાટણ ગામમાં આ તીર્થ આવેલું છે. આ તીર્થની સ્થાપના વર્તમાન ચોવીશીના પ્રથમ તીર્થંકર ભગવંત શ્રી આદિનાથ પ્રભુના પુત્ર ભરત ચક્રવર્તી મહારાજા એ કરેલી મનાય છે. શ્રી ભરત ચક્રવર્તીએ જ્યારે શ્રી શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કરીને સંઘ કાઢ્યો ત્યારે અહીં સરસ્વતી નદીના કિનારે (બાહ્મી નદી) રોકાયા હતા. અહીં તપ કરી રહેલા મુનિઓ જોડે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાહુબલીના પુત્ર સોમયશકુમારે વાર્તાલાપ કરી શ્રી ધરણેન્દ્રદેવ દ્વારા પવિત્ર સર્વરોગ નિવારણ નદીનો પ્રભાવ જાણ્યા ઉપરાંત અહીં આઠમા ભાવિ તીર્થંકર ભગવંત શ્રી ચંદ્રપ્રભુ સ્વામી દ્વારા સમવસરણ રચાશે એવો વૃત્તાંત સાંભળીને શ્રી ભરત ચક્રવર્તીએ અહીં આ તીર્થની સ્થાપના કરેલ હતી. અનેક જૈન પ્રાચીન ગ્રંથોમાં આ તીર્થનો ઉલ્લેખ છે.

આ પ્રાચીન તીર્થનો સભામંડપ નવ ગભારાથી સુશોભિત છે. આ તીર્થમાં પ્રાચીન કલાકારીગરીનાં દર્શન થાય છે. મહંમદ ગઝની દ્વારા આ તીર્થને અનેક વાર નુકસાન પહોંચ્યું છે. વેરાવળ શહેરથી આ તીર્થ પાંચ કિ.મી.ના અંતરે આવેલું છે. ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે. મુખ્ય જિનાલયમાં દરેક પ્રતિમાજીઓ દર્શનીય છે. આ ઉપરાંત અન્ય ચાર જિનાલયો આવેલાં છે તેમાં પણ પ્રાચીન પ્રતિમાજીઓ છે. તેમજ અહીંના એક ભોંયરામાં તામ્ર (તાંબા)પત્ર પર કંડારેલા આગમસૂત્રનો ભંડાર દર્શનીય છે.

શ્રી પ્રભાસ પાટણ તીર્થ : શ્રી પ્રભાસ પાટણ જૈન શ્વે.મુ.સંઘ, જૈન દેરાસરની શેરી, મુ.પો.પ્રભાસ પાટણ – ૩૬૨૨૬૮ (જિ.જૂનાગઢ) ફોન નં. (૦૨૮૭૬) ૨૩૧૬૩૮. આ તીર્થથી વિશ્વપ્રસિદ્ધ સોમનાથ મંદિર એકદમ નજીક આવેલું છે. વેરાવળ ૭ કિ.મી.ના અંતરે આવેલું છે.

## ૧૮ : શ્રી વંથલી તીર્થ

સૌરાષ્ટ્રના જૂનાગઢ શહેરથી વેરાવળ જતાં વંથલી તીર્થ ૧૪ કિ.મી.ના અંતરે આવેલું છે. અહીં શ્રી શીતલનાથ પ્રભુનું દર્શનીય મંદિર આવેલું છે. બાજુમાં એક નાનું મંદિર છે. અહીં બિરાજમાન પ્રતિમાજી ગામના કૂવામાંથી પ્રગટ થયેલા છે. પ્રતિમાજી સંપ્રતિ મહારાજના સમયના છે. પ્રતિમાજી ભવ્ય, શાંત અને શીતલ મુખમુદ્રાયુક્ત છે. ઉપાશ્રય, ધર્મશાળા, ભોજનશાળા વગેરે છે.

મુસ્લિમોના હુમલા વખતે એક સુંદર જિનાલયને મસ્જિદમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફેરવ્યા પછી તેને ભારત સરકારના સ્થાપત્ય શિલ્પકલા વિભાગ દ્વારા મ્યુઝિયમમાં ફેરવવામાં આવ્યું છે. સ્થાપત્ય અને ઇતિહાસના અભ્યાસ માટે એમાં ઘણી સામગ્રીઓ પ્રાપ્ત થાય છે.

શ્રી વંથલી તીર્થ : શ્રી શીતલનાથ ભગવાન જૈન શ્વે. મંદિર, શ્રી વંથલી તપાગચ્છ જૈન સંઘ, આઝાદ ચોક, મુ.પો. વંથલી - ૩૬૨૬૧૦. (જિ. જૂનાગઢ), ફોન નં. (૦૨૮૭૨) ૨૨૨૨૬૪.

## ૧૯ : શ્રી ચોરવાડ તીર્થ

સૌરાષ્ટ્રનો નાઘેર પ્રદેશ ઘણો જ ફળદ્રુપ ગણાય છે. ચોરવાડ એ નાઘેરનો મધ્યભાગ છે. અહીં ચોમેર પાન, કેળાં, નારિયેળી, પપૈયાં, આંબો આદિનાં વૃક્ષો ઠેર ઠેર જોવા મળે છે. ગામની ચારે બાજુ કોટ છે. કોટની અંદરના મધ્યભાગમાં શ્રી જિનમંદિર આવેલું છે. મંદિર નાનું છે પરંતુ પ્રાચીન છે. મૂળનાયક શ્રી પાર્શ્વનાથ પ્રભુ છે. મંદિરમાં વિક્રમ સંવત ૧૬મા સૈકાના સમયનો દેરાસરની પ્રતિષ્ઠાનો શિલાલેખ છે. દેરાસરની બાજુમાં ઉપાશ્રય તથા ધર્મશાળા છે. અહીં જૈન સેનેટેરિયમ આવેલ છે.

શ્રી ચોરવાડ તીર્થ : શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી, મુ.પો. ચોરવાડ, (જિ.જૂનાગઢ) ફોન નં. (૦૨૭૩૪) ૨૬૭૩૨૦. માંગરોળ શહેરથી આ તીર્થ ૧૮ કિ.મી.ના અંતરે આવેલું છે.

## ૨૦ : શ્રી વેરાવળ તીર્થ

ચોરવાડથી વેરાવળ જતાં રસ્તામાં આદરી ગામમાં સુંદર જિનાલય તથા ધર્મશાળા આવેલ છે. વેરાવળ શહેર પ્રાચીન છે. આગમોને પુસ્તકારૂઢ કરનાર શ્રી દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ, આ વેલાકુલ – વેરાવળ બંદરના હતા, એમ કર્ણોપકર્ણ પ્રઘોષ આજે પણ પ્રચલિત છે. વેરાવળમાં દર્શનીય શ્રી જિનમંદિરો આવેલાં છે. બહારકોટમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજીનું વિશાળ મંદિર છે, જે પ્રાચીન છે. બાજુમાં શ્રી મહાવીરસ્વામીનું જિનાલય છે. માયલા કોટમાં શ્રી સુમતિનાથ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાનનું રમણીય જિનાલય છે. આ દેરાસરનો જીર્ણોદ્ધાર વિ.સં. ૧૯૯૯ની સાલમાં થયો હતો. અને પૂ.પાદ. પરમ શાસનપ્રભાવક ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે પ્રભુજીની પ્રતિષ્ઠા થઈ હતી. દેરાસરના ચોકમાં પૂ.પાદ શ્રી દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણની મૂર્તિ તથા દેરી છે. અહીં ઉપાશ્રયો-ધર્મશાળા વગેરે છે. ભોજનશાળા તથા આયંબિલભવન પણ છે. માયલા કોટમાં જ્ઞાનશાળામાં સંઘની પેઢી છે. પાઠશાળા, જૈન દવાખાનું તથા પાંજરાપોળ વગેરે છે.

શ્રી વેરાવળ તીર્થ : શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, માયલાકોટ, મુ.પો. વેરાવળ (જિ.જૂનાગઢ) ફોન નં. (૦૨૮૭) ૨૨૧૩૮૧.

## ૨૧ : શ્રી ઘોઘા તીર્થ

સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લાના ઘોઘા (બંદર) ગામે શ્રી નવખંડા પાર્શ્વનાથજીનું મુખ્ય તીર્થ આવેલું છે. આ તીર્થ ભાવનગરથી ૨૧ કિ.મી.ના અંતરે આવેલું છે. ઘોઘામાં શ્રી નવખંડા પાર્શ્વનાથ જિનાલયની બાજુમાં અન્ય ચાર જિનાલયો આવેલા છે તેમજ બે જિનાલયો ગામમાં છે. અહીં ધર્મશાળા-ભોજનશાળાની ઉત્તમ સગવડ છે. આ તીર્થની નજીકનાં દર્શનીય સ્થાનો પાલીતાણા, મહુવા, દાઠા, તળાજા, કદંબગિરિ, હસ્તગિરિ, શત્રુંજય ડેમ દેરાસર વગેરે છે. અહીં શ્રી નવખંડા પાર્શ્વનાથના દર્શનાર્થે આવનાર યાત્રિકને ભાતું અપાય છે.

ઘોઘા બંદર ખાતે શ્રી નવખંડા પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી શ્યામવર્ણી, નવફણાથી અલંકૃત, પદ્માસનસ્થ છે.

પૂર્વે ઘોઘા બંદર ગુંડીગાઢના નામથી ઓળખાતું હતું. ભાવનગર વસ્યું તે પહેલાં આ બંદર ખૂબ વિકસેલું હતું. શ્રી નવખંડા પાર્શ્વનાથનું આ તીર્થ પ્રાચીન છે. આચાર્ય શ્રી મહેન્દ્રસૂરિના ઉપદેશથી સંવત ૧૧૬૮માં શ્રીમાળી જ્ઞાતિના નાણાવટી હીરુભાઈએ શ્રી નવખંડા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાર્શ્વનાથનું બિંબ ભરાવ્યું હતું. તે પૂર્વે પણ ઘોઘામાં જૈનોની વસ્તી અને ભવ્ય જિનાલયો હતાં જ.

શ્રી નવખંડા પાર્શ્વનાથ કેમ કહેવાયા તેની એક કથા છે. આ તીર્થ પર મ્લેચ્છોએ આક્રમણ કરીને મૂર્તિને ખંડિત કરી નાખી અને પ્રતિમાજીના નવ ખંડ કરી નાખ્યા. મ્લેચ્છોએ આ નવ ખંડોને ભાવનગરના વડવામાં આવેલ બાપેસરાના કૂવામાં પોટલીમાં બાંધીને ફેંકી દીધા હતા.

વર્ષો વીતવા લાગ્યાં. આ ખંડિત પ્રતિમાજી આ કૂવામાં વરસોનાં વરસ અજ્ઞાત રહી. એક દિવસ ઘોઘાના એક સુશ્રાવકને અધિષ્ઠાયક દેવે સ્વપ્નમાં આ પ્રતિમાના પ્રગટ્યનો સંકેત કર્યો. શ્રાવકને સ્વપ્નમાં અધિષ્ઠાયક દેવે સંપૂર્ણ સમજ આપી હતી, તે મુજબ શ્રાવક ભાવનગર વડવામાં આવેલ કૂવા પાસે ગયો અને તેણે હીરના તાંતણે વીંટીને તે પોટલીને કૂવામાંથી બહાર કાઢી. શ્રાવક તે પોટલી લઈને ઘોઘા આવ્યો. તેણે તે નવ ખંડને નવ મણ લાપસીમાં બરાબર ગોઠવ્યા. નવ દિવસ બાદ તે લાપસીમાંથી બહાર કાઢતાં એ પ્રતિમાજી અખંડિત નીકળશે તેવો સ્વપ્નમાં અધિષ્ઠાયક દેવ દ્વારા શ્રાવકને સંકેત મળ્યો હતો. તેથી સહુ અધીરાં બનીને નવ દિવસ પૂરા થવાની પ્રતીક્ષા કરી રહ્યાં હતાં. ત્યાં આઠમા દિવસે ભરૂચનો સંઘ યાત્રાર્થે ઘોઘા આવ્યો હતો. શ્રીસંઘે દર્શનની ઇચ્છા દર્શાવી. આમેય સહુને પ્રતિમાજીનાં દર્શન કરવાની ભાવના હતી.

આમ આઠમા દિવસે લાપસીમાંથી પ્રતિમાજીને બહાર કાઢ્યા. પ્રતિમાજીના નવ ખંડ સંધાઈ ગયા હતા. પરંતુ શ્રાવકોની અધીરાઈને કારણે સાંધા અદૃશ્ય ન થયા. આજે પણ તે પ્રતિમાજી પર નવ ખંડના આકારને સ્પષ્ટપણે જોઈ શકાય છે.

ઘોઘામાં આવેલ શ્રી નવખંડા પાર્શ્વનાથનું જિનાલય ભવ્ય અને મનોહર છે. કલાત્મક બાંધણી આ જિનાલયની વિશેષતા છે. ઘોઘા, મહુવા અને ધોલેરાનાં જિનાલયો એક જ શિલ્પીએ બનાવેલાં હોવાથી ત્રણેય જિનાલયોની બાંધણી એકસરખી છે. આ જિનાલયનો રંગમંડપ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશાળ છે.

શ્રી ઘોઘા તીર્થ : શેઠ કાળામીઠાની પેઢી, ભજી પોળ, શ્રી નવખંડા પાર્શ્વનાથ જિનાલય, મુ.પો. ઘોઘા – ૩૬૪૧૧૦ (જિ.ભાવનગર) ફોન નં. (૦૨૭૮) ૨૮૮૨૩૩૫.

## ૨૨ : શ્રી દાઠા તીર્થ

પાલીતાણાથી તળાજા થઈને મહુવા જતાં માર્ગમાં દાઠા તીર્થ આવે છે. તળાજા-મહુવા રોડ ઉપર ૮ કિ.મી. અંદર જવું પડે છે. દાઠામાં કાચનું સુંદર દેરાસર છે. લોકજીભે એવી ચર્ચા છે કે ફિલ્મ ‘મોગલે આઝમ’માં અભિનેત્રી મધુબાલા પર ચિત્રાંકન કરેલું ગીત ‘પ્યાર કિયા તો ડરના ક્યા’માં જે કાચનો પ્રયોગ કરવામાં આવ્યો હતો, તેનો વિચાર દાઠાના કાચના મંદિર પરથી લેવામાં આવ્યો હતો. દાઠામાં અનેક કથાનકોની ચિત્રકૃતિઓ છે. અહીં મૂળનાયક રૂપે શ્રી શાંતિનાથ ભગવાન બિરાજે છે. અત્યંત દર્શનીય જિનાલય છે.

શ્રી દાઠા તીર્થ : શ્રી વિશાશ્રીમાળી જૈન મહાજન પેઢી, મુ.પો. દાઠા ૩૬૪૧૩૦ (જિ.ભાવનગર) ફોન નં. (૦૨૮૪૨) ૨૮૩૩૨૪. આ તીર્થથી મહુવા ૨૨ કિ.મી., તળાજા ૨૨ કિ.મી. તથા ભાવનગર ૭૫ કિ.મી.ના અંતરે છે.

## ૨૩ : શ્રીવલ્લભીપુર તીર્થ

આ શહેરનો ઇતિહાસ અતિ પ્રાચીન છે. મૌર્યવંશના શૂરવીર રાજાઓએ અહીં રાજ્યનો કારભાર સંભાળીને જૈન ધર્મ અંગીકાર કર્યો હતો. એક સમયે નાલંદાની જેમ અહીં ભારતનું વિશ્વવિદ્યાલય હતું. વલ્લભીપુર વાચના એ આ તીર્થનો મુખ્ય ઇતિહાસ છે. ‘હાલના જિનાલયમાં અહીં દેવાધિ ગણી ક્ષમાશ્રમણ આદિ ૫૦૦ આચાર્યોની પ્રતિમાજીઓ કલાત્મક રીતે ગોઠવેલી છે. આ પ્રકારનું દિવ્યદર્શન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભારતમાં અન્યત્ર ક્યાંય નથી. અહીંથી પાલીતાણા ૫૦ કિ.મી.ના અંતરે છે. ધર્મશાળાની સગવડ છે. અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું જિનાલય આવેલું છે. અમદાવાદ-ભાવનગરના મુખ્ય માર્ગને અડીને આ તીર્થ આવેલું છે. વલ્લભીપુરથી ૮ કિ.મી.ના અંતરે આચાર્ય બંધુબેલડી પૂ.આ.શ્રી જિનચંદ્રસાગરસૂરિજી મ. તથા આ. શ્રી હેમચંદ્રસાગરસૂરિજી મ. આદિની પ્રેરણાથી નવનિર્માણ પામેલું શ્રી અયોધ્યાપુરમ તીર્થ આવેલું છે. અમદાવાદ ૧૬૦ કિ.મી. તથા સોનાગઢ ૩૨ કિ.મી.ના અંતરે છે.

શ્રી વલ્લભીપુર તીર્થ : શેઠ શ્રી જિનદાસ ધર્મદાસ ટ્રસ્ટ, મુ. વલ્લભીપુર – ૩૬૪૩૧૦. જિ. ભાવનગર ફોન નં. (૦૨૮૪૧) ૨૨૨૪૩૩/૨૨૨૦૭૪.

## ૨૪ : શ્રી અયોધ્યાપુરમ્ તીર્થ

અમદાવાદ-પાલીતાણા હાઈવે પર જૈન આર્યતીર્થ અયોધ્યાપુરમ્ તીર્થ વલ્લભીપુરની બાજુમાં આવેલ છે. આગમવિશારદ પંન્યાસ પ્રવર પૂજ્ય ગુરુદેવ શ્રી અભયસાગરજી મ.ના કૃપાપાત્ર તથા આચાર્ય ‘શ્રી અશોકસાગરસૂરિના શિષ્ય બંધુબેલડી પૂ.આ.શ્રી જિનચંદ્રસાગર સૂરિજીમ. તથા આ.શ્રી હેમચંદ્રસાગરસૂરિજી મ.ની પ્રેરણાથી સં. ૨૦૪૮માં ગુજરાતમાંથી ૨૫૦ વર્ષે પ્રથમ વાર સુરત-સમ્મેત શિખરજીનો સાતસો વ્યક્તિઓનો છ’રી પાલિત સંઘ નીકળ્યો. સુરતથી સમ્મેત શિખરજીના ઐતિહાસિક સંઘના ૧૪૦ પૂજ્યો પાછા વળતાં અયોધ્યા પહોંચ્યા. જે અયોધ્યા શ્રી આદિનાથ આદિ પાંચ તીર્થંકર પ્રભુની જન્મભૂમિ કહેવાય અને જ્યાં ૧૯ કલ્યાણકો થયા છે, એવા અયોધ્યા તીર્થમાં તીર્થ તરીકેની અસ્મિતાનો ખાસ કંઈ અણસાર ન જાણતાં પૂ. બંધુબેલડીની ભાવના તીર્થોદ્ધાર કરવાની થઈ, બે વર્ષના પ્રયત્નો છતાં સફળતા ન મળી પણ (અયોધ્યાનું) સેવેલું સ્વપ્ન અહીં સાકાર થતું હોવાથી આ તીર્થને ‘અયોધ્યાપુરમ્’ તરીકે નવાજાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિ.સં. ૨૦૫૧ની વાત. પૂ. બંધુબેલડી આચાર્યદેવ શ્રી જિનચંદ્ર તથા હેમચંદ્રસાગરસૂરિજી મહારાજ આ જ રોડ પરથી પસાર થતા હતા. સવારનો સમય હતો. ત્યારે એમની નજર સામે થોડે દૂર બાર ફૂટ લાંબો, ત્રણ ઇંચ જાડો, ક્રીમ કલરનો ખૂબસૂરત એક સાપ ડાબેથી જમણે રોડ ક્રોસ કરતો હતો. ત્યાં એક કાર સાપ ઉપરથી પસાર થઈ. સર્પ બૂરી રીતે ઘાયલ થયો. એનો વચલો ભાગ રોડ ઉપર સખ્ત ચોંટી ગયો હતો. બન્ને પૂજ્યશ્રીઓ દોડતા સાપ પાસે પહોંચી ગયા. સાપ તરફડી રહ્યો હતો. ત્યારે ટ્રાફિકની અવગણના કરી સાપને નવકાર મહામંત્ર સંભળાવવા લાગ્યા. થોડી વારે એક માણસ દ્વારા લાકડીના સહારે ચોંટેલો ભાગ ઉખાડ્યો અને હડસેલીને રોડની જમણી બાજુ લઈ ગયા પણ ત્યાં દસ-બાર કાગડા સાપને કોચવા આવી ગયા. એનાથી સાપને બચાવવા એની ઉપર બાવળની ડાળીઓ મુકાવી દીધી, જેથી કાગડો સાપને અડી ન શકે. અને વળી નવકાર મંત્ર સંભળાવવા લાગ્યા. અને એ નવકાર સાંભળતાં સાંભળતાં જ સાપે જીવ મૂક્યો ત્યારે કલ્પના પણ નહીં કે આ સ્થળે ભવ્ય તીર્થ બનશે. પરંતુ છ મહિના બાદ પાછા આ જ રસ્તેથી પૂજ્ય બંધુબેલડી આચાર્યજી અહીં પધાર્યા. આ જમીન ઉપર પગ મૂક્યો અને ત્યાં જ અદૃશ્ય સંકેત થયો. એ સંકેતનું સાકાર સ્વરૂપ એટલે જ આજે ઊભેલું અયોધ્યાપુરમ્ મહાતીર્થ. આજે પણ એ સાપનો સદ્‌ગત આત્મા આ તીર્થમાં પૂર્ણ સહાય કરે છે.

આ તીર્થમાં એક જ શિલામાંથી શ્રી આદિનાથ પ્રભુની ૨૩ ફૂટ ઊંચી પ્રતિમાજી મૂળનાયક રૂપે બિરાજે છે. ભવ્ય રંગમંડપ છે. અહીં નવકાર મંદિર તથા દેવી-દેવતાઓની દેરી પણ છે. ધર્મશાળા તથા ભોજનશાળાની સર્વશ્રેષ્ઠ સગવડ છે. ઉપાશ્રય પણ આવેલો છે. શ્રાવક આરાધના ભવન, શ્રાવિકા આરાધના ભવન છે. આ તીર્થ શત્રુંજય ગિરિરાજ મહાતીર્થના માર્ગ પર આવેલું હોવાથી હજારોની સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ પૂ. સાધુ-સાધ્વીજી ભગવન્તો પધારે છે.

શ્રી આયોધ્યાપુરમ્ તીર્થ : શ્રી જૈન આર્ય તીર્થ અયોધ્યાપુરમ્

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તીર્થ ટ્રસ્ટ, નવાગામ ઢાળ, અમદાવાદ-પાલીતાણા હાઈવે. વલ્લભીપુર (જિ. ભાવનગર) ફોન નં. (૦૨૮૪૧) ૨૮૧૩૮૮ ફેક્સ : ૨૮૧૫૧૬ છે. નજીકમાં વલ્લભીપુર તીર્થ-૮ કિ.મી., બરવાળા-૨૪ તથા નંદનવન (તગડી) ૪૩ કિ.મી.ના અંતરે છે.

## ૨૫ : શ્રી ભાવનગર તીર્થ

વિ.સં. ૧૭૭૯ના અક્ષયતૃતીયાના દિવસે સર ભાવસિંહજી મહારાજાએ આ શહેર વસાવ્યું. આ પહેલાં અહીં જૂનું ગામ વડવા હતું. અહીં જૈનોની વસ્તી સારી એવી છે. શહેરના મધ્યભાગમાં શ્રી આદીશ્વર ભગવાનનું જિનાલય છે, જે દાદાવાડી તરીકે જાણીતું છે. એ સિવાય વિવિધ વિસ્તારોમાં નાનામોટાં જિનાલયો આવેલાં છે. દેરાસરોનો વહીવટ શ્રીસંઘની પેઢી શેઠ ડોસાભાઈ અભેચંદના નામે કરે છે. શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન સામાયિકશાળા આવેલી છે. વોરા બજારમાં શ્રી ગોડીજી પાર્શ્વનાથજીનું સુંદર દેરાસર છે. તેમાં શ્રી ગૌત્તમસ્વામીજીનું મંદિર છે. કરચલીયા પરા તથા વડવામાં એક દેરાસર છે. શહેર બહાર તખ્તેશ્વરમાં દાદાસાહેબ તરીકે ઓળખાતા સ્થાનમાં વિશાળ ચોકમાં ભવ્ય જિનમંદિર છે. તેમાં મૂળનાયક શ્રી મહાવીર ભગવાનની પ્રતિમાજી અદ્‌ભુત તેમજ મહાપ્રભાવિક છે. દેરાસર તીર્થભૂમિ જેવું રમણીય છે. કૃષ્ણનગરમાં જિનાલય આવેલું છે. અહીં શ્રી જૈન ધર્મ પ્રચારક સભા તથા શ્રી જૈન આત્માનંદ સભાનાં કાર્યાલયો છે. બન્ને સંસ્થાઓ જૈન સાહિત્યનાં પ્રકાશનો કરે છે. ભાવનગરમાં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

**શ્રી ભાવનગર તીર્થ :** શ્રી ડોસાભાઈ અભેચંદની પેઢી, દરબારગઢ, નાનાવટી બજાર, ભાવનગર – ૩૬૪૦૦૧ (જિ.ભાવનગર) ફોન નં. (૦૨૭૮) ૨૪૨૭૩૮૪. નજીકમાં આવેલાં તીર્થો ઘોઘા-૨૧ કિ.મી., પાલીતાણા-૫૧ કિ.મી., તળાજા-૫૩ કિ.મી., મહુવા-૧૦૪ કિ.મી. તથા શિહોર-૨૨ કિ.મી.ના અંતરે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૨૬ : શ્રી શત્રુંજય ડેમ તીર્થ

પાલીતાણાથી તળાજા રોડ પર શ્રી શત્રુંજય ડેમ તીર્થ આવેલું છે. પાલીતાણાથી ૧૨ કિ.મી.ના અંતરે આ તીર્થ આવેલું છે. અહીં ભવ્ય જિનાલયનું નિર્માણ થયું છે. અહીં ધર્મશાળા, ભોજનશાળાની ઉત્તમ સગવડ છે. અહીંથી તળાજા ૨૮ કિ.મી.ના અંતરે આવેલ છે.

શ્રી શત્રુંજય ડેમ તીર્થ : શ્રી શત્રુંજય ડેમ તીર્થ પેઢી, શ્રી જિનદાસ ધર્મદાસ ધાર્મિક ટ્રસ્ટ, પાલીતાણા-તળાજા રોડ, મુ.પો. શત્રુંજય ડેમ (તા. પાલીતાણા) ફોન નં. (૦૨૮૪૮) ૨૫૨૨૭૫. અહીંથી કદંબગિરિ તીર્થ ૧૯ કિ.મી.ના અંતરે આવેલું છે.

## ૨૭ : શ્રી કોઠારા તીર્થ

કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં કોઠારા ગામે શ્રી શાંતિનાથ ભગવાનનું પ્રાચીન જિનાલય આવેલું છે. આ દેરાસરની પ્રતિષ્ઠા અને નિર્માણકાર્યમાં આ ગામના નિવાસી કેશવજી નાયકે અગ્રભાગ લીધો હતો. આઠ શિખરયુક્ત ગગનચુંબી જિનાલયનાં શિખરોની તથા રંગમંડપ, તોરણો, સ્તંભો વગેરેની શિલ્પકલા અદ્ભુત છે. કેશવજી નાયકે ગિરિરાજ શત્રુંજય ઉપર પણ એક ટૂંકનું નિર્માણ કરાવેલું છે. અહીંની પ્રતિમાજીઓ દર્શનીય અને સુમનોહર છે. માંડવીથી સુથરી થઈને આ તીર્થસ્થાને જઈ શકાય છે. કોઠારાથી સુથરી તીર્થ ૧૧ કિ.મી.ના અંતરે, નલીયા ૨૦ કિ.મી.ના અંતરે તથા જખૌ તીર્થ ૩૦ કિ.મી.ના અંતરે આવેલું છે. ભુજથી ૮૦ કિ.મી.ના અંતરે આ તીર્થ આવેલું છે.

શ્રી કોઠારા તીર્થ : શ્રી શાંતિનાથ જૈન દેરાસર પેઢી, મુ.પો. કોઠારા, તા. અબડાસા – ૩૭૦૬૪૫ (જિ.કચ્છ) ફોન નં. (૦૨૮૩૧) ૨૮૨૨૩૫ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૨૮ : શ્રી સુથરી તીર્થ

કચ્છ જિલ્લામાં અબડાસા તાલુકાના સુથરી ગામમાં શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ પ્રભુનું પ્રાચીન અને ભવ્ય મુખ્ય તીર્થ આવેલું છે. ભુજ રેલવે સ્ટેશનથી સુથરી તીર્થનું અંતર ૮૬ કિ.મી. અને ગાંધીધામથી ૧૬૧ કિ.મી.નું અંતર છે. તથા કોઠારા તીર્થથી માત્ર ૧૧ કિ.મી.ના અંતરે સુથરી તીર્થ આવેલું છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની ઉત્તમ સગવડ છે.

શ્રી સુથરી તીર્થ એ પંચતીર્થનું એક તીર્થ છે. આ તીર્થની ઉત્પત્તિ અને વિકાસની કોઈ માહિતી મળતી નથી. છતાં લોકવાયકા અનુસાર આ તીર્થનો ગૌરવવંતો ઈતિહાસ જાણી શકાય છે. વિક્રમના સોળમાં સૈકામા અચલગચ્છના ગોરજી ધરમચંદે શ્રી અજિતનાથ પ્રભુની પ્રતિમાજી પોતાના સ્થાનમાં સ્થાપી હતી. આ ગામના શ્રાવકો આ પરમાત્માની પૂજા-ભક્તિ કરતા હતા.

આ સમયગાળા દરમિયાન મજૂરીકામ કરીને પેટનું ગુજરાન ચલાવતા મેઘજી ઉડીઆ નામના શ્રાવકને માથે ખૂબ દેણું થઈ ગયું. મેઘજી શ્રાવક સમજી ગયા કે પોતાથી આ દેણું કોઈ કાળે ભરપાઈ થઈ શકે તેમ નથી. આથી રોજની હાયબળતરા કરતાં આત્મહત્યા જ શ્રેષ્ઠ ઉપાય છે, આમ વિચારીને તે આત્મહત્યા કરવા માટે નીકળ્યો. તો માર્ગમાં તેને દિવ્યવાણી સાંભળવા મળી. મેઘજી શ્રાવકે દિવ્યવાણીના કથનથી આત્મહત્યા કરવાનું ટાળ્યું અને પોતાના ઘેર પાછો ફર્યો.

તે દિવસે રાત્રે તેણે સ્વપ્નમાં પોતાના ઉજ્જવળ ભાવિના શુભ સંકેત જોયા. વહેલી સવારે ઊઠીને તેણે એક વેપારી પાસેથી ૨૦૦ કેરી મેળવી, તેમાથી ૧૦૦ કેરીથી પોતાનું દેણું ચૂકવ્યું. બીજી ૧૦૦ કેરી લઈને તે સ્વપ્નના સંકેત પ્રમાણે ગોધરા ગયો. ત્યાં તેનો હાલારના છોતરી ગામના દેવરાજ વણિકનો ભેટો થયો. તે વણિકના બળદના પોઠિયા ઉપર શ્રી પાર્શ્વનાથ પ્રભુની મનોરમ્ય પ્રતિમા હતી. મેઘજી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રાવકે શ્રી પાર્શ્વપ્રભુની નયનરમ્ય પ્રતિમાજીનાં ભાવથી દર્શન-વંદન કર્યાં. તેણે દેવરાજ વણિકને સો કેરીનું મૂલ્ય ચૂકવીને પ્રતિમાજી લઈ લીધી.

આ પ્રતિમાજી લઈને હર્ષ અનુભવતો મેઘજી ઉડીઆ સુથરી ગામે આવ્યો અને ઘરમાં રોટલા રાખવાના કોઠારમાં બિરાજમાન કરી. તે નિત્ય પરમાત્માની સેવા-પૂજા કરવા લાગ્યો. ગામના અન્ય શ્રદ્ધાળુઓ પણ આ પ્રતિમાની પૂજા કરવા આવવા લાગ્યા.

આ ગામના શ્રેષ્ઠી મેઘણશાએ એક વાર સમગ્ર જ્ઞાતિનો ભોજન સમારોહ યોજ્યો. આ સમારોહમાં ધારણા કરતા વધારે માણસો એકઠા થયા. રસોઈ ખૂટી ગઈ. શ્રેષ્ઠી મૂંઝાયા અને તેમણે પાર્શ્વપ્રભુને પોતાની આબરૂ સાચવવા ખરા હૃદયથી પ્રાર્થના કરી. તેણે આ પ્રતિમાજીને ઘીના ગાડવામાં બિરાજમાન કરી. સૌના આશ્ચર્ય વચ્ચે પ્રતિમાજીના પ્રભાવથી બધી રસોઈ વધી પડી. આમ ભોજન-સમારોહ સરસ રીતે ઊજવાયો. શ્રેષ્ઠીની સર્વત્ર વાહવાહ થઈ ગઈ. આ તરફ ગાડવામાંથી ગમે તેટલું ઘી કાઢવા છતાં ખૂટ્યું જ નહિ. પ્રતિમાના દિવ્ય પ્રભાવથી આવેલા સંઘો વિસ્મય પામ્યા. મોટા જનસમુદાયને આ પરમાત્માએ ઘીનો કલ્લો કરાવ્યો. આ પ્રસંગથી અત્યંત હર્ષ પામેલા શ્રાવકોએ પરમાત્માને 'ધૃતકલ્લોલ પાર્શ્વનાથ' પ્રભુના નામથી સંબોધ્યા.

આ ઘટના ક્યારે બની તેનો ઉલ્લેખ પ્રાપ્ત નથી. ૧૬મા કે ૧૭મા સૈકામાં 'શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ' નામ પ્રસિદ્ધ થયાનું માની શકાય. કારણ કે એ સમયમાં થઈ ગયેલા જૈન આચાર્યોએ આ પાર્શ્વનાથનો 'શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ' તરીકેનો નામોલ્લેખ પોતાની રચનાઓમાં કર્યો છે. આ પ્રતિમાજી મહારાજા સંપ્રતિના સમયની છે. સંવત ૧૭૧૨માં શ્રીસંઘે આ પ્રતિમાજીનો સ્વીકાર કરીને પ્રથમ કાષ્ઠંદિરમાં, બાદમાં ભવ્ય જિનાલયમાં સં. ૧૮૯૬ના વૈશાખ સુદ-૮ના દિવસે પરમાત્માને પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા.

વર્તમાનમાં આ તીર્થની યાત્રાએ મોટી સંખ્યામાં ભાવિકો જતા-આવતા રહે છે. એવું કહેવાય છે કે અચલગચ્છાધિપતિ શ્રી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલ્યાણસાગરસૂરિજી મહારાજે છીકારીમાં આ પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરી હતી: સુથરી તીર્થનું આ જિનાલય કલાત્મક અને દર્શનીયછે. જૈનાચાર્યો અને કવિઓએ શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથની મુક્તમને પોતાની કૃતિઓમાં સ્તુતિ કરી છે.

શ્રી સુથરી તીર્થ : શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન દેરાસર, મુ.પો.સુથરી – ૩૭૦૪૯૦ તા. અબડાસા (જિ.કચ્છ). ફોન નં. (૦૨૮૩૧) ૨૮૪૨૨૩છે. અહીંયાં નજીકમાં આવેલાં તીર્થોમાં કોઠારા ૧૦ કિ.મી. જખૌ-૪૪ કિ.મી. તથા સાંધણ-૧૦ કિ.મી.ના અંતરે છે.

## ૨૯ : શ્રી નલિયા તીર્થ

કચ્છ જિલ્લાના ભુજથી ૯૭ કિ.મી.ના અંતરે શ્રી નલિયા તીર્થ આવેલું છે. આ તીર્થમાં શ્વેતવર્ણની પદ્માસનસ્થ શ્રી ચંદ્રપ્રભુ સ્વામી મૂળનાયક રૂપે બિરાજમાનછે. વિશાળ સોળ શિખર તથા ચૌદ મંડપોથી સુશોભિત આ જિનાલયની કલાકારીગરી અદ્દ્ભુત અને દર્શનીય છે. શેઠ શ્રી નરશી નાથા દ્વારા આ જિનાલયનું નિર્માણ થયું છે. અહીં કાચ ઉપરાંત પથ્થરમાં સોનાની કલા વિશિષ્ટ છે. આ ઉપરાંત અન્ય ત્રણ દેરાસરો બાજુબાજુમાં આવેલાં છે. તેરા તીર્થથી ૧૩ કિ.મી.ના અંતરે આ તીર્થસ્થાન આવેલું છે. આ વિશાળ અને ભવ્ય જિનાલયની પ્રતિષ્ઠા વિક્રમ સંવત ૧૮૯૭માં થઈ હતી.

શ્રી નલિયા તીર્થ : શ્રી શાંતિનાથ જૈન દેરાસર પેઢી, મુ.પો. નલિયા – ૩૭૦૬૫૫, તા. અબડાસા (જિ.કચ્છ). ફોન નં. (૦૨૮૩૧) ૨૨૨૩૨૭છે. અહીંથી તેરા તીર્થ ૧૪ કિ.મી., કોઠારા તીર્થ ૨૦ કિ.મી. તથા જખૌ-૧૩ કિ.મી.ના અંતરે આવેલ છે.

## ૩૦ : શ્રી જખૌ તીર્થ

કચ્છ જિલ્લાના ભુજ શહેરથી ૧૦૮ કિ.મી.ના અંતરે શ્રી જખૌ તીર્થ આવેલું છે. નલિયાથી ૧૫ કિ.મી. તથા તેરા તીર્થથી ૨૮ કિ.મી.ના અંતરે આ તીર્થ આવેલું છે. અહીં વર્તમાન ચોવીશીના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંતિમ તીર્થંકર ભગવંત શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી મૂળનાયક રૂપે બિરાજમાન છે. આ જિનાલયની પ્રતિષ્ઠા વિક્રમ સંવત ૧૯૦૫માં થઈ હતી. અહીં એક જ કોટમાં આ જિનાલય ઉપરાંત બીજાં આઠ દેરાસર એટલે કે નવ ટૂંકનાં દર્શન થાય છે. અહીં દરેક ટૂંકનાં શિખરો ઉપર દર્શન કરતાં અદ્‌ભુત અનુભવ અને શાંતિ પ્રાપ્ત થાય છે.

## ૩૧ : શ્રી તેરા તીર્થ

કચ્છ જિલ્લાના ભુજ શહેરથી શ્રી તેરા તીર્થ ૮૪ કિ.મી.ના અંતરે આવેલું છે તથા નલિયાથી ૧૩ કિ.મી.ના અંતરે છે.

શ્રી તેરા તીર્થમાં મૂળનાયક રૂપે જીરાવલ્લા પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે. આ પ્રતિમા શ્રી સંપ્રતિ મહારાજ દ્વારા પ્રતિષ્ઠિત કરાઈ હોવાનું માનવામાં આવે છે. આ જિનાલયનું પુનઃનિર્માણ વિક્રમ સંવત ૧૯૧૫માં થયું હતું. અહીંયા નવ ઉન્નત શિખરોની કલાકારીગરી જોવાલાયક છે. ઉપરાંત અહીં શ્રી શામળાજી પાર્શ્વનાથ ભગવાનનું જિનાલય તથા કાચનું જિનાલય દર્શનીય છે. આ જિનાલયમાં રજૂ થયેલી ચિત્રાકૃતિઓ અત્યંત સુંદર લાગે છે. ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.

શ્રી તેરા તીર્થ : શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ, મુ.પો. તેરા – ૩૭૦૬૬૦, તા. અબડાસા (જિ.કચ્છ). ફોન નં. (૦૨૮૩૧) ૨૮૯૨૨૩ તથા ૨૮૯૨૨૪ છે. નજીકમાં નલિયા તીર્થ ૧૪ કિ.મી.ના અંતરે, જખૌ - ૧૪ કિ.મી. તથા મોથાળા - ૨૨ કિ.મી.ના અંતરે આવેલાં તીર્થ છે.

## ૩૨ : શ્રી બોંતેર જિનાલય તીર્થ

કચ્છ જિલ્લાના ભુજ શહેરથી ૫૦ કિ.મી.ના અંતરે શ્રી બોંતેર જિનાલય તીર્થ આવેલું છે. આ તીર્થ માંડવીથી ૧૦ કિ.મી, ભુજપુરથી ૨૮ કિ.મી., વાંકીથી ૬૦ કિ.મી. તથા બીદડાથી ૮ કિ.મી.ના અંતરે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવેલું છે. આ તીર્થ કચ્છ જિલ્લામાં શિરમોર સમું છે. અત્યંત દર્શનીય તીર્થસ્થાન છે. અહીં ધર્મશાળા, ભોજનશાળા, નવકારશી, ઉપાશ્રય વગેરેની સર્વોત્તમ સગવડ છે.

બોંતેર જિનાલયથી પાંચેક કિલોમીટરના અંતરે કોડાયકેનાલ તીર્થ આવેલું છે. અહીં પૂ. ભક્તિસૂરી સમુદાયના આ.ભ.પૂ. સુબોધસૂરિજી મહારાજના શિષ્યરત્ન મુનિશ્રી વિદ્યાચંદ્રવિજયજી મહારાજે તાજેતરમાં ભગવતી પદ્માવતી દેવી, શ્રી માણિભદ્રવીર તથા આ.પૂ. શ્રી સુબોધસૂરિજી મહારાજની દેરીનું નિર્માણ કરેલ છે. જેની પ્રતિષ્ઠા સન ૨૦૦૬માં આ.ભ.પૂ. પ્રેમસૂરીશ્વરજી મ. આદિના વરદ હસ્તે કરવામાં આવી હતી.

શ્રી બોંતેર જિનાલય તીર્થ : શ્રી યશોધન બોંતેર જિનાલય ટ્રસ્ટ, ગુણનગર, મુ.પો. તલવાણા, તા. માંડવી – ૩૭૦૪૬૫ (જિ.કચ્છ). ફોન નં. (૦૨૮૩૪) ૨૪૪૧૫૯, ૨૭૫૪૫૪ તથા ૨૨૦૪૨૬ છે.

## ૩૩ : કચ્છનાં અન્ય તીર્થો

(૧) અંજારથી ૫૬ કિ.મી.ના અંતરે, ભદ્રેશ્વરથી ૩૦ કિ.મી. તથા ગુંદાલાથી ૧૫ કિ.મી.ના અંતરે દર્શનીય શ્રી વાંકી તીર્થ આવેલું છે.

શ્રી વાંકી તીર્થ : શ્રી વર્ધમાન તત્ત્વજ્ઞાન જૈન વિદ્યાલય, મુ.વાંકી તીર્થ. તા. મુંદ્રા – ૩૭૭૪૨૫ (જિ. કચ્છ) ફોન નં. (૦૨૭૩૮) ૨૭૮૨૪૦ છે.

(૨) શ્રી કટારિયા તીર્થ : કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકામાં શ્રી કટારિયા તીર્થ આવેલું છે. અહીંથી ભુજ ૧૦૦ કિ.મી.ના અંતરે આવેલું છે તથા લક્કડિયાથી ૭ કિ.મી.ના અંતરે આ તીર્થ આવેલું છે.

શ્રી કટારિયા તીર્થ : શેઠ શ્રી વર્ધમાન આણંદજીની પેઢી, વલ્લભપુરી, મુ.પો. કટારિયા – ૩૭૦૧૪૫. તા. ભચાઉ (જિ.કચ્છ) ફોન નં. (૦૨૮૩૭) ૨૭૩૩૪૧ (કટારિયા બોર્ડિંગ) છે.

(૩) શ્રી માંડવી તીર્થ : શ્રી મેઘજી સોજપાલ જૈન આશ્રમ, ભુજ રોડ, મુ. માંડવી – ૩૭૦૪૬૫. (જિ. કચ્છ). ફોન નં.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૦૨૮૩૪) ૨૨૦૮૮૦ તથા ૨૨૦૦૪૬ છે. નજીકમાં બોંતેર જિનાલય ૧૦ કિ.મી.ના અંતરે તથા માંડવી આશ્રમ ૬ કિ.મીના અંતરે આવેલ છે.

## ૩૪ : શ્રી જામનગર તીર્થ

સૌરાષ્ટ્રના જામનગર શહેરના ચોકમાં શ્રી ભાભા પાર્શ્વનાથ પ્રભુનું પ્રાચીન જિનાલય આવેલું છે. જેને ચોરીવાળું દેરાસર પણ કહેવામાં આવે છે. જામનગરમાં આવેલાં જિનાલયો ભવ્ય અને કલાકારીગરીથી સમૃદ્ધ છે. ગામમાં કુલ ૧૮થી વધારે જિનાલયો છે. જૈનોની પ્રમાણમાં વસ્તી વિશેષ છે. જામનગર જિલ્લાનાં ગામડાંઓમાં પણ ભવ્ય જિનપ્રાસાદો છે.

જામનગરમાં શ્રી ભાભા પાર્શ્વનાથજીની પ્રતિમાજી શ્યામવર્ણની, વેળુના પદ્માસનમાં બિરાજમાન છે. આ પ્રતિમાજી સપ્તફણાથી સુશોભિત છે. જામનગરનાં મોટા ભાગનાં જિનાલયોના નિર્માણમાં ભદ્રેશ્વરથી અહીં આવીને વસેલા શ્રેષ્ઠીઓનું યોગદાન રહ્યું છે. જામનગરનાં જિનાલયોની કલાત્મક બાંધણી અદ્ભુત છે. ભદ્રેશ્વરથી શ્રી વર્ધમાન શાહ, પદ્મસિંહ રાઠોડ, તેજસી શેઠ, રાયસિંહ શેઠ, મેઘજી પેથરાજ વગેરે જામનગર આવીને વસ્યા અને જિનાલયોના નિર્માણમાં મહત્તમ યોગદાન આપ્યું છે.

શ્રી ભાભા પાર્શ્વનાથનું જિનાલય ચોરીવાળા દેરાસર તરીકે ઓળખાય છે. સંવત ૧૬૭૮ના વૈશાખ સુદ ૮ના રવિવારે અચલગચ્છીય આચાર્ય શ્રી કલ્યાણસાગરસૂરિજી મહારાજના ઉપદેશથી શ્રીસંઘે આ બિંબની પ્રતિષ્ઠા કરાવી હતી. શ્રી ભાભા પાર્શ્વનાથનું પ્રાચીન જિનાલય અમદાવાદમાં પણ છે.

શ્રી જામનગર તીર્થ : શેઠ રાયસિંહ વર્ધમાનની પેઢી, જૈન દેરાસર ચોક, ચાંદી બજાર, જામનગર – ૩૬૧૦૦૧. ફોન નં. (૦૨૮૮) ૨૬૭૮૯૨૩ (પેઢી) છે. વિશાશ્રીમાળી તપાગચ્છ જૈન ધર્મશાળાનો



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફોન નં. ૨૫૫૫૯૪૬ તથા કુંવરબાઈ જૈન ધર્મશાળાનો ફોન નં. ૨૬૭૯૯૧૬ છે.

## ૩૫ : શ્રી હાલારધામ તીર્થ

જામનગરથી જામખંભાળિયા જતાં માર્ગમાં વડાલિયા સિંહણના પાટિયે આ હાલાર તીર્થ આવેલું છે જે આરાધનાધામ તરીકે પ્રખ્યાત છે. આ તીર્થ નવું છે પરંતુ અત્યંત મનોહર અને દર્શનીય છે. શ્રમણ ભગવાન મહાવીરસ્વામી મૂળનાયક રૂપે આ તીર્થમાં બિરાજમાન છે. અહીં શ્રી નવકાર પીઠ આવેલી છે. નવકારની આરાધના અર્થે ભાવિકો આવતા-જતા રહે છે તેમજ મ્યુઝિયમ જોવા લાયક છે. મ્યુઝિયમમાં વિવિધ પ્રસંગોની કૃતિઓ દર્શનીય છે. ધર્મશાળા, ભોજનશાળાની ઉત્તમ સગવડ છે.

શ્રી હાલારધામ તીર્થ : હાલારધામ આરાધના ભવન, મુ.પો. વડાલિયા સિંહણ, તા. જામખંભાળિયા. (જિ.જામનગર) – ૩૬૧૩૦૫ ફોન નં. (૦૨૮૩૩) ૨૫૪૦૬૩, ૨૫૪૧૫૬/૫૭/૫૮ છે.

## ૩૬ : શ્રી શિયાણી તીર્થ

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી શહેરથી ૧૩ કિ.મી.ના અંતરે શ્રી શિયાણી તીર્થ આવેલું છે. આ તીર્થ ઘણું પ્રાચીન છે. પણ તે અંગેની માહિતી ઉપલબ્ધ નથી. આ તીર્થમાં શ્વેતવર્ણના, પદ્માસનસ્થ શ્રી શાંતિનાથ પ્રભુ મૂળનાયક રૂપે બિરાજમાન છે. એવું માનવામાં આવે છે કે આ પ્રતિમાજીની પ્રતિષ્ઠા મહારાજા સંપ્રતિના વરદ હસ્તે થઈ છે. સુરેન્દ્રનગર જિલ્લાનું આ પ્રાચીનતમ તીર્થ ગણાય છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

શ્રી શિયાણી તીર્થ : શ્રી શિયાણી જૈન સંઘ, મુ.પો. શિયાણી તા.લીંબડી (જિ. સુરેન્દ્રનગર) – ૩૬૩૪૨૧. ફોન નં. (૦૨૭૫૩) ૨૫૧૫૫૦ છે. નજીકમાં આવેલાં તીર્થોમાં લીંબડી ૧૩ કિ.મી.,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુરેન્દ્રનગર ૪૩ કિ.મી.ના અંતરે તથા લખતર ૨૦ કિ.મી.ના અંતરે છે.

## ૩૭ : શ્રી વઢવાણ તીર્થ

સુરેન્દ્રનગર જિલ્લામાં સુરેન્દ્રનગર શહેરને અડોઅડ આવેલ વઢવાણ સિટીમાં શ્રી આદિનાથ પ્રભુનું પ્રાચીન જિનાલય આવેલું છે. જિનાલય રમણીય અને આલીશાન છે. બાવન જિનાલયથી અલંકૃત આ દેરાસર છે. પાછળ પ્રદક્ષિણામાં શ્રી શાંતિનાથ ભગવાનનું બિંબ છે, જે મહારાજા સંપ્રતિના સમયનું છે. અહીં ઉપાશ્રય, દાનભંડાર તથા આયંબિલ ખાતું છે. ગામ બહાર ભોગાવાના નાકે શ્રી વીરપ્રભુનું શૂલપાણિ યક્ષના ઉપસર્ગનું સ્થાપનાતીર્થ છે. વઢવાણનું પૂર્વ નામ વર્ધમાનપુર હતું. રા'ખેંગારની પત્ની સતી રાણકદેવીએ અહીં અગ્નિપ્રવેશ કર્યો હતો.

## ૩૮ : શ્રી સુરેન્દ્રનગર તીર્થ

સુરેન્દ્રનગરમાં ભવ્ય જિનાલય આવેલું છે. પહેલાં વઢવાણ કેમ્પ તરીકે ઓળખાતું હતું. સુરેન્દ્રનગરમાં આવલાં જિનાલયો દર્શનીય અને કલાકારીગરીથી સમૃધ્ધ છે. અહીં આસપાસમાં જોરાવરનગર, ધ્રાંગધ્રા, હળવદ, રાજસીતાપુર, લખતર, ચોટીલા, લીંબડી વગેરે સ્થાનો પર દર્શનીય પ્રાચીન જિનાલયો આવેલા છે. ચોટીલાનું જિનાલય તાજેતરમાં આવેલ ભૂકંપના કારણે ક્ષતિગ્રસ્ત થયું હતું, જેનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. વીરમગામમાં દર્શનીય શ્રી જિનમંદિર છે.

## ૩૯ : શ્રી ઉપરિયાળા તીર્થ

સુરેન્દ્રનગર જિલ્લામાં પાટડી તાલુકામાં આવેલ ઉપરિયાળાજીમાં પ્રાચીન અને દર્શનીય જિનાલય આવેલું છે. ઉપરિયાળાજી તીર્થથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માંડલ તીર્થ ૨૧ કિ.મી., વીરમગામ ૩૧ કિ.મી.ના અંતરે આવેલ છે.

આ તીર્થની પ્રાચીનતા જાણવી મુશ્કેલ છે, પરંતુ વિ.સં. ૧૫૦૦ પૂર્વેના ગ્રંથોમાં આ તીર્થનો ઉલ્લેખ થયો હોવાના કારણે ૬૦૦ વર્ષની આસપાસ તો આ તીર્થ પ્રાચીન જરૂર છે.

એક ભાગ્યશાળી ખેડૂતને જમીનમાંથી શ્રી આદીશ્વર ભગવાનની પ્રતિમાજી પ્રાપ્ત થયા હતા. જે પદ્માસનસ્થ અને ચંદનવર્ણના હતા. આ પ્રતિમાજી ખૂબ જ ચમત્કારિક છે. આજે પણ અનેક ચમત્કારો થતા રહે છે. અહીં જમીનમાંથી પ્રાપ્ત થયેલી બીજી પણ પ્રતિમાજીઓ છે. પ્રતિમાજીઓ સુંદર અને મનોરમ્ય છે. અહીં લગભગ ૧૦૦ વર્ષથી અખંડ જ્યોત ઝગમગી રહી છે, જેમાંથી કેસરિયા કાજલનાં દર્શન થાય છે. વીરમગામ-ખારાઘોડા રેલવે માર્ગ ઉપર ઉપરિયાળાજી સ્ટેશન છે. વીરમગામ દસાડા માર્ગ પર ફૂલકી, નવરંગપુરા થઈને અહીં અવાય છે. પાટડી ગામથી ૧૦ કિ.મી. છે. અહીં શ્રી પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય આવેલું છે. ભોજનશાળા-ધર્મશાળાની સગવડ છે.

શ્રી ઉપરિયાળા તીર્થ : શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢી, મુ.પો. ઉપરિયાળાજી – ૩૮૨૭૬૫ તા. પાટડી (જિ.સુરેન્દ્રનગર) ફોન નં. (૦૨૭૫૭) ૨૨૬૮૨૬ છે.

## ૪૦ : શ્રી ઈડર તીર્થ

સાબરકાંઠા જિલ્લામાં ઈડર ખાતે શ્રી શાંતિનાથ ભગવાનનું પ્રાચીન જૈનતીર્થ આવેલું છે. શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનાં ૨૮૫ વર્ષ બાદ શ્રી સંપ્રતિ મહારાજાએ આ તીર્થમાં શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરાવી હોય તેવો ઉલ્લેખ ઇતિહાસમાં દર્શાવાયો છે.

રાજરાજેશ્વર મહારાજા કુમારપાળે આ તીર્થના જીર્ણોદ્ધાર વખતે શ્રી આદીશ્વર ભગવાનની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. સત્તરમી સદીમાં શ્રીસંઘે જીર્ણોદ્ધાર કરાવીને શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ તીર્થ એક વિરાટ નગરીમાં ઉચ્ચ સ્થાને છે. પહાડ ઉપર કિલ્લામાં આવેલા આ તીર્થનું દૃશ્ય રમણીય અને મનમોહક છે. પહાડ ઉપર ચઢવાનાં ૬૦૦ પગથિયાં છે. પહાડ પર ચઢતાં લગભગ પોણો કલાક જેટલો સમય લાગે છે. 'ઈડરિયો ગઢ' લોકવાયકામાં પ્રખ્યાત છે. ઈડર ગામમાં રહેવાની તથા ભોજનશાળાની સગવડ છે.

શ્રી ઈડર તીર્થ : શ્રી આણંદજી મંગલજીની પેઢી, કોઠારાવાડા, ગોડીજી જૈન દેરાસર પાસે, મુ.પો. ઈડર – ૩૮૩૪૩૦ ફોન. નં. (૦૨૭૭૮) ૨૫૦૦૮૦, પહાડ ઉપરનો ફોન નં. ૨૫૦૪૪૨ છે. અહીંથી ત્રણ કિ.મી.ના અંતરે પાવાપુરી જળમંદિરનું નિર્માણ થયું છે તથા હાઈવે પર એક તીર્થનું નિર્માણ થયું છે, જ્યાં તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ છે.

## ૪૧ : શ્રી મોટા પોસીના તીર્થ

ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના મોટા પોસીના ગામે શ્રી મોટા પોસીના પાર્શ્વનાથનું જિનાલય આવેલું છે. આ 'વિઘ્નાપહાર પાર્શ્વનાથ જિનાલય' તરીકે પણ જાણીતું છે. તેમ જ 'શ્રી વિઘ્નહરા પાર્શ્વનાથ' પણ કહે છે. ખેડબ્રહ્મા રેલવે સ્ટેશનથી ૪૦ કિ.મી.ના અંતરે શ્રી મોટા પોસીના તીર્થ આવેલું છે. અહીં પાંચ જિનાલયો વિદ્યમાન છે. જિનાલયો પ્રાચીન અને ભવ્ય છે. મોટા પોસીનાથી પાંચ માઈલના અંતરે એક મનોરમ્ય ડુંગર છે. તે ઓળંગીને રોહીડા (રાજસ્થાન)માં જઈ શકાય છે. શ્રી મોટા પોસીના તીર્થમાં દર વર્ષે જેઠ વદ ૧૧ના દિવસે ધજા ચઢાવવામાં આવે છે.

શ્રી મોટા પોસીના તીર્થ ચાર નયનરમ્ય અને દર્શનીય જિનાલયોથી અલંકૃત છે. આચાર્ય ભગવંત શ્રી સોમસુંદરસૂરીશ્વરજી મહારાજ જૈન શાસનના પ્રભાવક આચાર્ય થયા હતા. તેઓ એક વાર વિચરણ કરતાં મોટા પોસીના ગામે પધાર્યા. આ ગામમાં ગોપાલ નામનો ધર્મવત્સલ અને શ્રીમંત શ્રેષ્ઠી રહેતો હતો. તે આચાર્ય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવંતની વાણી સાંભળીને વધારે ધર્માભિમુખ બન્યો. એને મનોહર જિનાલય બંધાવવાની ભાવના થઈ. ભાવનાને સાકાર કરવા તેણે બે મંડપ સાથેના ભવ્ય જિનાલયું નિર્માણ કરાવ્યું. આ જિનાલયમાં તેની પત્ની અહિલદેવી તથા પુત્રીએ સં.૧૪૭૭માં આ.ભ.શ્રી સોમસુંદરસૂરિજી મ.ના વરદ હસ્તે શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરી.

મંગલ સમયમાં, ઉત્તમ ચોઘડિયે મંદિરનો પ્રતિષ્ઠા-મહોત્સવ તો સંપન્ન થયો, પણ અચાનક એક વિઘ્ન આવીને ઊભું રહ્યું. એવું બન્યું કે જિનાલયની પાસે એકાએક આગ લાગી. સૌ કોઈ ચિંતામાં પડી ગયાં અને વિચારવા લાગ્યાં કે થોડી વારમાં નૂતન જિનાલય આગની લપેટમાં ભરખાઈ જશે.

મહોત્સવમાં આવેલા સૌ કોઈની ચિંતાનો પાર નહોતો. એ વખતે તો અગ્નિની મહાજ્વાળાને તત્કાળ ઠારવાનાં સાધનો નહોતાં.

ત્યાં જ ચમત્કાર થયો. એકાએક પ્રગટેલો અગ્નિ જિનાલયને કોઈ પણ નુકસાન કર્યા વિના શાંત પડી ગયો. આમ થતાં સૌ કોઈ પાર્શ્વનાથ પ્રભુનો અને જૈન શાસનદેવનો જયનાદ કરવા લાગ્યા. સૌ કોઈને થયું કે આ પ્રભુના પ્રભાવથી જ અગ્નિ શાંત પડ્યો છે. અગ્નિના વિઘ્નનો અપહાર થતાં લોકો ઉમંગ સાથે બોલી ઊઠ્યા : 'શ્રી વિઘ્નાપહાર પાર્શ્વનાથ ભગવાનની જય.'

એ દિવસથી જૈન-જૈનેતરોમાં શ્રી વિઘ્નાપહાર પાર્શ્વનાથ પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિમાં વધારો થયો. મહારાજા સાયરે શ્રી જિનાલયના નિભાવ માટે એક વાડીની ભેટ શ્રીસંઘને આપી હતી. આ. શ્રી સોમસુંદરસૂરિજી મ.ના ઉપદેશથી સં. ૧૪૮૧માં માંડણ ગામના શ્રેષ્ઠીએ આ જિનાલયમાં એક દેવકુલિકાનું નિર્માણ કર્યું હતું. જ્યારે સં. ૧૪૯૧ના માગસર વદ ૪ના દિવસે અર્જુન નામના શ્રેષ્ઠીએ આ. સોમસુંદરસૂરિના વરદ હસ્તે જિનાલયમાં ઋષભદેવ પ્રભુની પ્રતિમાજી પ્રતિષ્ઠિત કરાવી.

સં. ૧૪૮૧માં માંડણ શ્રેષ્ઠીએ આ.શ્રી સોમસુંદરસૂરિજીના હસ્તે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાન શાંતિનાથની પ્રતિષ્ઠા કરાવી હતી. આ ગામમાં શ્રી શાંતિનાથ ભગવાનનું જિનાલય છે. તેના મૂળનાયક નીચે સં.૧૨૮૧નો ઉલ્લેખ છે. તેમજ શ્રી નેમિનાથ પ્રભુના મંદિરમાં મૂળનાયક નીચે સંવત ૧૮૮૮નો લેખ છે.

મોટા પોસીનામાં ચોથું શ્રી મહાવીરસ્વામીનું જિનાલય છે. આ. શ્રી વિજયદેવસૂરિ મ. ૧૭મા સૈકામાં મોટા પોસીના પધાર્યા ત્યારે અહીંનાં પાંચેય જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. જૈનાચાર્યોએ શ્રી મોટા પોસીના પાર્શ્વનાથ તીર્થની મુક્તમને પ્રશસ્તિ કરી છે.

શ્રી મોટા પોસીના તીર્થ : શ્રી મોટા પોસીના શ્વે.મુ.દેરાસર ટ્રસ્ટ, મુ.પો. મોટા પોસીના – ૩૮૩૪૨૨. તા. ખેડબ્રહ્મા (જિ.સાબરકાંઠા). ફોન નં. (૦૨૭૭૫) ૨૮૩૪૭૧, ૨૮૩૩૩૦છે. આ તીર્થની નજીકમાં કુંભારિયાજી ૨૯ કિ.મી., ખેડબ્રહ્મા ૪૫ કિ.મી. તથા ઈડર ૭૦ કિ.મી.ના અંતરે આવેલાં તીર્થો છે.

## ૪૨ : શ્રી નાના પોસીના તીર્થ

ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં આવેલા નાના પોસીના (સાબલી) ખાતે પરમ પ્રભાવક અને ચમત્કારિક તીર્થધામ શ્રી પોસીના પાર્શ્વનાથનું પ્રાચીન જિનાલય આવેલું છે. આ તીર્થ ઈડરથી ૨૨ કિ.મી.ના અંતરે આવેલું છે. અહીં ધર્મશાળાની ઉત્તમ સગવડ છે.

ઈડર તાલુકાના નાના પોસીના ગામની વચ્ચોવચ્ચ શ્રી પોસીના પાર્શ્વનાથ પ્રભુનું ભવ્ય, શિખરબંધી પ્રાચીન જિનાલય આવેલું છે. આ પ્રતિમાજી મહારાજા સંપ્રતિના સમયની છે.

૧૨માં સૈકા પૂર્વે એક ધર્મશ્રદ્ધાળુ બ્રાહ્મણ પોતાના ખેતરમાં ખેડી રહ્યો હતો, ત્યારે તેનું હળ કંથેરના વૃક્ષ નીચે અટક્યું. આથી તે બ્રાહ્મણને આશ્ચર્ય થયું. તેણે તરત જ પોતાના હળને દૂર કર્યું અને તે જગ્યાએ ખોદકામ કર્યું. ત્યાં તેની દૃષ્ટિમાં શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમા જોવામાં આવી. બ્રાહ્મણદેવતા અત્યંત આનંદ પામ્યો. તેણે ખૂબ જ ધૈર્યથી ૩૧ ઈંચ ઊંચી પ્રતિમાજીને ભૂમિમાંથી બહાર કાઢી. બ્રાહ્મણના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરખનો પાર નહોતો. તેને થયું કે આ પ્રતિમાજી ખેતરમાં રહે તો યોગ્ય ન કહેવાય. આથી તેણે આ જિનબિંબ જૈનસંઘના હાથમાં સોંપ્યું. શ્રીસંઘે ગામની વચ્ચોવચ્ચ જિનાલયનું નિર્માણ કરાવીને તેમાં પ્રતિમાજીને ભવ્ય મહોત્સવ યોજીને પ્રતિષ્ઠિત કરાવી. આ પ્રતિમાજી તે જ શ્રી પોસીના પાર્શ્વનાથ.

મહારાજા કુમારપાળના સમયમાં નૂતન ભવ્ય જિનાલય બન્યું. ત્યાર પછી તો અનેકવાર આ જિનાલયના જીર્ણોદ્ધાર થતા રહ્યા. વિ.સં. ૧૨૦૧થી ૧૭મી સદી સુધીમાં અનેક પ્રભાવક જૈનાચાર્યો દ્વારા પ્રતિષ્ઠા મહોત્સવ થયાના ઉલ્લેખો છે. આ તીર્થનો છેલ્લો જીર્ણોદ્ધાર આ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી થયો. વિ.સ. ૨૦૦૮ના પોષ વદ-૬ના તેઓશ્રીના વરદ હસ્તે મૂળનાયક સહિત અન્ય જિનપ્રતિમાજીઓની પ્રતિષ્ઠા રંગેચંગે કરવામાં આવી હતી. દર વર્ષે માગસર વદ ૧૦ના રોજ ભવ્ય મહોત્સવ રચાય છે. આ દિવસે યાત્રાળુઓ મોટી સંખ્યામાં ઊમટી પડે છે. અહીં શ્રાવણ વદ ૮ના દિવસે જૈનેતરોનો મોટો મેળો ભરાય છે. આ તીર્થ અત્યંત પ્રભાવક અને પ્રાચીન છે. અનેક લોકોને આ પ્રતિમાજીનાં દર્શનથી ચમત્કાર જોવા મળ્યા છે.

શ્રી નાના પોસીના તીર્થ : શ્રી આણંદજી મંગલજીની પેઢી, શ્રી પાર્શ્વનાથ જૈન દેરાસર. મુ.પો. નાના પોસીના, તા.ઈડર, (જિ.સાબરકાંઠા) ફોન નં. (૦૨૭૭૮) ૨૬૬૩૬૭ છે. નજીકમાં વડાલી તીર્થ ૧૨ કિ.મી.ના અંતરે તથા શ્રી ઈડર તીર્થ ૨૨ કિ.મી.ના અંતરે આવેલ છે.

## ૪૩ : શ્રી ખેડબ્રહ્મા તીર્થ

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ગામમાં શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનું પ્રાચીન જૈન તીર્થ આવેલું છે. આ જિનાલય લગભગ ૫૦૦ વર્ષથી વધારે પ્રાચીન છે. આ ઉપરાંત અહીં શ્રી આદીશ્વર ભગવાનનું જિનાલય આવેલું છે. ઈડરથી નજીકનું મોટું ગામ ખેડબ્રહ્મા છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૪૪ : શ્રી વડાલી તીર્થ

સાબરકાંઠા જિલ્લામાં ઈડરથી ખેડબ્રહ્માના માર્ગે ૧૪ કિ.મી.ના અંતરે, હિંમતનગરથી ૪૪ કિ.મી.ના અંતરે શ્રી વડાલી તીર્થ આવેલું છે. અહીં શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાનનું બારમી સદી પહેલાંનું જિનાલય આવેલું છે. આ જિનાલયમાં બિરાજમાન શ્રી અમીઝરા પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિમાજી ખૂબ જ ચમત્કારિક છે. એકવાર પ્રભુજીની પ્રતિમાજીમાંથી અસીમ માત્રામાં અમી ઝર્યા કરતું હતું. આ કારણે ભક્તજનો આ પ્રતિમાજીને અમીઝરા પાર્શ્વનાથ ભગવાન તરીકે ઓળખે છે.

આ ઉપરાંત અહીં આદિનાથ ભગવાન તથા શ્રી શાંતિનાથ ભગવાનનું એમ બે જિનાલયો આવેલાં છે. શ્રી વડાલી તીર્થમાં ધર્મશાળા છે પણ ભોજનશાળાની સગવડ નથી.

શ્રી વડાલી તીર્થ : શ્રી વડાલી આદિનાથ જૈન શ્વે. મૂ.પૂ.તીર્થ, પો.વડાલી – ૩૮૩૨૩૫. ઈડર-વડાલી હાઈવે (જિ. સાબરકાંઠા). ફોન નં. (૦૨૭૭૮) ૨૨૦૩૧૯ તથા ૨૨૦૪૧૯ છે. આ તીર્થની બહાર અમદાવાદ હાઈવે પર ૨૪ તીર્થંકર ભગવંતોનું તીર્થ નિર્માણ પામ્યું છે. આ તીર્થમાં ૪૦ પ્રતિમાજીઓ થોડા સમય પહેલાં જમીનમાંથી પ્રાપ્ત થઈ હતી.

## ૪૫ : શ્રી પાલનપુર તીર્થ

ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરમાં શ્રી પલ્લવિયા પાર્શ્વનાથ પ્રભુનું મુખ્ય પ્રાચીન તીર્થ આવેલું છે. બનાસકાંઠાનું આ મુખ્ય શહેર છે. અમદાવાદ-આબુરોડ રેલવેલાઇન પર પાલનપુર રેલવેસ્ટેશન વચ્ચે આવે છે. પાલનપુર જમીનમાર્ગે પણ જઈ શકાય છે. પાલનપુરમાં દસ જિનાલયો આવેલાં છે. અહીં ધર્મશાળા, ભોજનશાળા, ઉપાશ્રયો તથા જ્ઞાનભંડારો આવેલા છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી પલ્લવિયા પાર્શ્વનાથની તેજસ્વી પ્રતિમાજી અહીં બિરાજમાન છે.

જૈન શાસનના ઝગમગતા સિતારા સમાન, પરમ પ્રભાવક આ.શ્રી સોમસુંદરસૂરિ તથા મોગલ શહેનશાહ અકબરને પ્રતિબોધ આપનાર આચાર્ય ભગવંત શ્રી હીરવિજયસૂરિ જેવી હસ્તીઓની પાલનપુર જન્મભૂમિ રહી છે. પાલનપુર નગર એક હજાર વર્ષથી પ્રાચીન હોવાનું માનવામાં આવે છે. મહારાજા પાલણ અર્થાત્ પ્રહ્લાદને અર્બુદાચલના શાસન પર બેસીને વિ.સં. ૧૦૦૧માં રાજ્યની ધુરા સંભાળી. રાજા પાલણ પરમ શિવભક્ત હતો. તેણે પિત્તળની ધાતુની એક દર્શનીય જિન પ્રતિમાજીને પિગાળીને તેમાંથી એક નંદીનું નિર્માણ કરાવ્યું. રાજા પાલણે આ નંદી એક શિવમંદિરમાં પ્રતિષ્ઠિત કર્યો.

રાજા પાલણથી આ અક્ષમ્ય ભૂલ થઈ ગઈ હતી. તેને આચરેલા પાપની સજા ભોગવવી પડી. કર્મની સત્તા સામે કોઈનું કશું ચાલતું નથી. પાલણ રાજાને આચરેલા પાપની સજા મળી. તેની કામણગારી કાયા પર કુષ્ઠરોગે ભરડો લીધો. સમગ્ર દેહ કુષ્ઠરોગથી આવૃત્ત બની ગયો. રાજા પાલણે રોગમુક્ત થવા તમામ પ્રકારના ઉપચારો કર્યા, પરંતુ કોઈ ઉપાય કારગત ન નીવડ્યો.

રાજા પાલણ રાજસભામાં આવતો નહોતો. રાજાની નબળાઈનો લાભ તેના ભાયાતોએ લઈને રાજ્ય પચાવી પાડ્યું અને રાજા પાલણને નગરી બહાર કાઢી મૂક્યો. રાજા પાલણ કુષ્ઠરોગ સાથે અહીંતહીં ભટકવા લાગ્યો, ત્યારે તેનો ભેટો આચાર્ય શીલધવલસૂરિ સાથે થયો. રાજા પાલણે આચાર્ય ભગવંત સમક્ષ પોતાની કરુણ કથની કહી સંભળાવી અને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો અને પોતાનાથી આચારાઈ ગયેલું પાપ જ્ઞાની ભગવંત સમક્ષ રજૂ કર્યું. રાજાએ પોતાનાથી થઈ ગયેલા દુષ્ટ કૃત્યનું પ્રાયશ્ચિત્ત આપવા આચાર્ય ભગવંતને વિનંતી કરી.

ત્યારે આચાર્ય ભગવંત શ્રી શીલધવલસૂરિએ રાજા પાલણને સાંત્વન આપીને કહ્યું : 'હે રાજન ! તારાથી અક્ષમ્ય અપરાધ થયો છે, પરંતુ તને પશ્ચાત્તાપ પણ થાય છે એટલે પ્રાયશ્ચિત્ત રૂપે તું એક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનોહર જિનપ્રતિમા ભરાવીને તેની નિત્ય સેવા-પૂજા કર...'

રાજા પાલણે ગુરુ ભગવંતને વંદન કર્યા અને ગુરુદેવના વચનોને અનુસરીને રાજાએ શ્રી પાર્શ્વપ્રભુની દિવ્ય અને ભવ્ય જિનપ્રતિમા પ્રતિષ્ઠિત કરાવી. તે નિયમિત સેવા-પૂજા કરવા લાગ્યો. પરમાત્માની પૂજાના પ્રભાવથી તેનો વર્ષોથી પરેશાન કરતો કુષ્ઠનો વ્યાધિ નષ્ટ થયો. આવો દિવ્ય ચમત્કાર થતાં, રાજા પાલણની જિનશાસન પ્રત્યેની ભક્તિમાં ઉમેરો થતાં, રાજા પાલણની કાયા શ્રી પાર્શ્વપ્રભુની સેવા-પૂજાથી પલ્લવિત થતાં રાજાએ પ્રતિમાના દિવ્ય પ્રભાવથી પરમાત્માને 'પલ્લવિયા પાર્શ્વનાથ'ના નામથી પોકાર્યા.

પાલણ રાજાએ સંવત ૧૦૧૧ની સાલમાં નૂતન નગર વસાવ્યું. તેણે આ નગર પોતાના નામ પરથી પાલ્હણપુર કે પ્રહ્લાદનપુર રાખ્યું. આ નગરીને પોતાના રાજ્યની રાજધાની બનાવી. તેણે અહીં 'પ્રહ્લાદન વિહાર' નામનો ભવ્ય જિનપ્રાસાદ બંધાવીને તેમાં 'શ્રી પલ્લવિયા પાર્શ્વનાથ' બિરાજમાન કર્યા. આ પ્રસંગ અનેરા ઉમંગ સાથે ભવ્ય મહોત્સવ રચીને ઊજવ્યો હતો. આ પ્રતિમાજી 'પ્રહ્લાદન પાર્શ્વનાથ'ના નામથી પણ ઓળખાતા રહ્યા હતા.

રાજા પાલણે જિનાલયમાં પ્રતિષ્ઠિત શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમાજી મુસ્લિમોના આક્રમણથી બચાવવા ભંડારી દેવાઈ હોવાની સંભાવતા છે. ત્યાર બાદ શ્રી પાર્શ્વનાથ પ્રભુની નૂતન પ્રતિમા બનાવાઈ અને વિ.સં. ૧૨૭૪માં કોરટગચ્છીય આ.ભ.શ્રી કક્કસૂરિજીના હસ્તે તે પ્રતિમાજીને મૂળ જિનાલયમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી જે 'શ્રી પલ્લવિયા પાર્શ્વનાથ' તરીકે ઓળખાય છે.

શ્રી પલ્લવિયા પાર્શ્વનાથનું બે માળનું જિનાલય આજે પણ વિદ્યમાન છે. સંવત ૧૩૧૫ના સાલના લેખવાળી અંબિકાદેવીની પ્રાચીન મૂર્તિ આજે પણ છે. આ મુખ્યમંદિરની બાજુમાં અન્ય બે જિનાલયો આવેલાં છે. એકમાં શ્રી આદિનાથ પ્રભુ અને બીજા જિનાલયમાં નેમિનાથ પ્રભુ મૂળનાયક રૂપે બિરાજમાન છે. આ નગરીની સમૃદ્ધિ અને ભવ્યતામાં દિન-પ્રતિદિન વધારો થતો ગયો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજા પાલણ વિદ્વાન અને સાહિત્યકાર હતા. તેમણે 'પાર્થ પરાક્રમ વ્યાયોગ' નામનું સંસ્કૃત નાટક રચેલું હતું.

શ્રી પાલનપુર તીર્થ : શ્રી જૈન શ્વે. પૂ.તપગચ્છ સંઘ, શ્રી પલ્લવિયા પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બમંદિર, હનુમાન શેરી, પથ્થર સડક, મુ.પો. પાલનપુર – ૩૮૫૦૦૧ (જિ.બનાસકાંઠા). ફોન નં. (૦૨૭૪૨) ૨૫૩૭૩૧ છે. આ તીર્થની નજીકમાં મહેસાણા ૬૮ કિ.મી., આબુરોડ ૪૭ કિ.મી., અંબાજી ૫૭ કિ.મી. તથા તારંગાજી ૭૧ કિ.મી.ના અંતરે આવેલ છે.

## ૪૬ : શ્રી કુંભારિયાજી તીર્થ

અંબાજીથી એક કિલોમીટર અને આબુરોડથી ૨૨ કિ.મી.ના અંતરે, મોટા પોસીનાથી ૩૦ કિ.મી.ના અંતરે શ્રી કુંભારિયા તીર્થ આવેલું છે. વિ.સંવત ૧૦૮૮ની આસપાસ શેઠ શ્રી વિમલશાહ દ્વારા અહીં અત્યંત વિશાળ જિનાલયનું નિર્માણ થયેલું, જેમાં શ્રી નેમિનાથ પ્રભુ મૂળનાયક રૂપે બિરાજમાન છે. આ જિનાલય ઉપરાંત અન્ય ચાર દેરાસરો છે.

આ તીર્થ સાથે જોડાયેલ કથા અનુસાર શ્રી પાસીલ શ્રેષ્ઠીએ અહીં એક દેરાસરનું નિર્માણ શ્રી અંબિકાદેવીની આરાધના કરીને કરાવ્યું હતું. એક પ્રસંગે એમની ઉપેક્ષા થતાં આ નિર્માણ અપૂર્ણ જેવું રહ્યું. અને શ્રેષ્ઠી પાસીલે લાંબો વિચાર કરીને ભગવાનની પ્રતિષ્ઠા કરાવી. અહીંનાં જિનાલયોમાં ભવ્ય, વિશાળ, મહાકાય પ્રતિમાઓનાં દર્શન થાય છે. અહીંની છતોમાં બારીક શિલ્પકલા અદ્ભુત છે. જેમાં ભાવિ ચોવીશીના તીર્થંકરોનાં માતા-પિતા, છત્રધર, વર્તમાન ચોવીશી, તેમનાં માતા-પિતા, ચૌદ સ્વપ્ન, મેરૂપર્વત અને ઇન્દ્ર દ્વારા જન્મ અભિષેક, શ્રી શાંતિનાથ ભગવાનનું સમવસરણ, શ્રી નેમિનાથ પ્રભુના પાંચ કલ્યાણકો, શ્રી પાર્શ્વપ્રભુ દ્વારા કમઠ યોગીને અહિંસાનો ઉપદેશ, શ્રી ધરણેન્દ્ર દેવના ભગવાનને નમસ્કાર કરવા ઉપરાંત અનેક પ્રસંગોનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આલેખન કલાત્મક કોતરણીથી દર્શાવાયેલ છે. અહીં નવી ધર્મશાળા સરસ છે.

શ્રી કુંભારિયાજી તીર્થ : શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી, કુંભારિયાજી શાખા પેઢી, મુ.પો. અંબાજી. ફોન નં. (૦૨૭૪૯) ૨૬૨૧૭૮ છે.

## ૪૭ : શ્રી ભીલડિયાજી તીર્થ

ડીસાથી ૨૪ કિ.મી.ના અંતરે, રાધનપુરથી ૬૦ કિ.મી. તથા થરાદથી ૪૮ કિ.મી.ના અંતરે તેમજ પાલનપુરથી ૪૯ કિ.મી.ના અંતરે શ્રી ભીલડિયાજી તીર્થ આવેલું છે. અહીં ધર્મશાળા-ભોજનશાળાની ઉત્તમ સગવડ છે. અહીં શ્રી ભીલડિયાજી પાર્શ્વનાથનું મુખ્ય જિનાલય છે.

આજે શ્રી ભીલડિયા તીર્થ દિન-પ્રતિદિન શ્રદ્ધાનું મહાકેન્દ્ર બન્યું છે. આ નગરની પ્રાચીનતા અંગે અનેક લોકવાયકાઓ છે. છતાં તેરમા અને ચૌદમા સૈકાના શિલાલેખો આ તીર્થ હોવાની માહિતી પૂરી પાડે છે. અને એ સમયમાં આ નગર અપૂર્વ સમૃદ્ધ હોવું જોઈએ એવું માનવામાં આવે છે.

એક લોકવાયકા અનુસાર અહીં ત્રંબાવતી નામની બાર કોસના ઘેરાવાવાળી સમૃદ્ધ નગરી હતી. આ નગરીમાં સવાસો શિખરબંધી જિનાલયો, કૂવાઓ અને વાવો પણ પાર વગરનાં હતાં. આ અંગેના અવશેષો પણ જોવા મળે છે. તેમ જ આજે પણ અતીતનું સ્મરણ કરાવતા બે કૂવાઓ છે.

આ જિનાલયની પાછળ રાજગઢી હતી. આ જગ્યાએ ખોદકામ કરતાં પુષ્કળ પથ્થરો અને ઈંટો નીકળે છે. આજે આ સ્થાન 'ગઢેડું' તરીકે જાણીતું છે. જિનાલયની આસપાસ ખોદકામ કરતાં ઈંટો-પથ્થરો નીકળતાં રહે છે. વિક્રમના તેરમા સૈકામાં ભીલડિયા નગર લવણપ્રસાદ વાઘેલાના તાબા હેઠળ હતું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંવત ૧૨૧૮ના ફાગણ વદ ૧૦ના ભીમપલ્લીના શ્રી વીર જિનાલયમાં શ્રી જિનપતિસૂરિને આ. શ્રી જિનચંદ્રસૂરીશ્વરજી મહારાજે દીક્ષા આપ્યાનોં ઉલ્લેખ છે. અનેક પ્રભાવક આચાર્યોએ આ તીર્થની યાત્રા કરી છે. શ્રી વીર જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર સંવત ૧૩૧૭માં થયાનો ઉલ્લેખ છે. અહીં ગૌતમ સ્વામીની મૂર્તિની સંવત ૧૩૩૪માં પ્રતિષ્ઠા કરાઈ હતી.

સંવત ૧૩૪૪ના લેખવાળી શ્રી અંબિકાદેવીની મૂર્તિ આજે પણ છે. સં. ૧૩૮૨માં અહીં આ. શ્રી જિનોદયસૂરિજીની દીક્ષા સંપન્ન થઈ હતી. એવાં પ્રમાણ મળે છે કે આ તીર્થના નામ પરથી 'ભીમપલ્લી ગચ્છ'નો આરંભ થયો હતો. સં. ૧૩૫૨માં અહીં ૧૨ જૈનાચાર્યોએ સાથે ચાતુર્માસ કરેલું. સં.૧૩૫૩ની સાલમાં બે કારતક માસ હતા, તેથી ચાતુર્માસ બીજા કારતક માસની પૂર્ણિમાના પૂરું થાય, પરંતુ તપાગચ્છના આ. શ્રી સોમપ્રભસૂરિએ વિદ્યાના બળે જોયું કે આ નગરીનો ટૂંકા સમયમાં નાશ થવાનો છે. આથી આચાર્યશ્રી કારતક માસની પૂર્ણિમાએ ચાતુર્માસ પૂર્ણ કરીને તુરત જ વિહાર કરી ગયા. અહીંના જૈનો પણ ભવિષ્યવાણી સાંભળીને ચાલ્યા ગયા. જૈનોએ રાધનપુર નગર વસાવ્યું. આચાર્યશ્રીની ભવિષ્યવાણી સત્ય કરી. સં.૧૩૫૫-૫૬માં અલાઉદ્દીન ખીલજીના સેનાપતિ અલફખાને ભીલડિયાનો નાશ કર્યો.

એ પછી કાળના પ્રવાહમાં અનેક સૈકાઓ પસાર થઈ ગયા. આ નગરને લોકો ભૂલી ગયા. એક વાર ડીસાના ધરમચંદ મહેતાના હૈયામાં અહીં નગર વસાવવાના કોડ જાગ્યા. તેમણે અણદા ગામના ભીલડિયા બ્રાહ્મણાને પ્રેરણા કરીને સં. ૧૮૭૨માં ગામ વસાવ્યું, જે ભીલડીયા નામથી પ્રસિદ્ધ થયું.

સંવત ૧૮૯૦માં જિનાલયનું નિર્માણ થયું. સં. ૧૮૯૨માં પ્રતિષ્ઠા કરાઈ. શ્રી ઉમેદવિજયજી મં.ના પ્રયત્નોથી આ તીર્થ વધારે પ્રકાશમાં આવ્યું. સં. ૧૯૩૬માં આ તીર્થનો વહીવટ પાટણના વીરચંદભાઈએ સંભાળ્યો. અહીં દર વર્ષે પોષ દશમીનો મેળો યોજાવા લાગ્યો.

સં. ૧૯૮૩માં શ્રી મહાવીરસ્વામી સહિત અનેક જિનબિંબોની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવ્ય મહોત્સવ સાથે પ્રતિષ્ઠા થઈ. સં. ૨૦૨૭ના ભવ્ય જિનપ્રાસાદનું નિર્માણ થયા બાદ પરમાત્માનો જિનાલયમાં પ્રવેશ થયો. સંવત ૨૦૩૭માં બાવન જિનાલયની પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થઈ. આજે શ્રી ભીલડિયાજી પાર્શ્વનાથ તીર્થની યાત્રા માટે મોટી સંખ્યામાં ભાવિકો જઈ રહ્યાં છે. આ પરમ પ્રભાવક તીર્થ છે.

શ્રી ભીલડિયાજી તીર્થ : શ્રી ભીલડિયાજી પાર્શ્વનાથ જૈન પેઢી, મુ.પો. ભીલડી – ૩૮૫૫૩૦ (જિ. બનાસકાંઠા) ફોન નં. (૦૨૮૩૬) ૨૩૨૫૧૬ છે.

## ૪૮ : શ્રી થરાદ તીર્થ

ડીસાથી ૫૫ કિ.મી.ના અંતરે શ્રી થરાદ તીર્થ આવેલું છે. આ તીર્થમાં શ્રી આદીશ્વર ભગવાનની શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી મૂળનાયક રૂપે બિરાજમાન છે. લગભગ ૨૪૦૦ વર્ષ પહેલાંનું આ તીર્થ છે. જૈન ઇતિહાસમાં અનેક જગ્યાએ આ તીર્થનો ઉલ્લેખ કરાયો છે. અહીં અન્ય દસથી વધારે જિનાલયો આવેલાં છે. આ બધાં જિનાલયોમાં પ્રાચીન કલાકારીગરીનાં દર્શન થાય છે. થરાદના શ્રાવક-શ્રાવિકાઓ ભારે ધર્મિષ્ઠ હોય છે. આ તીર્થની નજીક ૨૨ કિ.મી.ના અંતરે ભોરોલ તીર્થ આવેલું છે. અહીં રહેવાની કે અન્ય કોઈ સગવડ ઉપલબ્ધ નથી.

શ્રી થરાદ તીર્થ : શ્રી થરાદ જૈન શ્વે. મૂ.પૂ. સંઘ, મેઇન બજાર, મુ.પો. થરાદ – ૩૮૫૫૬૫. ફોન નં. (૦૨૭૩૭) ૨૨૨૦૩૬ છે.

## ૪૯ : શ્રી ભોરોલ તીર્થ

આ તીર્થની પ્રાચીનતા અંગેની જાણકારી મળતી નથી. આ તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી નેમિનાથ પ્રભુની શ્યામ વર્ણની પ્રતિમાજી બિરાજમાન છે. આ તીર્થ ડીસાથી ૬૦ કિ.મી., ભીલડિયાજીથી ૪૦

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કિ.મી., ભાભરથી ૪૦ કિ.મી., થરાદથી ૨૩ કિ.મી.ના અંતરે આવેલ છે. ધર્મશાળા તથા ભોજનશાળાની વ્યવસ્થા છે.

તીર્થ વ્યાખ્યાનમાં આ તીર્થ અંગેના ઉલ્લેખો છે. તેમજ આ સ્થળેથી અવારનવાર પ્રાચીન અવશેષો મળી આવે છે તેથી આ તીર્થ અતિ પ્રાચીન હોવાનું માની શકાય છે. અહીંથી મળી આવેલી પ્રતિમાજીઓ મહારાજા સંપ્રતિના સમયની હોવાનું માનવામાં આવે છે.

શ્રી ભોરોલ તીર્થ : શ્રી નેમિનાથ ભગવાન જૈન પેઢી. મુ.પો. ભોરોલ – ૩૮૫૫૬૫ (જિ. બનાસકાંઠા). ફોન નં. (૦૨૭૩૭) ૨૧૪૩૨૧ છે.

## ૫૦ : શ્રી વાવ તીર્થ

બનાસકાંઠા જિલ્લામાં થરાદથી ૧૨ કિ.મી.ના અંતરે, ભોરોલથી ૨૨ કિ.મી. અને ડીસાથી ૭૦ કિ.મી.ના અંતરે આવેલ શ્રી વાવ તીર્થ ૧૩મી સદીનું માનવામાં આવે છે. લોકવાયકા મુજબ અહીં બિરાજમાન શ્રી અજિતનાથ પ્રભુની સર્વધાતુમયી પ્રતિમાજી થરાદ ગામે પૂર્વે હતાં. અલ્લાઉદ્દીન ખીલજીના આક્રમણના ભયને કારણે થરાદથી આ પ્રતિમાજી વાવ ગામે લાવવામાં આવ્યાં હતાં. પ્રતિમાજી અત્યંત પ્રભાવશાળી અને તેજસ્વી છે. ઉતારાની સામાન્ય સગવડ છે. અહીં જૈનોનાં અનેક ઘર છે.

## ૫૧ : ખીમા તીર્થ

બનાસકાંઠા જિલ્લાના થરાદ ગામની નજીક શ્રી ખીમાતીર્થમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનું પ્રાચીન જિનાલય આવેલું છે. આ તીર્થની પ્રાચીનતા અંગેની વિગતો ઉપલબ્ધ નથી. જનશ્રુતિ અનુસાર આ તીર્થનો જીર્ણોદ્ધાર રાજરાજેશ્વર મહારાજા કુમારપાળે કરાવ્યો હતો. અત્યંત દર્શનીય પ્રતિમાજી છે. રહેવાની તથા ભોજનશાળાની વ્યવસ્થા નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૫૨ : શ્રી જમણપુર તીર્થ

પાટણ જિલ્લામાં શ્રી જમણપુર તીર્થ આવેલું છે. આ તીર્થ સમીથી ૨૩ કિ.મી., શંખેશ્વરથી ૨૦ કિ.મી. તથા હારીજથી ૮ કિ.મી.ના અંતરે આવેલું છે. આ તીર્થમાં શ્રી ચંદ્રપ્રભુની શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી મૂળનાયક રૂપે બિરાજમાન છે. આ તીર્થસ્થાન વિક્રમની ૧૩મી સદી પહેલાંનું માનવામાં આવે છે. મંત્રી વસ્તુપાળના પુત્ર મંત્રી જૈત્રસિંહે પોતાની પત્ની જમણદેવીના નામ ઉપરથી આ નગરી વસાવી હતી, જેનું પ્રાચીન સમયમાં અતિ મહત્ત્વ હશે. પ્રભુજીની પ્રતિમા દર્શનીય છે.

શ્રી જમણપુર તીર્થ : શ્રી જૈન દેરાસર પેઢી, મુ.પો. જમણપુર તા.હારીજ (જિ. પાટણ).

## ૫૩ : શ્રી મેત્રાણા તીર્થ

પાટણથી ૩૫ કિ.મી.ના અંતરે શ્રી મેત્રાણા તીર્થ આવેલું છે. અહીં શ્રી આદિનાથ પ્રભુની શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી મૂળનાયક રૂપે બિરાજમાન છે. આ તીર્થ ૧૪મી સદી પૂર્વેનું છે. કેટલાક સમય સુધી આ તીર્થ અપરિચિત રહ્યા બાદ એક ભાગ્યશાળી શ્રાવકને સ્વપ્નમાં શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમાજીનાં દર્શન થયાં હતાં અને તીર્થની જાણકારી મળી. આ પ્રતિમાજી ઉપરાંત શાંતિનાથ પ્રભુ, કુંથુનાથ પ્રભુ, પદ્મપ્રભુ તથા આદીશ્વરનાથ ભગવાનની પ્રતિમાજીઓ વિક્રમ સંવત ૧૮૯૯માં ભૂગર્ભમાંથી મળી આવી હતી. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

શ્રી મેત્રાણા તીર્થ : શ્રી રિખવદેવ ભગવાન, શ્રી જૈન શ્વે. જિનાલય, મુ.પો. મેત્રાણા – ૩૮૪૨૯૦ તા. સિદ્ધપુર, (જિ.પાટણ). ફોન નં. (૦૨૭૬૭) ૨૮૧૨૪૨ છે. અહીંથી પાલનપુર ૪૦ કિ.મી.ના અંતરે આવેલ છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૫૪ : શ્રી મુંજપુર તીર્થ

મહેસાણા (ગુજરાત)ના સમી તાલુકાના મુંજપુર ગામમાં શ્રી જોટીંગડા પાર્શ્વનાથ ભગવાનનું જિનાલય આવેલું છે. શંખેશ્વરથી મુંજપુર ૬।। માઈલના અંતરે, સમી તથા હારીજથી ૮ માઈલના અંતરે, કંબોઈ તીર્થથી ૧૨ માઈલના અંતરે તથા હારીજ રેલવે સ્ટેશનથી ૧૩ કિ.મી.ના અંતરે શ્રી મુંજપુર તીર્થ આવેલું છે. ગામમાં બે ઉપાશ્રય અને બે ધર્મશાળાની સુંદર સગવડ છે. અહીં પાંજરાપોળ છે. મુંજપુર તીર્થમાં મૂળનાયક તરીકે બિરાજમાન શ્રી શાંતિનાથ પ્રભુના ઘુમ્મટબંધ જિનાલયમાં મૂળનાયકની બાજુમાં (જમણી) શ્રી જોટીંગડા પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી બિરાજમાન છે.

મહાતીર્થ શંખેશ્વરથી ૬।। માઈલના અંતરે મુંજપુર તીર્થ પ્રાચીન અને ઐતિહાસિક મહત્તા ધરાવતું ગામ છે. સંવત ૧૦૦૩માં રાજા મુંજે આ ગામ વસાવ્યું હતું. મૂળરાજ સોલંકીએ એક પંડિતને આ ગામ દાનમાં આપ્યાનું જણાય છે. પંદરમા સૈકામાં મુંજિગ નગરના મુંટ નામના ભાવિક શ્રેષ્ઠીએ ધાતુની અસંખ્ય ચોવીશીનાં બિંબો ભરાવ્યાનો ઉલ્લેખ ‘સોમ સૌભાગ્ય’ કાવ્યમાં દર્શાવાયો છે. શ્રી સોમસુંદરસૂરિજીએ પ્રતિષ્ઠા કરાવી હતી. આ મુંજિગનગર તે હાલનું મુંજપુર હોવાનું માનવામાં આવે છે.

વિ.સં. ૧૫૬૯ કુતુબપુરા પક્ષીય તપાગચ્છાધિરાજ શ્રી ઈન્દ્રનંદસૂરિના ઉપદેશથી મુંજિગ પુરના શ્રીસંઘે નાડલાઈના જિનાલયમાં દેવકુલિકાઓ કરાવી એવું એક શિલાલેખ દ્વારા જાણી શકાય છે.

મુંજપુરમાં ત્રણ જિનાલયો હોવાનો ઉલ્લેખ સં. ૧૬૪૮માં આ.શ્રી લલિતપ્રભસૂરિએ રચેલી ‘પાટણ ચૈત્ય પરિપાટી’માં છે. મુંજપુરમાં શ્રી જોટીંગડા પાર્શ્વનાથનું જિનાલય હોવાની નોંધ વિ.સં.૧૬૬૭માં રચાયેલા એક સ્તવનમાં છે. આજે તો જોટીંગડા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાર્શ્વનાથ સ્વતંત્ર જિનાલય નથી. ત્રીજું દેરાસર ક્યારે નાશ પામ્યું તેમજ પ્રતિમાજીને ક્યારે આ દેરાસરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી તેની જાણકારી નથી.

સં. ૧૭૧પથી ૧૭૬૪ વચ્ચે ધર્મઝનૂની ઔરંગઝેબના શાસનકાળમાં તેના આદેશથી અમદાવાદના સૂબાએ મુંજપુરના ઠાકોર હમીરસિંહને યુદ્ધમાં મારી નાખ્યા અને તે સમયે આ મંદિર તોડી નાખવામાં આવ્યું હોવાનું મનાય છે. અને પાર્શ્વનાથ પ્રભુની આ પ્રતિમાજી શ્રી શાંતિનાથ જિનાલયમાં પધરાવી હશે તેમ કહી શકાય. ગામના નામ પરથી આ પાર્શ્વનાથને 'શ્રી મુંજપુરા પાર્શ્વનાથ' કહે છે, પરંતુ જોટીંગડા પાર્શ્વનાથ વધારે જાણીતું છે. આ પ્રતિમાજી મહારાજા સંપ્રતિના સમયની છે. શ્રી શાંતિનાથજીનું જિનાલય ૪૦૦ વર્ષથી વધારે પ્રાચીન છે. અહીં બીજું શ્રી ગોડી પાર્શ્વનાથનું બે મજલાનું શિખરબંધ જિનાલય છે. દર વર્ષે માગસર સુદ ૧૧ના શ્રી શાંતિનાથ દેરાસરની સાલગિરિ ઊજવાય છે. સં. ૨૦૦૧માં આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયો હતો. જિનાલયમાં ચાર કમાન, નવ તોરણ અને છતની કોતરણી દર્શનીય અને કલાત્મક છે.

શ્રી મુંજપુર તીર્થ : શ્રી મુંજપુર જૈન સંઘ તા. સમી (જિ. પાટણ) – ૩૮૪૨૪૧. ફોન નં. (૦૨૭૩૩) ૨૮૧૩૪૩, ૨૮૧૩૪૪ છે. નજીકમાં શ્રી શંખેશ્વર તીર્થ ૧૦ કિ.મી.ના અંતરે આવેલું છે.

## પપ : શ્રી ચાણસ્મા તીર્થ

પાટણ જિલ્લામાં આવેલ ચાણસ્મા ગામમાં શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુનું પ્રાચીન જિનાલય આવેલું છે. ચાણસ્મા ગામમાં કુલ ત્રણ જિનાલયો છે. ઉપાશ્રય, પ્રાચીન જ્ઞાનભંડાર, ધર્મશાળા, ભોજનશાળા, પાઠશાળા વગેરે ચાણસ્મામાં આવેલ છે. કંબોઈ, મહેસાણા, પાટણ, ચારૂપ, રાંતેજ, શંખલપુર વગેરે તીર્થો અહીંથી નજીક પડે છે. શ્રી ભટેવા પાર્શ્વનાથ જિનાલયની બાજુમાં શ્રી શીતલનાથ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાનનું જિનાલય છે. પાણીના ટાંકામાંથી આ પ્રતિમાજી નીકળી હતી. પ્રતિમાજી ચમત્કારિક અને દર્શનીય છે. ચાણસ્મા રેલવે સ્ટેશનની નજીક જૈનોની વિદ્યાવાડી છે. ત્યાં શ્રી ઋષભદેવ ભગવાનનું મનોરમ્ય જિનાલય આવેલ છે.

આ તીર્થની પ્રતિમાજીના પ્રાગટ્ય વિશેની કથા અત્યંત રસપ્રદ છે. વર્તમાન ચોવીશીના એકવીશમાં તીર્થંકર શ્રી નમિનાથ પ્રભુના સમયમાં અંગદેશની ચંપાનગરીમાં મહારાજા પ્રજાપાલ રાજ્યનો કારભાર સંભાળતા હતા. તેના મહામંત્રીનું નામ બુદ્ધિસાગર હતું. એક વાર રાજા અને મંત્રી બે જાતિવંત અશ્વોની પરીક્ષામાં કરવા નગરી બહાર નીકળ્યા. બન્ને દૂર દૂર ગાઢ જંગલમાં આવી પહોંચ્યા. અશ્વો કેમેય કરીને કાબૂમાં આવતા ન હોવાથી રાજા અને મંત્રીએ પોતાના જીવ બચાવવા ગાઢ, ઘટાદાર વૃક્ષોની ડાળી પકડીને પોતાના પ્રાણ બચાવ્યા. આ તરફ લગામ ઢીલી થતાં અશ્વો પણ ત્યાં જ ઊભા રહી ગયા.

રાત્રિકાળ થઈ ગયો હતો. આથી મહારાજા પ્રજાપાલ અને મંત્રી બુદ્ધિસાગરે વટવૃક્ષની નીચે જ રાત્રિ પસાર કરવાનો નિર્ણય કર્યો. મહારાજા આડે પડખે થયા અને મંત્રી જાગૃત અવસ્થામાં રહીને ચોકીપહેરો કરવા લાગ્યા. મધ્યરાત્રિ થતાં દૂરથી સંગીતના સૂરોનો દિવ્ય ધ્વનિ મંત્રીના કાને અથડાવા લાગ્યો. મહારાજ પણ દિવ્ય સંગીતના સૂરોથી ઊઠી ગયા. રાજા અને મંત્રીને ભારે નવાઈ ઊપજી. અત્યારે આવા ભેંકાર ભાસતા ગાઢ વન્યપ્રદેશમાં સંગીતના સૂરો કોણ છેડી રહ્યું છે ? બન્ને કુતૂહલવશ થઈને જ્યાંથી સંગીતના સૂરો સંભળાઈ રહ્યા હતા તે દિશા તરફ આગળ વધ્યા. એક યોજન ચાલ્યા બાદ દિવ્ય સંગીત જ્યાંથી આવતું હતું ત્યાં પહોંચ્યા. આ શું ? દેવો શ્રી નરઘોષ નામના મુનિવરનો કેવળજ્ઞાન મહોત્સવ ઊજવી રહ્યા હતા. દેવો વિવિધ દૈવી વાદ્યો દ્વારા સંગીતના સુમધુર સૂરો છેડી રહ્યા હતા. વાતાવરણમાં પવિત્રતા અને દિવ્યતા છવાઈ ગઈ હતી.

રાજા અને મંત્રીના જીવનમાં આવો આહ્લાદક અને અલૌકિક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસંગ પ્રથમ વાર આવેલો હોવાથી બન્નેનાં અંતરમનમાં હર્ષ માતો નહોતો. રાજા અને મંત્રી કેવળી ભગવંતનાં દર્શનથી ધન્ય બની ઊઠ્યા.

કેવળી ભગવંતે જિન-ભક્તિનો પરમ મહિમા દર્શાવતી દેશના આપી. રાજા અને મંત્રી ભાવુક બનીને કેવળી ભગવંતની દેશના હૈયામાં ઉતારી રહ્યા હતા. દેશનાનું શ્રવણ કરીને રાજા અને મંત્રીએ જિનપૂજા કર્યા વિના અન્નજળ ન લેવાનો દૃઢ નિશ્ચય કર્યો. કેવળી ભગવંતને પુન : વંદના કરીને રાજા અને મંત્રી વટવૃક્ષ પાસે આવી પહોંચ્યા.

રાત્રિનો અંતિમ પ્રહર ચાલી રહ્યો હતો. એકાદ ઘટિકા બાદ સૂર્ય મહારાજ પૃથ્વીપટને ભીંજવવા આવવાના હતા. પ્રથમ દિવસે જ રાજા અને મંત્રીના દૃઢ નિશ્ચયની પરીક્ષા થવાની હતી.

ગાઢ વન્યપ્રદેશમાં જિનબિંબ ક્યાં મળે ? શ્રી જિનપૂજા શી રીતે કરાશે ? રાજા અને મંત્રીનાં મનમાં આ પ્રશ્નો ઉત્પન્ન થયા. પ્રાતઃકાળ થયો. એમ કરતાં મધ્યાહ્ન થયો. રાજા અન્ન અને જળ વિના અશક્ત જેવો બની ગયો. મંત્રીને મહારાજાની ભારે ચિંતા થઈ, આથી તે આસપાસમાં કોઈ નગર હોય તો તેની શોધમાં નીકળી પડ્યો. આગળ જતાં એક મનોહર તળાવ મંત્રીની નજરમાં આવ્યું.

મહામંત્રી બુદ્ધિસાગર તળાવની પાળે ગયો. તેણે નવકાર મહામંત્રનું સ્મરણ કરતાં શુદ્ધ અને ભીની માટીમાંથી આગામી ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વપ્રભુની દર્શનીય મૂર્તિ બનાવી. તે મૂર્તિ લઈને મહામંત્રી બુદ્ધિસાગર અતિ હર્ષિત બનીને નવકારનું સ્મરણ કરતો મહારાજા પ્રજાપાલ પાસે આવ્યો.

અત્યંત મનોહર પ્રતિમા જોઈને રાજા હર્ષિત બન્યો. તે પ્રબળ શ્રદ્ધા અને ભક્તિથી પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા કરવા ઉત્સુક બન્યો. પણ વેળુના આ બિંબની જલપૂજા કેમ કરવી ? તે પ્રશ્ન મનમાં સતાવવા લાગ્યો.

રાજા અને મંત્રી જિનબિંબની સામે બેસી ગયા અને નવકારનું સ્મરણ કરવા લાગ્યા, ત્યારે બન્નેની ભક્તિથી પદ્માવતી પ્રસન્ન થયાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પ્રત્યક્ષ દર્શન આપીને કહ્યું : 'હે રાજન, તમારી દઢતા અને અપૂર્વ ભક્તિના કારણે આ વેળુની પ્રતિમાજી વજ્રમય બની ગયેલ છે.' પદ્માવતીનાં આ વચનથી રાજા અને મંત્રીની મૂંઝવણ દૂર થઈ. રાજા અને મંત્રીએ અનેરા ઉલ્હાસ સાથે જલપૂજા કરી. પદ્માવતી દેવી અને વનના દેવતાએ પણ ભક્તિ-મહોત્સવ ઊજવ્યો.

આમ મહારાજા પ્રજાપાલ અને મહામંત્રી બુદ્ધિસાગરના અંતરમાંથી વન્યપ્રદેશની ભયાનકતા નષ્ટ થઈ. બન્નેનો ભય ટાળનારા આ પાર્શ્વપ્રભુ ભટેવા પાર્શ્વનાથ તરીકે પંકાયા. રાજા અને મહામંત્રીએ શ્રી જિનપૂજાનો દઢ નિશ્ચય લીધો હતો. પ્રથમ દિવસે જ બન્નેની પરીક્ષા થઈ. તેમાં બન્ને ઉત્તીર્ણ થયા. બન્નેનાં દઢ મનોબળ, શ્રદ્ધા અને ભક્તિની પરીક્ષા થઈ. બન્ને તેમાંથી પાર ઊતર્યા.

બન્નેની અપાર ભક્તિના સ્વરૂપે શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુનું પ્રાગટ્ય થયું. સંસ્કૃતમાં અતિ પ્રશસ્ય દેવને 'ભદ્રદેવ' કહેવાય છે. 'ભદ્રદેવ' શબ્દનું અપભ્રંશ 'ભટેવા' બન્યાનો કેટલાક વિદ્વાનોનો મત છે.

મહારાજા પ્રજાપાલે પરમાત્માની ભક્તિથી અતિ સંતુષ્ટ થઈને તે સ્થળે ભટેવા નામનું નગર વસાવ્યું અને નગરમાં અતિ ભવ્ય જિનાલયનું નિર્માણ કરાવીને આ જિનબિંબ મહોત્સવ રચીને પ્રતિષ્ઠિત કરાવ્યું. ભાવિકો ત્યાં સેવાપૂજા કરીને શ્રદ્ધાનાં પુષ્પો બિછાવતા રહ્યા.

આ ઘટનાને ત્રીસ હજાર વર્ષ થયાં.

કુંતલપુર પાટણમાં એક વિરલ પ્રસંગ બન્યો.

આ નગરીના સંસ્કારી, વિવેકી અને પ્રજાવત્સલ રાજવી ભૂધરને ગુણસુંદર નામનો એક પુત્ર હતો. તે જન્મથી જ વિવિધ રોગોમાં સપડાયેલો હતો. ગુણસુંદર જન્મથી જ દષ્ટિહીન, મૂંગો તેમજ તેના સમગ્ર શરીરમાં ન કળી શકાય તેવી અસહ્ય પીડા હતી. મહારાજા ભૂધર પોતાના પુત્રની આ દશા જોઈ શકતો નહોતો. તેણે પુત્રને બેઠો કરવા માટે પાર વગરના ઉપચાર કર્યા, પરંતુ કોઈ પણ ઉપાય કારગત નીવડ્યો નહિ. રાજાને હંમેશાં પોતાના પુત્રના રોગ બાબતની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિંતા કોરી ખાતી હતી.

એક વાર નગરીમાં આચાર્ય ધર્મઘોષસૂરિજી પોતાના વિશાળ શિષ્ય-સમુદાય સાથે આવ્યા. ગુરુ ભગવંત નગર બહારના ઉદ્યાનમાં ઊતર્યા.' રાજાને ગુરુ ભગવંતના આગમનના સમાચાર જાણવા મળતાં તરત જ પોતાના રાજ-પરિવાર સાથે ગુરુ ભગવંતની અમૃતવાણીનું પાન કરવા પહોંચી ગયા. આ. શ્રી ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજે ધર્મદેશનામાં પાપ અને પુણ્ય વિશેની વિશદ સમજણ આપી.

ધર્મદેશના પૂર્ણ થયા બાદ રાજાએ જ્ઞાની ભગવંતને પોતાના પુત્રની દુ:ખી અવસ્થા અંગે પૂછ્યું ત્યારે આચાર્ય ભગવંતે કહ્યું : 'હે રાજન ! તારો પુત્ર ગુણસુંદર ગયા ભવમાં સોમદત્ત નામનો કુલપતિ હતો. તેણે પોતાના જીવન દરમ્યાન જ્ઞાન અને જ્ઞાનીઓનું ઘોર અપમાન કર્યું છે, અશાતના કરી છે. આ ઘોર પાપમાંથી તારા પુત્રને મુક્ત કરવા ભટેવા નગરમાં બિરાજતા શ્રી ભટેવા પાર્શ્વપ્રભુના ન્હવણ જળનો તેના દેહ પર છંટકાવ કર...'

જ્ઞાની ભગવંતના મુખેથી પોતાના પુત્રની વ્યાધિની મુક્તિનો ઉપાય સાંભળી રાજા અને તેનો પરિવાર આનંદવિભોર બની ગયા. રાજા બીજે જ દિવસે ભટેવા નગર પહોંચ્યો. ત્યાં તેણે પ્રભુની સત્તરભેદી પૂજા કરી. પરમાત્માનું સ્નાત્રજળ રાજાએ પોતાના પુત્ર ગુણસુંદરના દેહ પર છાંટતાં તમામ વ્યાધિ ક્ષણમાત્રમાં નષ્ટ થઈ ગઈ. આ અજોડ ચમત્કારથી શ્રી ભટેવા પાર્શ્વનાથનો મહિમા સર્વત્ર માલતીપુષ્પની સુગંધ માફક પ્રસરી ગયો.

રાજા ભૂધરે પોતાનો નીરોગી પુત્ર ગુણસુંદર ઉંમરલાયક થતાં તેને રાજગાદી સોંપી અને પોતે ધર્મમય જીવન પસાર કરવા લાગ્યો. છેવટે તેનું સમાધિપૂર્વક મૃત્યુ થયું. રાજા ગુણસુંદરે જિનશાસનની આરાધના સાથે રાજ્યનો કારભાર સંભળ્યો અને અનશન કરીને તે પણ સમાધિપૂર્વક મૃત્યુ પામીને દેવલોકમાં મહર્દ્ધિક દેવ તરીકે ઉત્પન્ન થયો.

શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુના મહિમાવંત પ્રસંગને ૫, ૨૪,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮૦૦ વર્ષ પસાર થઈ ગયાં, ત્યારે ભટેવા નગરમાં એક અલૌકિક પ્રસંગ બન્યો.

ભટેવા નગરમાં સુરચંદ નામનો એક વણિકપુત્ર રહેતો હતો. પૂર્વનાં કોઈ કર્મોને કારણે તે ભારે નિર્ધનતા ભોગવતો હતો. તે પોતાનું જીવન કંગાળ અવસ્થામાં પસાર કરતો હતો. તે જીવનથી ભારે દુઃખી હતો, પરંતુ ધર્મ પ્રત્યેની આસ્થા જળવાઈ રહી હતી.

એક વાર તેને સુરસુંદર નામના મુનિનો ભેટો થયો. સુરચંદે મુનિને પોતાની હાલતનો ચિતાર આપ્યો. ત્યારે મુનિએ અંતરાયકર્મને નિવારવા પૌષધવ્રત સાથે પદ્માવતી દેવીની આરાધના કરવા સૂચવ્યું.

સુરચંદે મુનિના કથન મુજબ પૌષધવ્રત કર્યું અને પદ્માવતી દેવીની હૈયાના ભાવ સાથે આરાધના કરી. પદ્માવતી દેવીએ તેને શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવંતની ભક્તિ સાથે અઠ્ઠમ તપ કરવાનું સૂચવ્યું. સુરચંદે અનેરા ભક્તિભાવ સાથે અઠ્ઠમ તપની આરાધના આરંભી.

પૂર્વે દેવલોકમાં મહર્દ્ધિકદેવ તરીકેના ગુણસુંદરના જીવે દેવલોકમાં રહીને સુરચંદની શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુની ભક્તિ અવધિજ્ઞાન માંડીને નિહાળી. તે દેવાત્મા સુરચંદની અનેરી ભક્તિથી પ્રસન્ન થયો. સુરચંદના પ્રબળ અંતરાયોને વિખેરવા પોતાના વિમાનમાંથી શ્રી ભટેવા પાર્શ્વનાથનું વેળુનું દિવ્યતા ધરાવતું બિંબ લાવીને આપ્યું.

શ્રી ભટેવા પાર્શ્વનાથની પ્રતિમાની પ્રાપ્તિથી સુરચંદના હરખનો પાર ન રહ્યો. તે પરમાત્માની રોજ ભક્તિ કરવા લાગ્યો. સુરચંદની જિનભક્તિ અપૂર્વ હતી. તેના કર્મનાં જાળાં વીખરાઈ ગયાં અને તે થોડા સમયમાં સુરચંદમાંથી સુરચંદ શ્રેષ્ઠી બની ગયો. અઢળક સંપત્તિનો સ્વામી બન્યો.

શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિમાના ચમત્કારની વાત ઈલાદુર્ગના રાજાના કાને આવી. તે પ્રતિમા લઈ આવવા માટે રાજાએ પોતાના સુભટ્ટોને સુરચંદ શેઠને ત્યાં મોકલ્યા. સુરચંદ શેઠે પ્રતિમા આપવાની સુભટ્ટોને ઘસીને ના પાડી. સુભટ્ટો પોતાના પર બળજબરી કરશે તેવો ભય જણાતાં સુરચંદ શેઠે તે પ્રતિમાજી રામા પટેલના ખેતરમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભંડારી દીધી. સુભટ્ટો ચાલ્યા ગયા. સુરચંદ શેઠે પોતાનું જીવન ધર્મમય બનાવ્યું. અંતે મૃત્યુ પામીને યક્ષનિકાયમાં દેવ તરકે ઉત્પન્ન થયા.

રામા પટેલના ખેતરમાં શ્રી ભટેવા પાર્શ્વનાથજીની પ્રતિમાજી બે હજાર વર્ષ સુધી ગુપ્ત રહી, ત્યાર પછી બનેલી ઘટના પ્રસ્તુત છે.

ચંદ્રાવતી નગરીમાં રવચંદ નામના શ્રેષ્ઠી રહેતા હતા. તેઓ ધર્મમય જીવન પસાર કરતા હતા. કોઈ અશુભ કર્મના ઉદયે તેમની આર્થિક સ્થિતિ અત્યંત દયાજનક હતી. એક રાત્રિએ ધર્મક્રિયાઓ પૂરી કરીને નવકાર મંત્રનું સ્મરણ કરતા રવચંદ શેઠ પથારીમાં સૂતા. પરોઢિયે યક્ષનિકાયના દેવ બનેલા સુરચંદ શેઠના જીવે સ્વપ્નમાં પ્રત્યક્ષ થઈને તેના દુઃખના નિવારણનો મંગલ ઉપાય સૂચવ્યો. તે માટે ઈડર પાસેની ભટેસર નગરીના દક્ષિણ દિશાના વનમાં રથ લઈ જવાનું સૂચવ્યું અને એક નિશ્ચિત સ્થાન બતાવ્યું. ત્યાં પ્રભુજીની પ્રતિમા પ્રાપ્ત થશે. તેને રથમાં પધરાવીને લાવવાનો નિર્દેશ કર્યો.

રવચંદ શેઠે સ્વપ્ન પૂરું થયા પછી શય્યાનો ત્યાગ કર્યો અને નવકારનું સ્મરણ કરવા લાગ્યા. શુભ સંકેતવાળું સ્વપ્ન જોઈ શેઠને અત્યંત હર્ષ થયો. પ્રાતઃકાળે રવચંદ શેઠે સ્વપ્નના સંકેત મુજબ ભટેસર નગરી તરફ પ્રયાણ કર્યું.

આગળ જતાં રવચંદ શેઠ ગડમથલમાં મુકાયો. આથી તેણે માર્ગદર્શન મેળવવા સ્વપ્નમાં આવનાર યક્ષરાજનું સ્મરણ કર્યું. યક્ષરાજે તરત જ પ્રત્યક્ષ દર્શન આપીને નગરીની દક્ષિણ દિશાના વન્યપ્રદેશમાં આવેલ સરોવરના કિનારે અશોકવૃક્ષની નીચે શ્વેત સર્પ નૃત્ય કરતો જોવા મળશે અને ત્યાં જ મોતીનો સાથિયો જોવા મળશે ત્યાં ખોદવા જણાવ્યું.

રવચંદને યક્ષરાજના કથન મુજબ સરોવરના કાંઠે અશોકવૃક્ષની નીચે શ્વેત સર્પ અને મોતીનો સાથિયો જોવા મળ્યા. તે આનંદિત થયો. અને ત્યાં ખોદકામ કરતાં રવચંદ શેઠને શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુની વેળુની નયનરમ્ય પ્રતિમાજી અને હીરા-માણેકની ખાણ પ્રાપ્ત થઈ.

રવચંદે શેઠનો હરખ માતો નહોતો. તેણે પરમાત્માને રથમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બિરાજમાન કર્યા અને નગરીમાં લાવ્યો. મહામહોત્સવ ઊજવીને પોતાના ઘરમાં પ્રભુજીને પધરાવ્યા. હીરા-માણેકની ખાણ દ્વારા રવચંદ શેઠને અઢળક સંપત્તિની પ્રાપ્તિ થઈ. રવચંદ શેઠનું જીવન સમૃદ્ધ થઈ ગયું.

એક વાર યક્ષરાજની સૂચના થતાં રવચંદ શેઠે નગરીમાં ભવ્ય જિનાલય બંધાવ્યું. વિ.સં. ૧૫૩૫ના વૈશાખ સુદ-૩ના મહામંગલ દિને પરમાત્માને જિનાલયમાં પ્રતિષ્ઠિત કર્યા.

આ ચંદ્રાવતી નગરી આજે ચાણસ્મા તરીકે ઓળખાય છે. વીશા શ્રીમાળી જ્ઞાતિની એક પ્રાચીન વંશાવલી અનુસાર જયતા નામના એક શ્રેષ્ઠીવર્યે પોતાનું ગામ નરેલી છોડીને શ્વસુરના ગામ ચાણસ્મામાં નિવાસ કર્યો અને તેણે ત્યાં શ્રી ભટેવા પાર્શ્વનાથનું જિનાલય અચલગચ્છના આ. શ્રી અજીતસિંહસૂરિજી મહારાજના ઉપદેશથી બંધાવ્યું. અને સં. ૧૩૩૫માં પ્રતિષ્ઠા-મહોત્સવ કર્યો હતો. આથી ચાણસ્માનું શ્રી ભટેવા પાર્શ્વનાથ તીર્થ વધુ પ્રાચીન હોવાની વાતનું સમર્થન કરે છે.

વિ.સં. ૧૬૪૧ના ભયંકર દુષ્કાળમાં આ મૂર્તિની સુરક્ષા ચાણસ્મામાં અશક્ય જણાતાં શ્રીસંઘે પાટણના મહેતા પાડામાં રહેતા નગરશેઠ રતનશાહના ઘર-દેરાસરમાં સુરક્ષા અર્થે મૂકાવી. દુષ્કાળનો સમય પસાર થઈ જતાં અને સુકાલ થતાં સંઘે નગરશેઠ પાસે પ્રતિમાજીની માગણી કરી પણ નગરશેઠે સંઘને જાકારો આપ્યો. પ્રતિમાજી ન આપ્યા.

નગરશેઠના વલણની ચર્ચા ચાણસ્મામાં થવા લાગી, ત્યારે ગામના પટેલ કસળદાસ અને માળી કોમના પૂજારી રામી નાથા ચતુરે પાટણથી અત્રે લાવી દેવાનો દૃઢ સંકલ્પ કર્યો. બન્ને કેટલાક માણસોને સાથે રાખીને પાટણ રતનશાહ નગરશેઠને ત્યાં આવ્યા અને તેમને ખૂબ સમજાવ્યા. પરંતુ નગરશેઠ એકના બે ન થયા ત્યારે દંડનીતિનો આશરો લીધો. હુલ્લડ મચાવીને શ્રી ભટેવા પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજીને અધિષ્ઠાયક દેવની સહાયથી ચાણસ્મા લઈ આવ્યા. પ્રતિમાજીને પૂજારીના ઘરમાં પરોણા તરીકે પધરાવી. કસળદાસ પટેલે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજારીની હિંમત અને વીરતાની પ્રશંસા કરી અને ખુશ થઈને આઠ વીઘા જમીન ઇનામમાં આપી.

સં. ૧૮૫૪ની સાલમાં નૂતન જિનાલયનું નિર્માણકાર્ય શરૂ થયું. પાંચ શિખરયુક્ત જિનાલય બંધાઈ જતાં શ્રી જિરણંદસૂરિજીની નિશ્રામાં સં. ૧૮૭૨ના ફાગણ સુદ-૩ના આ જિનાલયની પ્રતિષ્ઠા-વિધિ થઈ. આ ઉત્તરાભિમુખ જિનાલયની ભમતીમાં ચોવીશ દેવકુલિકાઓ નયનરમ્ય જિનબિંબોથી અલંકૃત છે. વિ.સં. ૨૦૧૩માં શિખર પર નૂતન ધ્વજદંડ આરોપવામાં આવ્યો. આ. શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે સં. ૨૦૧૫માં ચોવીશ દેરીઓની પ્રતિષ્ઠા સંપન્ન થઈ.

શ્રી ભટેવા પાર્શ્વનાથ જિનાલયનો પ્રતિષ્ઠાદિન સંઘ દર વર્ષ ફાગણ સુદ-૩ના ઊજવે છે. સં. ૨૦૨૨માં શ્રીસંઘ ઉપા. શ્રી ધર્મસાગરજી મ.ની નિશ્રામાં જિનાલયનો અર્ધશતાબ્દી મહોત્સવ ઊજવ્યો હતો.

શ્રી ચાણસ્મા તીર્થ : શ્રી ચાણસ્મા જૈન મહાજન પેઢી, નાની વાણિયાવાડના નાકે, બજારમાં, મુ.પો. ચાણસ્મા – ૩૮૪૨૨૦ (જિ.પાટણ) ફોન નં. (૦૨૭૩૪) ૨૨૩૨૯૬ છે.

## ૫૬ : શ્રી કંબોઈ તીર્થ

મહેસાણા જિલ્લાના ચાણસ્મા તાલુકાના કંબોઈ ગામમાં શ્રી મનમોહન પાર્શ્વનાથ પ્રભુનું મુખ્ય તીર્થ આવેલું છે. મહેસાણાથી હારીજ જતી રેલવેલાઇન પર કંબોઈ સ્ટેશન છે. ગામ સ્ટેશનથી ૧ કિ.મી.ના અંતરે છે તથા ચાણસ્માથી કંબોઈ ૧૬ કિ.મી.ના અંતરે છે. કંબોઈમાં આ એક માત્ર જિનાલય છે. અહીં ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.

મૂળરાજ ચાવડાએ સં. ૧૦૪૩માં વઢિયાર દેશમાં આવેલા મંડલીના મૂળનાથને મોઢેરા પાસેનું કંબોઈ ગામ દાનમાં લખી આપ્યું હતું. મૂળરાજે જે દાનપત્ર લખી આપ્યું તેમાં કંબોઈ ગામમાં જૈન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તીર્થની કોઈ વાત દર્શાવી નથી. આ પ્રતિમાજી સંપ્રતિ મહારાજાના કાળની હોવાથી સંભાવના છે. કંબોઈ તીર્થ અંગેનાં ઐતિહાસિક તથ્યો ૧૭મી સદી અને ત્યાર પછીના મળે છે. આથી કહી શકાય તે આ તીર્થ ૧૭મા સૈકાથી તો અસ્તિત્વ ધરાવે જ છે.

સં. ૧૬૩૮ની એક ધાતુની પ્રતિમાજીમાં કંબોઈ ગામનો ઉલ્લેખ દર્શાવાયો છે. સં. ૧૬૪૮માં આ. શ્રી લલિતપ્રભુસૂરિજી દ્વારા રચિત 'પાટણ ચૈત્ય પરિપાટી'માં કંબોઈના પાર્શ્વનાથજીનો ઉલ્લેખ છે.

મૂળનાયકની બંને બાજુમાં રહેલી મૂર્તિઓ પરથી સ્પષ્ટ પણે જોઈ શકાય છે કે તે મૂર્તિઓની પ્રતિષ્ઠા સં. ૧૬૫૯ના વૈશાખ સુદ-૧૩ની આ. શ્રી વિજયસેનસૂરિજી મહારાજે કરી હતી. તે સિવાય સં. ૧૫૦૪, ૧૫૦૫, ૧૫૧૮ની સાલ અન્ય મૂર્તિઓ પર જોવા મળે છે.

પૂર્વે આ મનમોહન પાર્શ્વનાથજીની પ્રતિમા એક નાનકડી દેરીમાં હતી. સં. ૧૯૬૮માં પ્રતિમાજીને મૂળ મંદિરમાં પધરાવાઈ. સં.૨૦૦૩ના મહાસુદ પુનમના રોજ મૂળનાયક તરીકે શ્રી મનમોહન પાર્શ્વનાથને પુનઃ પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા.

જિનાલયમાં સભામંડપ અને ચાર દેરીઓ છે. ભવ્ય શિખર અને ચાર ઘુમ્મટ છે. શ્રી મનમોહન પાર્શ્વનાથનું તીર્થ દર્શનીય છે. દર મહાસુદ પૂનમના દિવસે જિનાલયની વર્ષાગાંઠ ઊજવાય છે. તેમજ ફાગણ સુદ-૨ના અહીં મોટો મેળો ભરાય છે. અહીં અનેક ભાવિકો પૂનમ ભરે છે. પ્રાચીન જિન મૂર્તિઓના અવશેષો આ ગામમાંથી પ્રાપ્ત થતા રહે છે.

શ્રી કંબોઈ તીર્થ : શ્રી મનમોહન પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર તીર્થ. મુ.પો. કંબોઈ – ૩૮૪૨૩૦, તા. ચાણસ્મા (જિ. મહેસાણા) ફોન નં. (૦૨૭૩૪) ૨૮૧૩૧૫ છે.

## ૫૭ : શ્રી ગાંભૂ તીર્થ

મહેસાણા જિલ્લામાં ચાણસ્મા તાલુકાના ગાંભૂ નામના ગામમાં શ્રી ગંભીરા પાર્શ્વનાથજીનું પ્રાચીન અને દર્શનીય તીર્થ આવેલું છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાંભૂ જૈનતીર્થ મહેસાણાથી ૧૬ કિ.મી.ના અંતરે આવેલું છે. મહેસાણા-મોઢેરા રોડ પર ગણેશપુર થઈને ગાંભૂ જવાય છે. ગાંભૂ તીર્થની નજીક શંખેશ્વર, ચાણસ્મા, કંબોઈ, મહેસાણા, પાટણ વગેરે તીર્થસ્થળો આવેલાં છે.

ગાંભૂ તીર્થમાં ધર્મશાળા-ભોજનશાળા તથા ઉપાશ્રયની સગવડ છે. પેઢી તરફથી ભાતું અપાય છે. પૂર્વે અહીં જૈનોની વિશાળ વસ્તી હતી. અત્યારે ઓછાં ઘર છે. ગંભીરા પાર્શ્વનાથનું મુખ્ય તીર્થ ગાંભૂ છે.

સૈકાઓ પૂર્વે ગાંભૂ ગામ સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રવૃત્તિઓથી ધમધમતું નગર હતું. વિક્રમની દશમી સદી (વિ.સં. ૯૫૬)માં યક્ષદેવના શિષ્ય પાર્શ્વનાગે ગાંભૂ ગામમાં શ્રાવક જંબૂનાગની મદદથી તેના જિનાલયમાં 'યતિ પ્રતિક્રમણ સૂત્ર' અને 'શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર'નું વ્યાખ્યાન ચૈત્ર માસની પાંચમે પૂરું કરેલ, આથી તે સમયે આ જિનાલય હતું એ ફલિત થાય છે.

શ્રી ગંભીરા પાર્શ્વનાથના જિનાલયમાં પ્રતિમાજીની સંખ્યા વિશેષ છે. મોટા ભાગનાં પ્રતિમાજીઓ ગાંભૂ ગામની જમીનમાંથી મળી આવેલાં છે. મુંબઈના ભૂલેશ્વર વિસ્તારમાં આવેલા લાલબાગ જિનાલયના મૂળનાયક શ્રી મહાવીરસ્વામીજીની પ્રાચીન પ્રતિમાજી ગાંભૂથી લાવવામાં આવી છે.

ગાંભૂ ગામમાં મોટા મોટા ટેકરાઓ, ખંડેરો પરથી જણાય છે કે અહીં અનેક જિનાલયો હશે તેમજ ગાંભૂ ગામ પ્રવૃત્તિઓથી ધમધમતું હોવું જોઈએ.

ગાંભૂ ગામમાં આવેલ શ્રી ગંભીરા પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય બે માળનું છે. આ જિનાલયની સં. ૧૮૪૪માં પ્રતિષ્ઠા થઈ હતી. ત્યાર પછી આ જિનાલયનો જીર્ણોદ્ધાર સંવત ૨૦૨૫માં થયો હતો. આ જિનાલયની શિલ્પ-કારીગરી અદ્ભુત અને દર્શનીય છે.

શ્રી ગંભીરા પાર્શ્વનાથ જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ દરવર્ષે મહાસુદ ૪ના રોજ ઊજવવામાં આવે છે. તે દિવસે મોટી સંખ્યામાં યાત્રાળુઓ અહીં આવીને મહોત્સવમાં ભાગ લે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાંભૂના શ્રી ગંભીરા પાર્શ્વનાથના દિવ્ય પ્રભાવની વાત આજે પણ લોકમુખે ચર્ચાય છે. લોકવાયકા મુજબ દરરોજ વહેલી સવારે જિનાલયનાં દ્વાર ખોલવામાં આવતાં ત્યારે ગર્ભદ્વાર ખોલીને પ્રથમ દર્શનાર્થી પ્રભુજીની પાસે પહોંચે ત્યારે તેને પ્રભુજીની હથેળીમાં એક રૂપિયો પ્રગટ થયેલો દેખાતો. શરૂઆતમાં સૌ કોઈને આશ્ચર્ય થયું, પછી આ ઘટના સામાન્ય બની ગઈ. એક વાર આ ગામમાં એક યતિ મહારાજ આવ્યા અને તેના કાને આ વાત સાંભળવામાં આવી તો તેણે ઊંડી તપાસ કરી પછી જણાવ્યું કે ભગવાનના તિલકની વિશિષ્ટતાના કારણે આ ચમત્કાર થતો હતો.

એવું કહેવાય છે કે યતિએ પ્રભુના મસ્તક પરનું તિલક કાઢી લીધું. તે પછીથી રૂપિયો આવતો બંધ થયો, પરંતુ આ પ્રતિમાજી અત્યંત દર્શનીય છે.

સંવત ૧૫૨૫ના વૈશાખ વદ-૧૦ના ડુંગરપુરના મંત્રી શાલ સહાનાએ શ્રી ગંભીરા પાર્શ્વનાથ જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ રચ્યો હતો. આ મહોત્સવ આ. શ્રી સોમસુંદરસૂરિજીના શિષ્ય આ. લક્ષ્મીસાગરસૂરિની નિશ્રામાં થયો હતો.

શ્રી ગાંભૂ તીર્થ : શ્રી ગાંભૂ જૈન શ્વે.મૂ. સંઘ ટ્રસ્ટ, મુ. ગાંભૂ, તા. ચાણસ્મા (જિ. મહેસાણા). ફોન નં. (૦૨૭૩૪) ૨૮૨૩૨૫ છે.

## ૫૮ : શ્રી તારંગાજી તીર્થ

મહેસાણાથી ૭૨ કિ.મી.ના અંતરે, વડનગરથી ૩૮ કિ.મી., વિસનગરથી ૫૧ કિ.મી. ખેરાળુથી ૨૪ કિ.મી. અંતરે શ્રી તારંગા તીર્થ આવેલું છે. કલિકાળસર્વજ્ઞ જૈનાચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ દ્વારા પ્રતિબોધિત રાજરાજેશ્વર મહારાજ કુમારપાળ દ્વારા શ્રી તારંગા તીર્થનું વિક્રમ સંવતની બારમી સદીમાં નિર્માણ થયેલું છે. અહીં શ્રી અજિતનાથ પ્રભુની શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી મૂળનાયક રૂપે બિરાજમાન છે. અહીં દિગંબર જૈન દેરાસર આવેલું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, જેમાં શ્રી આદિનાથ પ્રભુ મૂળનાયક રૂપે બિરાજમાન છે. આ ઉપરાંત વિક્રમ સંવતની પહેલી સદીમાં શ્રી સિદ્ધાયિકા દેવીનું દેરાસર નિર્માણ થયું હોવાનો ઈતિહાસ છે. આ જિનાલયને જોનાર પ્રત્યેકના હૃદયમાં ધન્ય શબ્દ નીકળ્યા વિના ન રહે. ૨૪ ગજ પ્રમાણની ઊંચાઈવાળું ૩૨ માળનું આવું સર્વાંગસુંદર દેરાસર અન્યત્ર ક્યાંય નથી. દેરાસરનો ચોક ખૂબ જ વિશાળ છે. ભવ્ય કલાકારીગરીથી સમૃદ્ધ આ જિનાલય તે કાળમાં આવા સ્થાને કઈ રીતે તૈયાર થઈ શક્યું હશે તે પ્રશ્ન સહજ રીતે ઉદ્ભવ્યા વિના ન રહે...હાલના શ્વેતાંબર જિનાલયના શિખરની ઊંચાઈ, કલાકારીગરી, વિશાળ રંગમંડપ અત્યંત દર્શનીય છે.

એક જૂની જનશ્રુતિ અનુસાર 'આબુની કોતરણી, રાણકપુરની બાંધણી, તારંગાની ઊંચાઈ અને શત્રુંજયનો મહિમા' આ ચીજોની જોડી મળવી મુશ્કેલ છે. શ્રી અજિતનાથ જિનાલયની દક્ષિણમાં કોટીશીલા નામનું સ્થાન છે, જ્યાંથી અનેક મુનિવરો ઘોર તપસ્યા કરીને મોક્ષે સિધાવ્યા છે. શ્રી અજિતનાથ ભગવાનની પ્રતિમાજી અત્યંત દર્શનીય અને ચમત્કારી છે. અહીં રહેવા તથા જમવાની વ્યવસ્થા છે.

વિ.સં. ૧૪૬૬માં આ જિનાલયનો જીર્ણોદ્ધાર ઈડરના ગોવિંદ સંઘવી નામના શ્રાવકે કર્યો હતો. તેઓ ઈડર રાજ્યના રાણા પુંજાજીના ખાસ માન્ય અને સંઘના અગ્રેસર વત્સરાજ સંઘવીના પુત્ર હતા. તે કાળમાં વિદ્યમાન તપાગચ્છીય આચાર્ય મહારાજ શ્રી સોમસુંદરસૂરિના અનન્ય ભક્ત હતા. હાલમાં જે પ્રતિમાજી મૂળનાયક રૂપે બિરાજમાન છે તે વિ.સં.ના ૧૫મા સૈકામાં પ્રતિષ્ઠિત થયેલ છે.

આ તીર્થ વસ્તુપાલ-તેજપાલના સમયમાં પ્રસિદ્ધ હતું અને તે સમયે પણ મૂળનાયક શ્રી અજિતનાથ ભગવાન હતા એમ વિ.સં. ૧૨૮૪-૮૫ની સાલમાં વસ્તુપાલ-તેજપાલ મંત્રીઓના હાથે અહીં પ્રતિષ્ઠિત થયેલા અનેક પ્રતિમાજી પરના શિલાલેખો પરથી જણાય છે.

શ્રી તારંગાજી તીર્થ : શ્રી આણંદજી કલ્યાણજી શ્વે.મૂ.જૈન પેઢી, મુ.પો. તારંગા-૩૮૪૩૫૦ (જિ.મહેસાણા). ફોન નં. (૦૨૭૬૧) ૨૫૩૪૭૧ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૫૯ : શ્રી વાલમ તીર્થ

વીસનગરથી ૧૦ કિ.મી. અને ઊંઝાથી ૧૧ કિ.મી.ના અંતરે, મહુડીથી ૪૦ કિ.મી. તથા તારંગાથી ૫૫ કિ.મી.ના અંતરે શ્રી વાલમ તીર્થ આવેલું છે. શ્રી વાલમ તીર્થમાં શ્યામવર્ણના, પદ્માસનસ્થ શ્રી નેમિનાથ પ્રભુ બિરાજમાન છે. આ તીર્થનો ઇતિહાસ અતિ પ્રાચીન છે. એવું કહેવાય છે કે પ્રાચીન કાળમાં અષાઢી નામના શ્રાવકે ત્રણ જિન પ્રતિમાઓ ભરાવ્યાનો ઉલ્લેખ શાસ્ત્રોમાં જોવા મળે છે, તેમાંની આ એક પ્રતિમાજી છે. ભવ્ય અને દર્શનીય પ્રતિમાજી પરથી એની પ્રાચીનતાનો પરિચય થાય છે. શ્રી નેમિનાથ પ્રભુની આ પ્રાચીન અને ભવ્ય પ્રતિમાનાં દર્શન કરવાં ચૂકવા જેવું નથી.

શ્રી વાલમ તીર્થ : શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક પેઢી, મુ.પો.વાલમ ૩૮૪૩૧૦ તા. વીસનગર (જિ.મહેસાણા). ફોન નં. (૦૨૭૬૫) ૨૮૫૦૪૩ છે.

## ૬૦ : શ્રી મોઢેરા તીર્થ

બહુચરાજીથી ૧૩ કિ.મી., ચાણસ્માથી ૨૫ કિ.મી. અને રાંતેજથી ૧૬ કિ.મી.ના અંતરે શ્રી મોઢેરા તીર્થ આવેલું છે. આ પ્રાચીન તીર્થસ્થળમાં શ્વેતવર્ણના પદ્માસનસ્થ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુ મૂળનાયક રૂપે બિરાજમાન છે. આ તીર્થ વિ.સંવત ૯મી સદી પહેલાંનું માનવામાં આવે છે. અહીં ગામ નજીકનાં ખંડેરોમાંથી વિપુલ પ્રમાણમાં પ્રતિમાજીઓનો સંગ્રહ મળી આવેલ છે તેમજ પ્રાચીન કલાત્મક અવશેષો મળેલ છે.

શાસ્ત્રોમાં નોંધ છે કે પૂર્વે શ્રી મહાવીરસ્વામીનું આ જિનાલય હતું અને શ્રી બપ્પ ભટ્ટાચાર્યજી હંમેશાં આકાશમાર્ગે આ જિનાલયમાં દર્શનાર્થે આવતા હતા. કલિકાળ સર્વજ્ઞ જૈનાચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાની આ જન્મભૂમિ છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી મોઢ જ્ઞાતિના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતા. તેમના પૂર્વજોની આ જન્મભૂમિ છે. મોઢેરાનું સુવિખ્યાત સૂર્યમંદિર ભારતીય કલાનો બેનમૂન વારસો છે. આ સ્થાનનાં દર્શન એક વાર જરૂર કરવાં. અહીં જૈન ધર્મશાળા કે ભોજનશાળા નથી. આ સ્થળે સૂર્યમંદિર જેવાં અન્ય હિંદુ મંદિરો આવેલાં છે. સરકાર મોઢેરાના વિકાસ માટે કાર્યરત છે.

શ્રી મોઢેરા તીર્થ : શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય, મુ.પો. મોઢેરા – ૩૮૪૨૧૨, તા. બહેચરાજી (જિ.મહેસાણા). ફોન નં. (૦૨૭૩૪) – ૨૮૪૩૯૦ છે. અહીંથી ગાંભૂ તીર્થ ૭ કિ.મી.ના અંતરે આવેલું છે.

## ૬૧ : શ્રી આગલોડ તીર્થ

વિજાપુર ગામથી નજીક આવેલું આ તીર્થ જૈન શાસનરક્ષક દેવ શ્રી માણિભદ્રવીરનું સ્થાનક છે. શ્રી સિદ્ધાચલજીના શુભસ્મરણ અને શ્રી નવકાર મહામંત્રના રટણથી માણેકચંદ તપાગચ્છ અધિષ્ઠાયક શ્રી માણિભદ્રવીર બન્યા. આજે જિનશાસનમાં શાસનદેવ તરીકે શ્રી માણિભદ્રવીરની પૂજા થાય છે. જૈન-જૈનેતરો ભક્તિ ભાવપૂર્વક શ્રી માણિભદ્રવીરની ભક્તિ કરે છે. શ્રી માણિભદ્ર વીર જાગૃત દેવ છે. શ્રી માણિભદ્રવીરે શત્રુંજય યાત્રાની પ્રતિજ્ઞા આસો સુદ-૫ના દિવસે લીધી હતી. તેથી આસો સુદ -૫ના શ્રી માણિભદ્રવીરનું મહાપૂજન (હવન) કરવામાં આવે છે. ઉજ્જૈનમાં શ્રી માણિભદ્રવીરના મસ્તકની પૂજા થાય છે. મગરવાડામાં શ્રી માણિભદ્રવીરના પગની પિંડીના આકારની સ્થાપના કરાઈ છે અને તેની પૂજા થાય છે જ્યારે આગલોડમાં ધડની પૂજા થાય છે. (વિશેષ માટે 'શ્રી માણિભદ્રવીર' કથા—વિમલ ધામી લિખિત વાંચો.)

આગલોડમાં શ્રી માણિભદ્રવીરના સ્થાનક સાથે ભવ્ય જિનાલય, ધર્મશાળા, ભોજનશાળા તેમજ સુખડી ધરવાની વ્યવસ્થા છે. અહીંથી મહુડી ૧૪ કિ.મી.ના અંતરે આવેલું છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી આગલોડ તીર્થ : શ્રી માણિભદ્ર જૈન તીર્થ પેઢી, મુ.પો. આગલોડ તા. વિજાપુર (જિ.મહેસાણા). ૩૮૨૮૭૦, ફોન નં. (૦૨૭૬૩) ૨૮૩૬૧૫, ૨૮૩૭૩૪ છે.

## ૬૨ : શ્રી વિજાપુર તીર્થ

મહેસાણા જિલ્લાના વિજાપુરમાં શ્રી સ્ફુલિંગ પાર્શ્વનાથ પ્રભુનું ભવ્ય અને પ્રાચીન જિનાલય આવેલું છે. વિજાપુર રેલવે સ્ટેશન છે. રોડ અને રેલવે માર્ગથી અહીં આવી શકાય છે. અહીં ૧૨થી વધારે ભવ્ય જિનાલયો છે. ઉપાશ્રય, પાઠશાળા, જ્ઞાનભંડાર, ધર્મશાળા તથા ભોજનશાળા વગેરેની સગવડો છે. આગલોડ, મહુડી, મહેસાણા વગેરે તીર્થો નજીકમાં છે. પૂર્વે શ્રી સ્ફુલિંગ પાર્શ્વનાથનું તીર્થ નેપાળમાં વિદ્યમાન હતું, અત્યારે વિજાપુર ગામમાં આ તીર્થ છે.

વિજાપુરમાં શ્રી સ્ફુલિંગ પાર્શ્વનાથ પરમાત્માનું ભવ્ય શિખરબંધી જિનાલય સ્ટેશન રોડ પર આવેલ છે. વિજાપુર ગામ પ્રાચીન અને ઐતિહાસિક હોવાનાં સંખ્યાબંધ પ્રમાણો ઉપલબ્ધ છે. આહડદેવે પોતાના પિતા વિજયદેવની સ્મૃતિમાં સંવત ૧૨૫૬માં આ નગર વસાવ્યું હતું. સંવત ૧૫૭૧માં લખાયેલ કેટલાક ગ્રંથોના આધારે આભૂ પોરવાડના વંશજ શ્રેષ્ઠી પેથડે વિજા-વિજલદેવની મદદથી આ નગર વસાવ્યું હતું. એક ભવ્ય જિનાલયની રચના કરી હતી અને તેમાં સુવર્ણની જિનપ્રતિમાજી પ્રતિષ્ઠિત કરાયા હતા. મહામંત્રી વસ્તુપાળ તેજપાળે સંવત ૧૨૮૦માં અહીંના ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. તેરમા-ચૌદમા સૈકાના અનેક ગ્રંથોના સર્જનની ભૂમિ બની હોવાના ઉલ્લેખ છે.

ચૌદમા સૈકાના પ્રારંભમાં આચાર્ય ભગવંત વિદ્યાનંદસૂરિજી મહારાજે અહીં સરસ્વતી દેવીની મૂર્તિની સ્થાપના કરી હતી અને 'વિદ્યાનંદ વ્યાકરણ'ની રચના કરી હતી.

વિ.સં. ૧૩૧૭માં અહીંના શ્રી વાસુપૂજ્ય જિનાલય ઉપર સુવર્ણદંડ અને સુવર્ણકળશ ખરતરગચ્છીય શ્રી જિનેશ્વરસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં ચડાવવામાં આવ્યા હતા. ખરતરગચ્છના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્ય ભગવંત શ્રી જિનપ્રબોધસૂરિજી મહારાજ સંવત ૧૩૩૭માં પધાર્યાનો ઉલ્લેખ છે. પાટણના મહારાજા રત્નાદિત્ય ચાવડાએ અહીં 'કુંડ' કરાવ્યો હતો. તથા રાજરાજેશ્વર મહારાજા કુમારપાળે અહીં કિલ્લો બંધાવ્યો હતો.

આગમગચ્છીય આ. શ્રી અમરરત્નસૂરિ તથા આ. શ્રી. સોમરત્નસૂરિના ઉપદેશથી વિક્રમ સંવત ૧૫૭૩માં અહીં ચતર્વિશતિ પટ્ટ બન્યો હતો. સોળમા સૈકામાં આચાર્યશ્રી સૌભાગ્યહર્ષસૂરિ તથા શ્રી સોમવિમલગણિ અહીં પધાર્યા હતા. પાછળથી ગણિ સોમવિજયજી પ્રભાવક આચાર્ય બન્યા હતા.

ભવ્ય ભૂતકાળનાં સંભારણાં સાથેના આ પ્રાચીનં નગર વિજાપુરમાં શ્રી સ્ફુલિંગ પાર્શ્વનાથના નૂતન તીર્થનું નિર્માણ થયું છે.

પૂર્વકાળમાં નેપાળમાં પ્રાચીનતમ શ્રી સ્ફુલિંગ પાર્શ્વનાથ, શ્રી વિષહર પાર્શ્વનાથ તથા શ્રી મંત્રાધિરાજ પાર્શ્વનાથનાં પ્રભાવક તીર્થો વિદ્યમાન હતાં. આજે આ તીર્થો વિચ્છેદ પામેલાં જણાય છે. કેટલાંક વર્ષો પહેલાં આ. શ્રી સુબોધસાગરસૂરિજીને આ તીર્થનું નિર્માણ કરવાની દૈવી પ્રેરણા મળી અને તેમણે આ કાર્યને વેગવંતું બનાવવા ઉપદેશ કર્યો અને વિજાપુરમાં શ્રી સ્ફુલિંગ પાર્શ્વનાથનું એક નૂતન તીર્થ અસ્તિત્વમાં આવ્યું. વિ.સં. ૨૦૩૭ના વૈશાખ વદ-૩ના દિવસે આ.ભ.શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ.તથા આ. શ્રી સુબોધસાગરસૂરિજી મ. આદિની પાવન નિશ્રામાં આ તીર્થનો અંજનશલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય રીતે ઊજવાયો. આ જિનાલયનો રંગમંડપ અને બહારનો નૃત્યમંડપ અત્યંત દર્શનીય છે.

શ્રી વિજાપુર તીર્થ : શ્રી સ્ફુલિંગ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ પેઢી, શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ જૈન સમાધિ મંદિર, સ્ટેશન રોડ, વિજાપુર (જિ.મહેસાણા). ફોન નં. (૦૨૭૬૩) ૨૨૦૨૦૯ છે.

## ૬૩ : શ્રી મહેસાણા તીર્થ

ઉત્તર ગુજરાતમાં મહેસાણા ખાતે સ્ટેશન રોડ પર શ્રી મનોરંજન પાર્શ્વનાથજીનું ભવ્ય જિનાલય આવેલું છે. મહેસાણામાં શ્રી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિમંધરસ્વામીની વિશાળકાય પ્રતિમાવાળું ભવ્ય જિનાલય હાઈવે ઉપર આવેલું છે. શ્રી સિમંધરસ્વામી જૈન દેરાસરનું નિર્માણ પૂ.સ્વ.આ.ભ. શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી વિ.સ. ૨૦૨૮માં થયેલ છે. જૈન શાસ્ત્રાનુસાર શ્રી સીમંધરસ્વામી કેવળજ્ઞાન પછી આજે પણ પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં વિચરણ કરે છે. પ્રભુની વિશાળ પ્રતિમાજી તથા ગગનચુંબી વિશાળ મંદિર ભવ્ય છે. અહીં રહેવાની તથા ભોજનશાળાની શ્રેષ્ઠ સગવડ છે.

મહેસાણામાં કુલ ૧૫થી વધારે જિનાલયો આવેલાં છે. મહેસાણામાં ઉપાશ્રયો, પાઠશાળા, જ્ઞાનભંડાર આદિ છે. અહીંની શ્રી યશોવિજયજી સંસ્કૃત પાઠશાળાએ જૈન શિક્ષણના પ્રચારમાં અપૂર્વ યોગદાન આપેલું છે. મહેસાણામાં શ્રી મનોરંજન પાર્શ્વનાથની પ્રતિમાજી શ્રી સુમતિનાથ જિનાલયમાં બિરાજે છે. આ પ્રતિમાજી મહારાજા સંપત્તિના સમયની છે.

વિક્રમના ૧૨-૧૩મા સૈકામાં મહેસાજી ચાવડાએ મહેસાણા નગર વસાવ્યું હતું. મહેસાણામાં શ્રી મનોરંજન પાર્શ્વનાથ જિનાલયમાં એક પ્રાચીન મૂર્તિ પર સંવત ૧૨૫૭નો ઉલ્લેખ છે. આ લેખ જિનાલય બંધાવનાર શ્રેષ્ઠીનો હોવાનું માનવામાં આવે છે. તે ઉપરથી જણાવી શકાય કે મહેસાણા શહેર તેરમા સૈકાથી પણ વધારે પ્રાચીન હોવું જોઈએ. આ પૂર્વે મહેસાણામાં શ્રી કલ્યાણ પાર્શ્વનાથનું જિનાલય હતું. ચૌદમા-પંદરમા સૈકામાં આ જિનાલય મુસ્લિમ આક્રમણોનો ભોગ બનેલું. તે આક્રમણથી મૂર્તિઓનું રક્ષણ કરવામાં આવેલું. હાલમાં તે પરમાત્માની પ્રતિમાજી વીસનગરમાં છે. ચૌદમા સૈકા સુધી મહેસાણામાં મહેસાજીના વંશજોનું રાજ્ય હતું. સમય જતાં તેમાં ફાટફૂટ પડી અને ચાવડાનું રાજ્ય નાનું થયું. અત્યારે જે જિનાલયો છે તે ગાયકવાડ રાજ્યની સ્થાપના થયા પછીનાં છે.

'શ્રી મનોરંજન પાર્શ્વનાથ'ના નામ પાછળ એક ઇતિહાસ છુપાયો છે. ચાવડા મહેસાજીના ચરણે સુખ અને સમૃદ્ધિ આળોટતી હતી. તમામ પ્રકારનાં સુખો હોવા છતાં એક શેર માટીની ખોટ હતી. ગાદીનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વારસ ન હોવાના કારણે તેમનું મન હંમેશ ચિંતિત રહેતું હતું. એક વાર મહેસાણામાં વિહાર કરતા કોઈ જ્ઞાની જૈનાચાર્ય પધાર્યા. જૈનાચાર્ય જ્ઞાની અને મહાન છે તેવી વાત કોઈએ મહેસાજીને કરી. મહેસાજી તરત જ તે ગૃહસ્થની સાથે આચાર્ય ભગવંતના દર્શનાર્થે આવ્યા. વંદના કરીને મહેસાજીએ પુત્રપ્રાપ્તિની પોતાની ઝંખના આચાર્ય ભગવંત સમક્ષ રજૂ કરી.

જૈનાચાર્યે ભાવિ કળી જઈને મહેસાજીને શ્રી પાર્શ્વપ્રભુની આરાધના કરવા જણાવ્યું, આરાધનાની વિધિ બતાવી. ત્યાર પછી મહેસાજીએ શુદ્ધ ભૂમિમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા સામે બેસીને શુદ્ધ ભાવે આરાધના કરી. તે આરાધનાના ફળ સ્વરૂપે પુત્રપ્રાપ્તિની ઝંખના પૂરી થઈ. તેમને ત્યાં પુત્રનો જન્મ થયો. પુત્રના દર્શનથી તેમના મનનું રંજન થયું. મહેસાજીના મુખમાંથી મનોરંજન પાર્શ્વનાથ એવું નામ પ્રગટ્યું ત્યારથી આ પાર્શ્વનાથ 'શ્રી મનોરંજન પાર્શ્વનાથ' તરીકે જાણીતા થયા.

આ પ્રતિમાજી એક ભવ્ય શિખરબંધી જિનાલયમાં બિરાજે છે. પૂર્વે મનોરંજન પાર્શ્વનાથ અને શ્રી સુમતિનાથજીનાં જુદાંજુદાં બે જિનાલયો હતાં. અત્યારે બન્ને જિનાલયો ભેગાં કરીને મોટું જિનાલય બાંધેલું છે. નૂતન જિનાલયમાં શ્રી મનોરંજન પાર્શ્વનાથની સં. ૧૯૨૦ના મહા સુદ ૧૦ના રોજ પ્રતિષ્ઠા કરાઈ છે.

શ્રી મહેસાણા તીર્થ : શ્રી સીમંધરસ્વામી જિનમંદિર પેઢી, નેશનલ હાઈવે, મુ.પો. મહેસાણા – ૩૮૪૦૦૨. મહેસાણાથી શંખેશ્વર ૯૫ કિ.મી., મહુડી-૫૮ કિ.મી. તથા શેરીસા-૬૦ કિ.મી.ના અંતરે છે. ફોન નં. (૦૨૭૬૨) ૨૫૧૬૭૪, ૨૫૧૦૮૭ છે.

## ૬૪ : શ્રી પાનસરતીર્થ

અમદાવાદ-કલોલના માર્ગ પર ધમાસણાથી દોઢ કિલોમીટરના અંતરે શ્રી પાનસર તીર્થ આવેલું છે. કલોલથી ૭ કિ.મી.ના અંતરે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને અમદાવાદથી ૩૭ કિ.મી.ના અંતરે આવેલ શ્રી પાનસર તીર્થમાં શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની શ્વેતવર્ણની તેજસ્વી પ્રતિમાજી મૂળનાયક રૂપે બિરાજમાન છે. આ પ્રતિમાજી ભૂગર્ભમાંથી મળી છે. આ ઉપરાંત અહીંથી અનેક પ્રતિમાજીઓ જમીનમાંથી મળી આવી છે. આથી પ્રાચીનકાળમાં અહીં ભવ્ય તીર્થસ્થાન હોવાનું માનવામાં આવે છે. આ ગામમાં આવેલા એક બીજા જિનાલયમાં શ્રી ધર્મનાથ પ્રભુની પ્રતિમાજી છે. આ પ્રતિમાજી પણ જમીનમાંથી મળી આવી છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

શ્રી પાનસર તીર્થ : શ્રી પાનસર મહાવીરસ્વામી જૈન દેરાસર ટ્રસ્ટ, મુ.પો. પાનસર – ૩૮૨૭૪૦ તા, કલોલ (જિ.ગાંધીનગર). ફોન નં. (૦૨૭૬૪) ૨૮૮૨૪૦, ૨૮૮૪૦૨ છે. નજીકમાં ૧૪ કિ.મી.ના અંતરે શેરીસા તીર્થ આવેલું છે.

## ૬૫ : શ્રી શેરીસા તીર્થ

અમદાવાદ-મહેસાણા રોડ પર કલોલથી આઠ કિલોમીટર દૂર શેરીસા ગામમાં શ્રી શેરીસા પાર્શ્વનાથ પ્રભુનું મુખ્યતીર્થ અતિપ્રાચીન છે. આ પ્રાચીન તીર્થ અમદાવાદથી નજીક છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની ઉત્તમ સગવડ છે. વામજ, પાનસર, ભોંયણી વગેરે તીર્થસ્થળો અહીંથી નજીકમાં છે.

રાજરાજેશ્વર મહારાજ કુમારપાળના સમયમાં કલિકાળસર્વજ્ઞ મહાપુરુષ જૈનચાર્ય શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજના સહાધ્યાયી આ. શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજ એક વાર સેરીસા આવ્યા હતા. તેઓ આ ભૂમિનું સૌંદર્ય અને પવિત્રતાથી અતિ પ્રસન્નતા અનુભવવા લાગ્યા. તેઓ ધ્યાનમાં સ્થિર થતાં તેમના દિવ્યતા ધરાવતા જ્ઞાનમાં આ સ્થાનની અંદર છુપાયેલી એક વિશાળ પાટ જોવા મળી. પાષાણની આ પાટમાંથી એક સુમનોહર જિનબિંબનું નિર્માણ થાય તો અનેક જીવોનું આત્મકલ્યાણ થાય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિજીને ધ્યાનસાધનામાં વિરાટ પાટ જોયા પછી જિનબિંબની રચના તેમાંથી થાય તેવી ઇચ્છા ઉત્પન્ન થઈ. ત્યાર પછી તેઓએ પોતાની ઉત્કૃષ્ટ મનોકામના સિદ્ધ કરવા શ્રી પદ્માવતી દેવીની આરાધના અઠ્ઠમ તપ સાથે કરી. શ્રી પદ્માવતી દેવીએ સાક્ષાત્ થઈને આચાર્ય ભગવંતને માર્ગદર્શન આપ્યું. દેવીના કથન અનુસાર આ. દેવેન્દ્રસૂરિએ સોપારક નગરથી એક અંધ શિલ્પીને બોલાવ્યો.

અંધ શિલ્પીએ અઠ્ઠમનું તપ કર્યા પછી પાષણની વિરાટ પાટ પર શિલ્પકામ શરૂ કર્યું. અંધ શિલ્પીએ સૂર્યાસ્ત બાદ શિલ્પકામ શરૂ કર્યું અને બીજા દિવસે સૂર્ય ઊગે તે પહેલાં એક અતિ મનોહર જિનબિંબનું સર્જન થઈ ચૂક્યું હતું.

એક તરફ અંધ શિલ્પીએ શ્રી પાર્શ્વપ્રભુનું દર્શનીય અને મનોહારી જિનબિંબનું નિર્માણ કર્યું તે જ રાત્રે આ. દેવેન્દ્રસૂરિજીએ પોતાની મંત્રસિદ્ધિથી અયોધ્યા નગરીથી ચાર જિનબિંબો અત્રે લઈ આવવાનું વિચાર્યું.

આચાર્ય દેવેન્દ્રસૂરિ સિદ્ધ મહાત્મા હતા. તેમણે મંત્રશક્તિના બળે ચાર જિનબિંબ અત્રે લાવવાની કામના કરી. સિદ્ધપુરુષની કામના ક્યારે અસફળ થતી નથી. ચારમાંથી એક પ્રતિમાજીને પ્રાતઃકાળ થઈ જવાના કારણે માર્ગમાં ધારાસેનક નામના ગામમાં પધરાવવામાં આવી. અન્ય ત્રણ પ્રતિમાજીઓ આવી પહોંચી. ત્યાં તો આસપાસમાં એક જગ્યાએથી બીજી ચોવીસ જિનપ્રતિમાજીઓ મળી આવી.

આ તમામ જિનપ્રતિમાજીઓને શેરીસા ગામમાં એક ભવ્ય જિનાલયનું નિર્માણ કરાવીને પ્રતિષ્ઠિત કરવામાં આવી. જ્યારે અંધ શિલ્પીએ એક રાતમાં નિર્માણ કરેલી સુમનોહર પ્રતિમાજી શ્રી શેરીસા પાર્શ્વનાથના નામથી જગવિખ્યાત થઈ. આ તીર્થની સ્થાપના બારમા સૈકામાં થયાના ઉલ્લેખો છે.

એમ કહેવાય છે કે મૂળનાયક પ્રભુની પ્રતિમાજી ડોલતી રહેતી હતી. તેથી 'ડોલણ પાર્શ્વનાથ'ના નામથી ઓળખાવા લાગી, પરંતુ આચાર્ય ભગવંતે મંત્રશક્તિથી આ ડોલતી પ્રતિમાજીને સ્થિર કરી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કવિ લાવણ્યસમયે એક સ્તવનમાં જણાવેલ છે કે પરમાત્માનું પ્રક્ષાલજળ શેરીમાં સર્વત્ર પ્રસરી ગયું, તેથી શેરી સાંકડી બની. તે પ્રસંગથી 'શેરીસા' અને 'કડી' બે નામનો ઉદ્ભવ થયો હોય. આજે પણ શેરીસા અને કડી બન્ને ગામો વિદ્યમાન છે.

તેરમા સૈકામાં મંત્રી તેજપાળે આ તીર્થમાં પોતાના વડીલ બંધુ માલવદેવ અને તેના પુત્ર પુનસિંહના આત્મકલ્યાણ અર્થે બે દેવકુલિકાઓ કરાવી હતી. એક દેરીમાં શ્રી નેમનાથ પ્રભુ અને બીજી દેરીમાં શ્રી અંબિકા દેવીની મૂર્તિ પ્રતિષ્ઠિત કરવામાં આવી. જેની પ્રતિષ્ઠા નાગેન્દ્રગચ્છના શ્રી વિજયસેનસૂરિજીના વરદ હસ્તે સંપન્ન થઈ હતી.

સંવત ૧૪૨૦માં શેરીસા તીર્થમાં શ્રી પદ્માવતી દેવીની મૂર્તિ પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. આજે આ પ્રતિમાજી નરોડામાં છે.

સંવત ૧૫૬૨માં કવિ લાવણ્યસમયે આ તીર્થનું પ્રત્યક્ષ વર્ણન એક સ્તવનમાં કરતા જણાવેલ છે કે સોળમા સૈકા સુધી આ તીર્થ સુરક્ષિત હતું. ત્યાર બાદ આ તીર્થ પર આફતના ઓળા ઊતરી પડ્યા. સં. ૧૭૨૧માં મુસ્લિમોના આક્રમણથી આ ભવ્ય જિનાલયનો વિધ્વંસ થયો. એ વખતે શ્રીસંઘે અગમચેતી વાપરીને જિનબિંબોની રક્ષા કરી.

આ તીર્થ થોડાં વર્ષો સુધી વિસ્મૃતિની ગર્તામાં વિલીન થઈ ગયું. આ તીર્થ કેટલાક શ્રાવકોના ધ્યાનમાં આવ્યું. વિ.સં. ૧૯૬૯ની સાલમાં કલોલ આવેલા શાસનસમ્રાટ આ. શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજે આ તીર્થનો ઉદ્ધાર કરવા શ્રીસંઘને પ્રેરણા આપી.

આ.ભ.ની. પ્રેરણાથી તીર્થના જીર્ણોદ્ધારની કાર્યવાહી શરૂ થઈ અને સં. ૨૦૦૨ના વૈશાખ સુદ ૧૦ના આ.ભ.શ્રી વિજયનેમિસૂરિજી મ.ના વરદ હસ્તે આ ભવ્યાતિભવ્ય જિનપ્રાસાદની પ્રતિષ્ઠા થઈ. હાલ આ તીર્થનો વહીવટ શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી કરી રહી છે.

શ્રી શેરીસા તીર્થ : શ્રી શેરીસા પાર્શ્વનાથ જૈન શ્વે. તીર્થ, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, મુ.પો. શેરીસા – ૩૮૨૭૨૧. તા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલોલ (જિ.ગાંધીનગર). ફોન નં. (૦૨૭૬૪) ૨૫૦૧૨૬ છે. નજીકનાં તીર્થોમાં વામજ તીર્થ ૧૫ કિ.મી., પાનસર ૧૪ કિ.મી. ભોંયણી ૪૨ કિ.મી.ના અંતરે છે.

## ૬૬ : શ્રી મહુડી તીર્થ

વિજાપુરથી ૧૦ કિ.મી.ના અંતરે, પીલવાઈ રોડથી ૫ કિ.મી.ના અંતરે શ્રી મહુડી તીર્થ આવેલું છે. આ તીર્થ ઘંટાકર્ણ મહાવીરના સ્થાનક તરીકે જગપ્રસિદ્ધ છે. આ તીર્થક્ષેત્ર ૨૦૦૦ વર્ષ જેટલું પ્રાચીન હોવાનો સંભવ છે. હાલના દેરાસરની તથા શ્રી ઘંટાકર્ણ મહાવીરના સ્થાનની પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૭૪ અને વિ.સં. ૧૯૮૦માં થયેલ છે. જિનાલયમાં શ્રી પદ્મપ્રભ સ્વામી મૂળનાયક રૂપે બિરાજમાન છે. આ તીર્થ ચમત્કારિક ગણાય છે. દરરોજ હજારોની સંખ્યામાં યાત્રિકોની અવરજવર રહે છે.

અહીંથી દોઢ કિ.મી. દૂર સાબરમતી નદીના કિનારે એક ટેકરી પર કોટ્યર્કના મંદિરમાં પ્રાચીન કલાપૂર્ણ પ્રતિમાઓ તથા અવશેષ દષ્ટિગોચર થાય છે. શ્રી શાંતિનાથ પ્રભુની પંચધાતુથી બનાવેલી જટાયુક્ત, રેડિયમ જેવાં નેત્રોવાળી ૪૧/૨' ઊંચી પ્રતિમાનાં દર્શન કરવા દુર્લભ છે. અહીં શ્રી અજિતનાથ પ્રભુની કાયોત્સર્ગ મુદ્રાની પ્રતિમાજી છે. આચાર્ય ભગવંત શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજે અહીં ધ્યાનસાધના કરી હતી. અહીં ધર્મશાળા – ભોજનશાળાની સર્વોત્તમ સગવડ છે.

### શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ.

આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજનો જન્મ વિજાપુર શહેરમાં પાટીદાર કુળમાં થયો હતો. પાટીદાર હોવા છતાં નાનપણથી જ જૈન ધર્મના અભ્યાસ તથા સંસ્કારના કારણે દીક્ષા લઈ ૧૦૮ ગ્રંથોની રચના ૨૫ વર્ષના અલ્પકાળમાં કરી. પૂ. રવિસાગરજી મ. તેમજ પૂ. સુખસાગરજી મહારાજનો પારસસ્પર્શ મળતાં તેઓ જૈન જ્યોતિર્ધર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગનિષ્ઠ આધ્યાત્મિક પુરુષ બની માત્ર જૈનો જ નહિ પરંતુ અઢારે આલમને સુવાસિત કરેલ છે. ૨૭મા વર્ષે દીક્ષા લઈ ૩૯મા વર્ષે આચાર્ય પદવી પ્રાપ્ત કરી તૃતીય પદના ભોક્તા બન્યા. ધાર્મિક તથા આધ્યાત્મિક ખૂબ ઊંડો અભ્યાસ કરીને યોગના જાણકાર બન્યા. શાસન પ્રભાવનાનાં શુભકાર્યો એમના પાવનકારી હસ્તે થયાં. અનેક ગામમાંથી કુસંપ દૂર કરાવ્યા અને અનેક આત્માઓને સ્વધર્મના રાગી બનાવ્યા. અને ચતુર્વિધ સંઘ પર અનેક રીતે મહાન ઉપકાર કર્યા. સમ્યગ્દૃષ્ટિ દેવ શ્રી ઘંટાકર્ણ મહાવીરને પ્રત્યક્ષ પામી મહુડીમાં તેમની મૂર્તિની સ્થાપના કરી. તેઓશ્રીની તેજસ્વી સાધના તથા દીર્ઘદૃષ્ટિથી આપેલ ઉપદેશ તથા જ્ઞાન શાસન માટે મહાઉપકારી છે.

આ.ભ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજા નાનપણથી જ શ્રી ઘંટાકર્ણ વીરના ઉપાસક હતા. સંવત ૧૯૭૫માંશ્રી પદ્મપ્રભ સ્વામીની પ્રતિષ્ઠા કરાવવા મહુડી પધાર્યા ત્યારે અઠ્ઠમ તપ કરી ઉગ્ર ઉપાસના કરી શ્રી ઘંટાકર્ણ મહાવીરનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં.

સંવત ૧૯૭૫ માગસર સુદ ૬ના શ્રી પદ્મપ્રભ સ્વામીના ગાદીનશીન દિને જ દેરાસરની બાજુમાં નાનકડી દેરી બનાવી, તેમાં શ્રી ઘંટાકર્ણ વીરની સ્થાપના કરવામાં આવી.

જૈન શાસનમાં બાવન વીરો છે તેમાં ત્રીસમા વીર શ્રી ઘંટાકર્ણ વીર છે. સંવત ૧૯૮૦ માગસર સુદ-૩ના દિવસે હાલના રંગમંડપમાં સર્વકાર્ય સિધ્ધિકારક દેવશ્રી ઘંટાકર્ણ મહાવીરની પ્રતિષ્ઠા આચાર્ય ભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજાએ કરાવી. પીઠિકા ભાગમાં મંત્ર અંકિત કરવામાં આવ્યો જે ઘંટાકર્ણ મહાવીરનો મૂળમંત્ર છે. તે સાથે મંત્ર અંકિત કરેલો ઘંટ સ્થાપવામાં આવ્યો. ધ્વજદંડ પણ ફરકાવવામાં આવ્યો.

સંવત ૨૦૨૪ના ગચ્છાધિપતિ આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી નવીન સત્તાવીશ જિનાલયની પ્રતિષ્ઠા થઈ. જૈન શાસનમાં મહુડી એક એવું ધર્મસ્થાન છે કે જ્યાં સુખડીનો નૈવેદ્ય ધરાવીને મંદિરના પટાંગણમાં જ પ્રસાદ વહેંચી દેવો પડે છે.

શ્રી મહુડી તીર્થ : શ્રી મહુડી જૈન શ્વે. મૂ.ટ્રસ્ટ, મુ.પો. મહુડી-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૮૨૮૫૫ (જિ.ગાંધીનગર). ફોન નં. (૦૨૭૬૩) ૨૮૪૬૨૬, ૨૮૪૬૨૭ છે.

## ૬૭ : શ્રી રાંતેજ તીર્થ

મહેસાણાથી ૩૦ કિ.મી, ગાંભૂથી તથા ભોંયણીથી ૨૫ કિ.મી. તથા મોઢેરાથી ૨૦ કિ.મી.ના અંતરે શ્રી રાંતેજ તીર્થ આવેલું છે. ઉત્તર ગુજરાતનું અતિ પ્રાચીન, જમીનમાંથી પ્રગટ થયેલ બાવન જિનાલયથી યુક્ત, બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ પરમાત્માથી મંડિત આ તીર્થ અત્યંત દર્શનીય છે. સેંકડો વર્ષો પૂર્વે દૈવી સંકેતથી જમીનમાંથી બાવન જિનાલય તેમજ મહારાજા સંપ્રતિકાલીન ૧૮ જનબિંબો પ્રગટ થયા હતા. આ પ્રાચીન તીર્થમાં મહાચમત્કારી શ્રી નેમિનાથ પરમાત્મા મૂળનાયક રૂપે બિરાજમાન છે. તીર્થમાં જ ૭૫૦ વર્ષ જૂની અતિ પ્રાચીન ભગવતી સરસ્વતી માતાજી, શ્રી મહાલક્ષ્મીજી, શ્રી ચક્રેશ્વરી માતાજીની પ્રતિમાઓ પણ રાંતેજ તીર્થની યાત્રાનો લાભ લેવા અનેક ભાવિકોને પ્રેરે છે. આ તીર્થના માર્ગદર્શક શ્રી સીમંધરસ્વામી જૈન મહાતીર્થના પ્રણેતા, પ્રશાંતમૂર્તિ, ગચ્છાધિપતિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ કૈલાસસાગરસૂરિજી મ.ના શિષ્ય પૂ.આ.શ્રી કલ્યાણસાગરસૂરિજી મ.ના પટ્ટધર શાસનપ્રભાવક પૂ.આ.શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્ય જ્યોતિર્વિદ પંન્યાસપ્રવર શ્રી અરુણોદયસાગરજી મહારાજ છે. રાંતેજ તીર્થમાં આવવા માટે મહેસાણાથી શંખેશ્વર તીર્થના રસ્તે ૨૮ કિ.મી. (વાયા બલોલ, આસજોલ)ના અંતરે તથા ભોંયણીજી તીર્થથી ૨૫ કિ.મી. (વાયા કટોસણ, ધનપુરા, તેજપુરા)ના અંતરે છે.

શ્રી રાંતેજ તીર્થ : શ્રી નેમિનાથ પ્રભુ ટ્રસ્ટ, મુ.પો. રાંતેજ – ૩૮૪૪૧૦ (વાયા બલોલ) તા. બેચરાજી (જિ.મહેસાણા) ટેલિફોન નં. (૦૨૭૩૪) ૨૬૭૩૨૦ છે.

## ૬૮ : શ્રી વામજ તીર્થ

શેરીસાથી ૧૨ કિ.મી.ના અંતરે, કલોલથી ૧૬ કિ.મી.,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદરેજથી ૮ કિ.મી. અને ત્યાંથી વામજ ૫ કિ.મી.ના અંતરે શ્રી વામજ તીર્થ આવેલું છે. એક સંન્યાસી મહાત્માને દૈવી સંકેત મળતાં ભૂગર્ભમાંથી પ્રતિમાજી પ્રાપ્ત થયા હતાં. આ જિનાલયમાં ભૂગર્ભમાંથી પ્રાપ્ત થયેલી શ્રી આદીશ્વર ભગવાનની શ્વેત વર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી મૂળનાયક રૂપે બિરાજમાન છે. અત્યંત દર્શનીય પ્રતિમાજી છે.

શ્રી વામજ તીર્થ : શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી, મુ.પો. વામજ – ૩૮૨૭૨૧.

## ૬૯ : શ્રી બોરીજ તીર્થ

અમદાવાદથી ૧૫ કિ.મી.ના અંતરે ગાંધીનગર માર્ગ પર આ તીર્થ આવેલું છે. કોબા, તપોવન અને મેરુધામ તીર્થો નજીકમાં છે. સાબરમતી નદીના તટે નાનકડું ગામ બોરીજ છે. તેની આજુબાજુની ઊંડી ભેંકાર કોતરોમાં અવારનવાર લાંબા સમય સુધી રહીને યોગનિષ્ઠ આચાર્યદેવ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજા નિર્ભયદશામાં સાધના કરતા હતા. આ સિદ્ધ સાધનાભૂમિના સૌથી ઊંચાઈવાળા ક્ષેત્રમાંના એક ખેતરમાંથી વિ.સં. ૧૯૮૧, ઈ.સ. ૧૯૨૫ના અરસામાં યુગો – યુગોથી ભંડારાયેલ પ્રભુ શ્રી વર્ધમાન સ્વામી, શ્રી નેમિનાથ પ્રભુ અને શ્રી પાર્શ્વનાથ પ્રભુની શુભ ધવલ આરસપહાણની ૧૭''ની ત્રણ પ્રતિમાઓ સાક્ષાત મહાનિધાનની જેમ ભૂમિના અભ્યુદયનો સંકેત બનીને પ્રકટ થઈ. આનંદિત થયેલા ખેડૂતે પેથાપુર શ્રીસંઘને ત્રણ પ્રતિમાજીની સાથે જ પવિત્ર બનેલી પોતાની વિશાળ ભૂમિ પણ સમર્પિત કરીને પોતાની ઈકોતેર પેઢીને તારવવાનું પુણ્ય ઉપાર્જન કર્યું.

પોતાની યોગદૃષ્ટિના બળે બોરીજ, પેથાપુર આદિ ક્ષેત્રના અભ્યુદયને સ્પષ્ટ નિહાળનારા અધ્યાત્મ યોગી આચાર્યદેવ શ્રી બુધ્ધિસાગરસૂરીશ્વરજી મ.ના સદુપદેશથી પેથાપુર શ્રીસંઘે નાનકડા જિનાલયનું નિર્માણ કરીને પૂજ્યશ્રીની નિશ્રામાં આ પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કર્યા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમય વહેવા લાગ્યો. સમય જતાં બોરીજ તીર્થ વિશ્વમૈત્રીધામ બન્યું. ઈ.સ. ૧૯૯૦માં પેથાપુર શ્રીસંઘે આ તીર્થ પૂ.આ.શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર – કોબાને સમર્પિત કર્યું.

વિશ્વના સર્વજીવો માટે મૈત્રીના ધામ સમા પ્રભુ વર્ધમાન સ્વામીના આ તીર્થને પૂ. આચાર્ય ભગવંતની ભાવના મુજબ વિશ્વમૈત્રી ધામ રૂપે વિકસિત કરવાનું નક્કી થયું. ઈ.સ. ૧૯૯૫માં બોરીજ તીર્થદ્ધારનાં બીજ રોપાયાં. ૧૯૯૭ના ૨૧મી મેના દિવસે ખનન વિધિ અને ૧૫મી જૂનના શિલાન્યાસ વિધિથી જિનાલયના નિર્માણનો શુભારંભ થયો. તા. ૭-૨-૨૦૦૩ના શુભ મુહૂર્તે પૂ.આ.શ્રી. કલ્યાણસાગરસૂરીશ્વરજી મ., પૂ.આ.શ્રી પદ્માસાગરસૂરીશ્વરજી મ. તથા આ. શ્રી વર્ધમાન સાગરસૂરિજી મ. આદિની પાવન નિશ્રામાં શ્રી વર્ધમાનસ્વામીની મહામંગલકારી પ્રતિષ્ઠા સંપન્ન થઈ. મૂળનાયક શ્રી વર્ધમાનસ્વામીની પ્રતિમાની ઊંચાઈ ૮૧.૨૫", પહોળાઈ ૬૪.૬૪", ગાદીની પહોળાઈ ૧૦૦"ની છે. જ્યારે પરિકરની ઊંચાઈ ૧૩૫"ની છે. જેનું કુલ વજન ૧૬ ટન જેટલું થાય છે. આ વીરાલયમાં મૂળનાયક ઉપરાંત પ્રાચીન શ્રી સંભવનાથજી, શ્રી આદીશ્વરજી, શ્રી સીમંધરસ્વામીજીની, શ્રી શાંતિનાથજીની, શ્રી વાસુપૂજ્ય સ્વામી, શ્રી પાર્શ્વનાથજી, શ્રી મુનિસુવ્રત સ્વામી, શ્રી નેમિનાથજી, શ્રી ગૌતમ સ્વામી, શ્રી સુધર્માસ્વામીજીની નૂતન પ્રતિમાજીઓ બિરાજમાન કરવામાં આવી છે. શ્રી માણિભદ્રવીર તથા રાજરાજેશ્વરી દેવી શ્રી પદ્માવતીની સ્વતંત્ર દેવકુલિકા છે. આ તીર્થસંકુલમાં શ્રાવક-શ્રાવિકાઓની પૌષધશાળા, યાત્રિકો માટે ધર્મશાળા, ભોજનશાળા, પરબ, મેડિકલ સેન્ટર, વાચનાલય વગેરે છે.

શ્રી બોરીજ તીર્થ : શ્રી વિશ્વમૈત્રી ધામ, શ્રી બોરીજ તીર્થ પેઢી, અક્ષરધામ પાસે, 'જ' રોડ, બોરીજ, ગાંધીનગર (ગુજરાત). ફોન નં. (૦૭૯) ૨૩૨૪૩૧૮૦ તથા ૫૫૭૨૭૧૮૧ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૭૦ : શ્રી કોબા તીર્થ

શ્રી જિનશાસનની પ્રમુખ સંસ્થાઓમાં શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર-કોબાએ અલ્પ સમયમાં અગ્રિમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. અહીં ધર્મ અને આરાધનાની વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનો મહાસંગમ છે. આ જ્ઞાનતીર્થ પ્રશાંતમૂર્તિ ગચ્છાધિપતિ આ.શ્રી કૈલાસસાગરસૂરી મ.ના શિષ્યરત્ન આ.દેવ શ્રી કલ્યાણસાગરસૂરીજી મ.ના શિષ્યરત્ન, પરમ શ્રદ્ધેય, યુગદ્રષ્ટા, રાષ્ટ્રસંત, આચાર્યપ્રવર શ્રીમદ્ પદ્મસાગરસૂરીશ્વરજી મ.ના કૌશલ્યપૂર્ણ માર્ગદર્શનમાં આપણી વિરલ સાંસ્કૃતિક પરંપરાઓને જીવંત રાખવા તથા ધર્મ, દર્શન, સાહિત્ય, સંસ્કૃતિ, કલા, શિલ્પ અને સ્થાપત્યનું શિક્ષણ, સાધના અને સંસ્કૃતિના મહાસંગમની દિશામાં દૃઢ નિષ્ઠા સાથે પ્રવૃત્ત છે.

મહાવીરાલય (દેરાસર)માં જૈન ધર્મના ચોવીસમા તીર્થંકર મૂળનાયક ભગવાન શ્રી મહાવીરસ્વામી સહિત અન્ય પૂજનીય પ્રતિમાજીઓ બિરાજમાન છે. ત્રણ શિખરોથી સુશોભિત આ મહાવીરાલયની ખાસ વિશેષતા એ છે કે આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ.ના અંતિમસંસ્કારના સમયે પ્રતિવર્ષ ૨૨મી મે બપોરના ૨.૦૭ કલાકે દેરાસરના શિખરમાં થઈને સૂર્યકિરણો મહાવીરસ્વામીના તિલકને દેદીપ્યમાન કરે એવી અજોડ અને સુંદર ગોઠવણ કરવામાં આવી છે. જેની ગણના અને સંયોજના પૂ.આચાર્ય શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્ય-પ્રશિષ્યો ગણિવર્યશ્રી અરવિંદસાગરજી મ. તથા મુનિશ્રી અજયસાગરજી મ.એ કરી છે.

ઊંચા ફલક (જગતિ) પર આવેલા આ દેરાસરની સીડીની બન્ને બાજુ ધાતુની બનેલી એક-એક વિશાળકાય સિંહની પ્રતિમાઓ સૌને આકર્ષે છે. મૂળગર્ભગૃહના પ્રવેશદ્વાર પર ચાંદીના જાડા પતરાનો ઢોળ ચઢાવેલ છે. જેના પર શ્રી મહાવીરસ્વામીના સમવસરણમાં દર્શન કરવા માટે ભવ્ય શોભાયાત્રાની સાથે આવી રહેલા દશાર્ણભદ્ર રાજા અને ઇન્દ્ર મહારાજની વચ્ચે પ્રતિસ્પર્ધા અને દશાર્ણભદ્ર રાજાની દીક્ષાનું દૃશ્ય જોવા મળે છે. કાષ્ઠશિલ્પનું આ સમગ્ર પ્રદર્શન વીસમી સદીના પ્રતિનિધિત્વરૂપ અને વિશિષ્ટ નમૂનારૂપ બન્યું છે. આ મહાવીરાલયનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાસ્તુશિલ્પ પણ દર્શનીય છે.

પૂ.આ.શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ.ની પાવન સ્મૃતિમાં એમના અંતિમસંસ્કારસ્થાન પર સ્મૃતિમંદિર (ગુરુમંદિર) બનાવાયું છે. આચાર્યશ્રીની સ્ફટિક રત્નની ચરણપાદુકા, ગર્ભગૃહમાં શ્રી ગૌતમસ્વામીની મનોહર પ્રતિમા તથા પુંડરિકસ્વામી તથા સુધર્માસ્વામીની પ્રતિમાજીઓ છે.

કોબા તીર્થમાં શ્રી કૈલાશસાગર જ્ઞાનમંદિર, દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ હસ્તપ્રત ભાંડાગાર, બુકસ્ટૉલ (શ્રુતસરિતા), કલાતીર્થરૂપ સમ્રાટ સંપત્તિ સંગ્રહાલય વગેરે છે.

નજીકમાં આવેલાં તીર્થોમાં તપોવન સંસ્કારપીઠ ૪ કિ.મી.ના અંતરે, મેરૂધામ ૩ કિ.મી., લબ્ધિધામ-ચિલોડા ૧૩ કિ.મી. તથા સાબરમતી ૯ કિ.મી.ના અંતરે છે.

શ્રી કોબા તીર્થ : શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, મુ. કોબા – ૩૮૨૦૦૯ (જિ. ગાંધીનગર). ફોન નં. (૦૭૯) ૨૩૨૭૬૨૦૪, ૨૦૫, ૨૫૨ છે.

## ૭૧ : શ્રી મેરૂધામ તીર્થ

ગાંધીનગર જિલ્લામાં અમીયાપુર ખાતે શ્રી મેરૂધામ જૈનતીર્થ આવેલું છે. આ તીર્થ દર્શનીય છે. ગાંધીનગર હાઈવે પર આવેલ શ્રી તપોવન સંસ્કારપીઠથી એક કિલોમીટરના અંતરે આ તીર્થ આવેલું છે. અત્યંત દર્શનીય પ્રતિમાજીઓ બિરાજમાન છે.

શ્રી મેરૂધામ તીર્થ : શ્રી મેરૂધામ જૈન તીર્થ, સાબરમતી-ગાંધીનગર હાઈવે, મુ.અમીયાપુર (જિ.ગાંધીનગર) ફોન નં. (૦૭૯) ૨૩૨૭૬૦૭૭ છે.

## ૭૨ : શ્રી ચંદ્રપ્રભલબ્ધિ ધામ

આ તીર્થ અમદાવાદ-અંબાજી હાઈવે પર આવેલું છે. આ તીર્થ અમદાવાદથી ૨૮ કિ.મી.ના અંતરે, કોબાથી ૧૩ કિ.મી. તથા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાંધીનગરથી ૧૦ કિ.મી.ના અંતરે આવેલું છે. આ નૂતન તીર્થ દર્શનીય છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

શ્રી ચંદ્રપ્રભ લબ્ધિધામ : શ્રી ચંદ્રપ્રભલબ્ધિધામ મુ.પો. ધણપ, નેશનલ હાઈવે નં.૮, (ચિલોડા ચોકડી) (જિ.ગાંધીનગર) ફોન નં. (૦૭૯) ૨૩૨૭૨૦૦૯ છે.

## ૭૩ : શ્રી નંદાસણ તીર્થ

મહેસાણા જિલ્લામાં કડી તાલુકામાં નંદાસણ ગામમાં આ તીર્થ આવેલું છે. શ્રી નંદાસણ તીર્થમાં શ્રી મનમોહન પાર્શ્વનાથ પ્રભુ મૂળનાયક રૂપે બિરાજમાન છે. શ્રી મનમોહન પાર્શ્વનાથ પ્રભુનું મુખ્યતીર્થ ચાણસ્મા તાલુકામાં કંબોઈ ગામમાં આવેલું છે. અહીં અત્યંત દર્શનીય પ્રતિમાજી છે. ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે. નજીકમાં આવેલાં તીર્થોમાં પાનસર ૧૪ કિ.મી., શેરીસા-૨૫ કિ.મી., ભોંયણી-૨૬ કિ.મી. તથા કડીથી આ તીર્થ ૧૩ કિ.મી.ના અંતરે આવેલ છે.

શ્રી નંદાસણ તીર્થ : શ્રી જય ત્રિભોવન (મનમોહન પાર્શ્વનાથ ટ્રસ્ટ) મુ.પો.નંદાસણ – ૩૮૨૭૦૬. તા.કડી (જિ.મહેસાણા). ફોન નં. (૦૨૭૬૪) ૨૭૩૨૬૫, ૨૬૭૨૦૫ છે.

## ૭૪ : શ્રી સાવત્થી તીર્થ

અમદાવાદ જિલ્લાના બાવળાથી પાંચ કિલોમીટરના અંતરે શ્રી સાવત્થી તીર્થધામ આવેલ છે. ભવ્યાતિભવ્ય આ જિનાલયમાં શ્રી સંભવનાથ સ્વામી મૂળનાયક રૂપે બિરાજમાન છે: ફરતી ભમતીમાં ૮૪ દેરીમાં શ્રી જિનપ્રતિમાજીઓ છે તેમજ દેવી-દેવતાઓની દેરી છે. આ તીર્થના પ્રેરક આ.ભ.શ્રી જિનચંદ્રસૂરીશ્વરજી મહારાજ છે. ધોળકાથી ૧૫ કિ.મી., સરખેજથી ૨૨ કિ.મી., અમદાવાદથી ૩૪ કિ.મી. તથા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બગોદરાથી ૩૦ કિ.મી.ના અંતરે આ તીર્થ આવેલું છે.

શ્રી સાવત્થી તીર્થ : શ્રી સંભવનાથ જિનમંદિર ટ્રસ્ટ, નેશનલ હાઈવે રોડ નં.૮/એ, મુ.સાવત્થી તીર્થધામ. પોસ્ટ-બાવળા-૩૮૨૨૨૦ (ગુજરાત) ફોન નં. (૦૨૭૧૪) ૨૩૨૬૧૨, ૨૩૨૦૮૧ છે.

## ૭૫ : શ્રી ભોંયણી તીર્થ

અમદાવાદથી ૬૦ કિ.મી., મહેસાણાથી ૪૫ કિ.મી.ના અંતરે, રાંતેજથી ૨૨ કિ.મી., કડીથી ૧૬ કિ.મી.ના અંતરે શ્રી ભોંયણી તીર્થ આવેલું છે. શ્રી ભોંયણી તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી મલ્લિનાથ ભગવાનની પદ્માસનસ્થ, શ્વેત વર્ણની પ્રતિમાજી બિરાજમાન છે. આ એક પ્રાચીન તીર્થ છે. હાલના પ્રતિમાજી એક ખેતરમાં કૂવો ખોદાઈ રહ્યો હતો ત્યારે ભૂગર્ભમાંથી મળેલ છે. પ્રતિમાજી સુંદર અને દર્શનીય છે. શ્રી મલ્લિનાથ ભગવાનના આ દિવ્ય સ્વરૂપનાં દર્શન અન્યત્ર દુર્લભ છે. હાલના વિશાળ જિનાલયમાં ભીંતો ઉપરની કલાત્મક કારીગરી જોવા જેવી છે. આ જિનાલયમાં સાત ગભારા છે. દર વર્ષે મહાસુદ ૧૦ના વર્ષાગાંઠ ઊજવાય છે. આ તીર્થ ૧૦૦ વર્ષથી વધારે પ્રાચીન છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

શ્રી ભોંયણી તીર્થ : શેઠ જીવનદાસ ગોડીદાસ પેઢી, શ્રી મલ્લિનાથ જૈન કારખાના ટ્રસ્ટ, મુ.પો.ભોંયણી.તા.વીરમગામ (જિ.અમદાવાદ) ફોન નં. (૦૨૭૧૫) ૨૫૦૨૦૪ છે.

## ૭૬ : શ્રી માતર તીર્થ

અમદાવાદથી માતર તીર્થ ૫૪ કિ.મી.ના અંતરે આવેલું છે. કલિકુંડથી ૨૮ કિ.મી.ના અંતરે, નડિયાદથી ૨૧ કિ.મીના અંતરે તથા ખેડાથી ૫ કિ.મી.ના અંતરે શ્રી માતર તીર્થ આવેલું છે. સાચા દેવ શ્રી સુમતિનાથ ભગવાનનાં પ્રાચીન પ્રતિમાજી મહુધાગામ નજીકના સુંહુજ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગામની જમીનમાંથી નીકળ્યાં હતાં. જ્યારે આ પ્રતિમાજી સુંહુજથી માતર લાવવામાં આવતાં હતાં ત્યારે રસ્તામાં વાત્રક તથા શેઢી નદીના સંગમ પાસે ભારે વરસાદ સાથે પૂર આવવાની પૂરી સંભાવના હોવાથી સંઘે વિરામ કરવાનું વિચાર્યું. જ્યારે પ્રભુજીનો રથ ચલાવનાર ચાલકને તો પાણીના બદલે રેતી જ દેખાતી રહી અને સાથોસાથ શ્રીસંઘ પણ સંપૂર્ણ સહીસલામત રીતે પાણીના પૂરથી હેરાન થયા વિના નિર્વિઘ્ને માતર પહોંચી આવ્યો. તે વખતે શ્રીસંઘમાં આવેલા સર્વએ સાચા સુમતિનાથ પ્રભુનો જયજયકાર બોલાવ્યો અને વધામણાં કર્યાં. આજે પણ અનેક પ્રકારના ચમત્કાર થતા રહે છે. અહીં શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનાં પ્રતિમાજી ઘણાં પ્રાચીન છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

શ્રી માતર તીર્થ : શ્રી સાચા દેવ કારખાના પેઢી, મુ.પો. માતર – ૩૮૭૫૩૦ (જિ.ખેડા) ફોન નં. (૦૨૬૯૪) ૨૮૫૫૩૦ છે.

## ૭૭ : શ્રી વાલવોડ તીર્થ

વડોદરાથી ૬૦ કિ.મી.ના અંતરે તથા બોરસદથી ૧૧ કિ.મી.ના અંતરે શ્રી વાલવોડ જૈન તીર્થ આવેલું છે. અહીંના જિનાલયમાં દર્શનીય પ્રતિમાજી છે.

શ્રી વાલવોડ તીર્થ : શ્રી વાલવોડ જૈન શ્વે. ચંદ્રમણિ તીર્થ પેઢી, મુ.વાલવોડ, તા. બોરસદ (જિલ્લો-આણંદ). ફોન નં. (૦૨૬૯૬) ૨૮૮૧૫૮ છે.

## ૭૮ : શ્રી નંદીગ્રામ તીર્થ

વાપીથી ૧૭ કિ.મી.ના અંતરે, તલાસરીથી ૧૫ કિ.મી.ના અંતરે આવેલું આ તીર્થ ભીલાડ સ્ટેશનથી ચાર કિ.મી.ના અંતરે આવેલું છે. આ સ્થાન દર્શનીય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી નંદીગ્રામ તીર્થ : શ્રી ઓસિયાજીનગર જૈન તીર્થ, મુ.પો.નંદીગ્રામ, સ્ટેશન-ભીલાડ (જિ.વલસાડ). ફોન નં. (૦૨૬૦) ૨૭૮૨૦૮૯ છે.

## ૭૯ : શ્રી બગવાડા તીર્થ

વાપીથી ૬ કિ.મી.ના અંતરે તથા ઉદવાડાથી ૩ કિ.મી. તેમજ વલસાડથી ૨૧ કિ.મી.ના અંતરે શ્રી બગવાડા તીર્થ આવેલું છે. અહીંનું જિનાલય દર્શનીય છે.

શ્રી બગવાડાતીર્થ :શ્રી બગવાડા પરગણા જૈન દેરાસર પેઢી, મુ.પો. બગવાડા – ૩૯૬૧૮૫ વાયા-ઉદવાડા, તા. પારડી (જિ.વલસાડ). ફોન નં. (૦૨૬૦) ૨૩૪૨૩૧૩ છે.

## ૮૦ : શ્રી કલિકુંડ તીર્થ

અમદાવાદથી ૨૬ કિ.મી. અને ધોળકાથી ૨ કિ.મી.ના અંતરે શ્રી કલિકુંડ પાર્શ્વનાથ જૈનતીર્થ આવેલું છે. આજે આ નૂતન તીર્થનો મહિમા દિન-પ્રતિદિન વધતો ગયો છે. અહીં વિશાળ ધર્મશાળા, ઉપાશ્રય, ભોજનશાળા વગેરે આવેલાં છે. તથા આ જિનાલયમાં શ્રી આદિનાથ તથા શ્રી શીતલનાથજીની પ્રતિમાજીઓ પ્રાચીન અને દર્શનીય છે. અહીં શત્રુંજય ગિરિવરની રચના કરી છે. યાત્રિકો મિની શત્રુંજય યાત્રાનો લાભ લેવાનું ચૂકતા નથી. આ તીર્થની સામે જ ખરતરગચ્છની દાદાવાડી આવેલ છે.

ધોળકા ગામમાં અન્ય ત્રણ પ્રાચીન જિનાલયો દર્શનીય છે. માતર, ખેડા, ખંભાત, સોજીત્રા વગેરે તીર્થો અહીંથી નજીકમાં જ છે. માતર તીર્થની પંચતીર્થમાં ધોળકાનો સમાવેશ થયો છે.

શ્રી પાર્શ્વનાથ પ્રભુના જીવનકાળ દરમિયાન ત્રણ તીર્થોની રચના થઈ હતી. શ્રી કલિકુંડ પાર્શ્વનાથ તીર્થની સ્થાપના પાછળ શ્રી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાર્શ્વપ્રભુના જીવનનો દિવ્ય પ્રસંગ સમાવિષ્ટ છે.

અંગદેશની રાજધાની ચંપાનગરીની બાજુમાં કાદંબરી નામનો વન્યપ્રદેશ હતો. આ વન્યપ્રદેશમાં કલિ નામનો પર્વત હતો. કલિપર્વતની સુમનોહર તળેટીમાં શ્રી પાર્શ્વપ્રભુ કાઉસગ્ગ ધ્યાને સાધનામાં મગ્ન બન્યા હતા. પશુ-પંખીઓ મુક્તમને વિહરી રહ્યાં હતાં. વાતાવરણમાં પવિત્રતાની સૌરભ પ્રસરી હતી. એ વખતે મહીધર નામના હાથીને પ્રભુનાં દર્શનમાત્ર થવાથી જાતિસ્મરણ જ્ઞાન ઊપજ્યું. મહીધર હાથીના હરખનો પાર ન રહ્યો. તે પ્રભુની પૂજા કરવા અર્થે કુંડ નામના સરોવરમાંથી કમળો લઈ આવ્યો. કુંડ સરોવરમાંથી લાવેલાં કમળો દ્વારા અનેરા ભાવ સાથે શ્રી પાર્શ્વપ્રભુની પૂજા કરી. શ્રી પાર્શ્વપ્રભુની ભક્તિપૂર્વક પૂજા કરવાથી મહીધર હાથી પોતાની જાતને ધન્ય માનવા લાગ્યો.

બીજે દિવસે અંગદેશનો રાજા કરકંડુ શ્રી પાર્શ્વપ્રભુના દર્શનાર્થે કલિપર્વતની તળેટી પાસે આવ્યો. ત્યારે પ્રભુ અન્યત્ર વિહાર કરી ગયા હતા. રાજા હાથીને પ્રાપ્ત થયેલા સૌભાગ્યની અનુમોદના કરવા લાગ્યો અને પોતાના ભાગ્ય પર વિષાદ કરવા લાગ્યો.

રાજા કરકંડુના વિષાદનો પાર નહોતો. તેની આંખોમાંથી દડદડ આંસુ વહી રહ્યાં હતાં.

એં વખતે દેવોએ રાજા કરકંડુની પ્રભુ પ્રત્યેની અનન્ય ભક્તિ નિહાળીને નવ હાથની પરમ પ્રભાવક શ્રી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિનું નિર્માણ કર્યું. પોતાની સામે દેવોએ નિર્મિત કરેલી પ્રભુજીની પ્રતિમા નિહાળીને રાજા કરકંડુ અત્યંત હર્ષ પામ્યો. રાજાએ તત્કાળ ત્યાં ભવ્ય જિનાલય બંધાવ્યું. મહારાજા કરકંડુ દરરોજ પ્રભુની સેવા-પૂજા શ્રદ્ધાભાવ સાથે કરવા લાગ્યો. આમ આ તીર્થ 'કલિકુંડ પાર્શ્વનાથ'ના નામથી પ્રસિદ્ધ થયું.

આ તરફ મહીધર હાથીએ પરમાત્મા પ્રત્યે અનન્ય ભક્તિ દર્શાવીને પૂજા કરી હતી. તેના ફળસ્વરૂપે તે મહર્દ્ધિક વ્યંતર થયો. તે કલિકુંડ તીર્થનો અધિષ્ઠાયક દેવ બનીને તીર્થનો મહિમા વિસ્તારવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યો.

આ મૂળ તીર્થ આજે વિદ્યમાન નથી પરંતુ ભારતભરમાં અનેક શહેરોમાં શ્રી કલિકુંડ પાર્શ્વનાથજીની પ્રતિમાજીઓ જિનાલયોમાં પ્રતિષ્ઠિત છે. ધોળકામાં આવેલ શ્રી કલિકુંડ પાર્શ્વનાથ તીર્થ આજે ખૂબ પ્રકાશમાં આવેલ છે. હજારો યાત્રિકોની અવરજવર રહે છે.

ધોળકામાં ઉદયન મંત્રીના પુત્ર વાગ્ભટ મંત્રીએ 'ઉદયન વિહાર' નામનું જિનાલય બંધાવ્યું. તેમાં શ્રી વાદીદેવસૂરિએ શ્રી સીમંધર સ્વામીની પ્રતિષ્ઠા કરી હતી. મંત્રી વસ્તુપાળે અહીં શ્રી આદિનાથ પ્રભુનું જિનાલય અને બે ઉપાશ્રય બંધાવ્યાં હતાં.

માંડવગઢના મહામંત્રી પેથડશાહે ચૌદમા સૈકામાં અહીં જિનાલય બંધાવ્યું હતું. ધોળકા ગામમાં ત્રણ પ્રાચીન જિનાલયો છે. શ્રી સુમતિનાથ જિનાલયમાં શ્રી નેમિનાથ પ્રભુની પ્રતિમાજી મનોહારી છે. ભાલાપોળમાં શ્રી ઋષભદેવ જિનાલયના ભોંયરામાં ૨૨૦૦ વર્ષ પ્રાચીન શ્રી કલિકુંડ પાર્શ્વનાથજીની પ્રતિમા બિરાજમાન છે.

થોડાં વર્ષો પૂર્વે હાલ આ.ભ.શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા અત્રે પધારતાં અને ભોંયરામાં સ્થિત શ્રી કલિકુંડ પાર્શ્વનાથના દર્શન કરતાં આહ્‌લાદક અનુભવ કરેલ. અને આ પ્રતિમાજીને પ્રકાશમાં લાવવા તેઓ કટિબદ્ધ થયા. તેમની મનોકામના સાકાર બની. ધોળકાથી ૨ કિ.મી.ના અંતરે 'શ્રી કલિકુંડ પાર્શ્વનાથ તીર્થ'ના નિર્માણનું કાર્ય આરંભાયું.

અને સંવત ૨૦૩૮ના ફાગણ સુદ-૩ના દિવસે હજારો ભાવિકોની ઉપસ્થિતિ વચ્ચે આ શ્રી કનકપ્રભસૂરિજીના વરદ હસ્તે આ નૂતન તીર્થની પ્રતિષ્ઠા કરાઈ. આ મહોત્સવ દરમ્યાન પં. રાજેન્દ્રવિજયજી મ.ને આચાર્ય પદવીથી વિભૂષિત કરાયા હતા.

આ જિનાલય ચોવીસ દેવકુલિકાઓથી ભવ્ય બન્યું છે. આચાર્ય શ્રી સિદ્ધસેનસૂરિજીએ 'તીર્થ વંદના'માં શ્રી કલિકુંડ તીર્થને વંદના કરી છે. આ સિવાય અનેક મહાન આચાર્યોએ શ્રી કલિકુંડ પાર્શ્વનાથની મુક્ત મને સ્તુતિ ગાઈ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી કલિકુંડ તીર્થ : શ્રી તેજપાલ વસ્તુપાલ જૈન ચેરિટેબલ ટ્રસ્ટ, મુ.કલિકુંડ, પો. ધોળકા (જિલ્લો-અમદાવાદ) ફોન નં. (૦૨૭૧૪) ૨૨૫૭૩૯, ૨૨૫૨૧૮ છે.

## ૮૧ : શ્રી આલીપોર તીર્થ

વલસાડથી ૩૦ કિ.મી.ના અંતરે, બીલીમોરાથી ૧૫ કિ.મી., નવસારીથી ૧૫. કિમી. તથા ચીખલીથી ૩ કિ.મી.ના અંતરે શ્રી આલીપોર તીર્થ આવેલું છે. અહીંનું જિનાલય દર્શનીય છે. મૂળનાયક તેમજ અન્ય પ્રતિમાજીઓ પ્રતિભાવંત છે.

શ્રી આલીપોર તીર્થ : શ્રી આલીપોર તીર્થ, મુ.આલીપોર-૩૯૬૪૦૯. ફોન નં. (૦૨૬૩૪) ૨૩૨૯૭૩ છે.

## ૮૨ : શ્રી તીથલ તીર્થ

સુરતથી ૮૦ કિ.મી. અને વલસાડથી ૩ કિ.મી.ના અંતરે શ્રી ત્રિપુટી મહારાજની પ્રેરણાથી આકાર પામેલું શ્રી તીથલ તીર્થ દર્શનીય છે. અહીં મા ભગવતી પદ્માવતી દેવીની પ્રતિમાજી અત્યંત દર્શનીય છે. ધર્મશાળા તથા ભોજનશાળાની ઉત્તમ સગવડ છે.

શ્રી તીથલ તીર્થ : શ્રી શાંતિનિકેતન સાધના કેન્દ્ર, મુ. તીથલ (જિ. વલસાડ). ફોન નં. (૦૨૬૩૨) ૨૪૮૦૭૪ છે.

## ૮૩ : શ્રી તપોવન સંસ્કાર ધામ

નવસારીથી ૬ કિ.મી.ના અંતરે, સુરતથી ૩૦ કિ.મી.ના અંતરે પૂ.પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજની પ્રેરણાથી શ્રી તપોવન સંસ્કાર ધામનું નિર્માણ ધારાગિરિમાં થયેલ છે. અહીં બાળકોને સંસ્કાર સાથે અભ્યાસ કરાવાય છે. દર વર્ષે તપોવન સંસ્કાર ધામનું પરીક્ષાલક્ષી પરિણામ શ્રેષ્ઠ આવે છે. અહીંનું જિનાલય દર્શનીય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી તપોવન સંસ્કાર ધામ : તપોવન સંસ્કાર ધામ, મુ. ધારાગિરિ, પો. કબીલપોર-૩૯૬૪૨૪ (નવસારી). ફોન નં. (૦૨૬૩૭) ૨૫૮૯૫૯ તથા ૨૫૮૯૨૪ છે.

## ૮૪ : શ્રી નવસારી તીર્થ

ગુજરાતના વલસાડ જિલ્લાના નવસારી મુકામે મધુમતી નામના વિસ્તારમાં શ્રી નવસારી પાર્શ્વનાથજીનું પ્રાચીન તીર્થ આવેલું છે. આ તીર્થની નજીકમાં સીસોદરા, ગણદેવી, સુરત, આલીપોર તીર્થો આવેલાં છે. નવસારી અમદાવાદ-મુંબઈ રેલવેલાઇન પર સુરતથી ૩૧ કિ.મી.ના અંતરે આવેલું છે. શ્રી નવસારી પાર્શ્વનાથ જિનાલયના વિશાળ પટાંગણમાં ધર્મશાળા, આયંબિલભવન, વાડી વગેરે છે. મહાવીર સોસાયટીમાં શ્રી વાસુપૂજ્ય સ્વામીનું દર્શનીય જિનાલય ઉપરાંત અન્ય ૭ જિનાલયો અહીં આવેલાં છે.

નવસારીમાં ત્રિશિખરબંધ જિનાલયમાં શ્રી નવસારી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી પદ્માસનસ્થ, ભૂખરા વર્ણની, સપ્તફણાથી વિભૂષિત છે. વિક્રમના ૧૩મા સૈકામાં શ્રી જિનપતિસૂરિએ રચેલ તીર્થમાલામાં નવસારી તીર્થનો ઉલ્લેખ કર્યો છે. ૭૦૦ વર્ષ પૂર્વે પણ નવસારી જૈનોનું મહત્ત્વનું તીર્થધામ રહ્યાના ઉલ્લેખો છે.

મહામંત્રી વસ્તુપાળના નાના ભાઈ તેજપાળે સોપારક તીર્થની યાત્રા પૂર્ણ કરીને પાછા ફરતાં નવસારી આવેલા હતા. તેમણે ભવ્ય બાવન જિનાલયનું નિર્માણ કરાવેલું અને જિનાલયમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુને પ્રતિષ્ઠિત કરાવ્યા હતા. આ યાત્રા દરમિયાન મંત્રી તેજપાળે અનેક જિનાલયોના જીર્ણોદ્ધાર કરાવ્યાના ઉલ્લેખો છે. તેજપાળ મંત્રી દ્વારા નિર્માણ પામેલ આ જિનાલય મુસ્લિમોના આક્રમણ દરમિયાન મસ્જિદમાં રૂપાંતરિત થઈ ગયાનું કહેવાય છે, પરંતુ તેમના હાથે જે પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા થઈ હતી તે જ આ પ્રતિમાજી હોવાનું મનાય છે. આ જિનાલયના અનેક વાર જીર્ણોદ્ધાર થયા છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી નવસારી પાર્શ્વનાથજી શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના નામથી વધુ જાણીતા છે. પ્રતિમાજી મહારાજા સંપ્રતિના સમયની કે તેનાથી વધારે પ્રાચીન હોવાનું મનાય છે.

શ્રી નવસારી પાર્શ્વનાથની ઉત્પત્તિ અંગે એક લોકવાયકા છે. શ્રી શુભશીલગણિએ પોતાના ગ્રંથ 'પ્રબંધ ષડ્અશતી'માં દર્શાવતાં જણાવ્યું છે કે નવસારીના એક શ્રાવકને અધિષ્ઠાયક દેવે સ્વપ્નમાં આ પ્રતિમાજી અંગેનો સંકેત આપ્યો હતો. તે અનુસાર બીજે દિવસે શ્રાવક દિશાસૂચન પ્રમાણે તે સ્થાને પહોંચ્યો. ભૂમિનું ખનન કરતાં જ ભૂખરા વર્ણની પ્રતિમાજી નિહાળતાં અત્યંત ભાવવિભોર બન્યો. પ્રતિમાજી પ્રગટ થતાં જ વાતાવરણમાં દિવ્ય સુગંધ પ્રસરી ગઈ. જિનબિંબની કોઈએ હમણાં પૂજા કરી હોય તેવું લાગ્યું. થોડી વારમાં તો લોકો પ્રતિમાજીનાં દર્શન માટે ઊમટી પડ્યા. સહુએ સ્તુતિ કરી.

હાલ નવસારીમાં આ પ્રતિમાજી હોઈ શકે તેમ મનાય છે. શ્રી શુભશીલગણિ જમીનમાંથી પ્રગટ થયેલા તે પાર્શ્વનાથ શ્યામ વર્ણના હોવાનું નોંધે છે, પરંતુ અત્યારે આ પ્રતિમાજીનો વર્ણ ભૂખરો છે. પરંતુ લેપના કારણે ફેરફાર થયો હોવાથી સંભાવના નકારી ન શકાય.

વિ.સ. ૧૯૮૮માં આ જિનાલયનો જીર્ણોદ્ધાર કરાયો હતો. આજે બે માળ અને કુલ આઠ ગભારાથી યુક્ત ત્રણ શિખર ધરાવતું આ જિનાલય દર્શનીય છે. ઉપરના માળે શ્રી જીરાવલા પાર્શ્વનાથજી બિરાજમાન છે. સં. ૧૬૩૧ની સાલના આરસના શ્રી સિદ્ધચક્રજી અહીં છે. પ્રાચીન ગ્રંથો અને રચનાઓમાં આ તીર્થનો ઇતિહાસ અને સ્તવનો જોવા મળે છે.

શ્રી નવસારી તીર્થ : શ્રી નવસારી શ્વે.મૂ.જૈનસંઘ, શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય, મધુમતી-નવસારી-૩૯૬૪૪૫ (જિ.વલસાડ) ફોન નં. (૦૨૬૩૭) ૨૫૮૮૮૨ છે.

## ૮૫ : સુરતના પ્રાચીન જિનાલયો

### શ્રી દુ:ખભંજન પાર્શ્વનાથ

ગુજરાતમાં સુરત ખાતે ચંદનબાગ વિસ્તારમાં શ્રી દુ:ખભંજન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય આવેલું છે. આ પ્રતિમાજી અતિ પ્રાચીન નથી છતાં તેનો પ્રભાવ અનન્ય છે. ભક્તોનાં દુઃખો હરી લેનારા શ્રી દુઃખભંજન પાર્શ્વનાથ પ્રભુનું આ જિનાલય શેઠ તલકચંદ માણેકચંદ માસ્તરના નામથી આ દેરાસર ઓળખાય છે. પ્રતિમાજી વિ.સં. ૧૮૪૨ની હોવાનું કહેવાય છે. સંવત ૧૯૫૦માં આ જિનાલય બાંધવામાં આવ્યું હતું. સંવત ૧૮૮૧માં પં. ઉત્તમવિજયજીએ 'શ્રી પાર્શ્વપ્રભુના ૧૦૮ છંદ'માં દુઃખભંજન પાર્શ્વનાથના નામનો ઉલ્લેખ કરેલો છે. આ પ્રતિમાજી નયનોને શાતા આપનાર મનોહારી છે. શ્રદ્ધાળુઓની મનોકામના આ પ્રતિમાજીનાં દર્શનથી સિદ્ધ થાય છે.

શ્રી દુઃખભંજન પાર્શ્વનાથ જૈન શ્વે. દેરાસર, ઠે.દેસાઈ પોળ. બેસન્ટ હૉલ સામે, ચંદનબાગ, મુ.સુરત (ગુજરાત).

## શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ

સુરતના ગોપીપુરા વિસ્તારમાં આવેલ શ્રી શીતલનાથજી જિનાલયના ભોંયરામાં શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી બિરાજમાન છે. શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જિનાલયમાં અવારનવાર અમીઝરણાં, અમીવૃષ્ટિ તથા નાગદેવતાનાં દર્શનની ઘટનાઓ બનતી જોવા મળે છે. વિ.સં. ૨૦૩૫માં પર્યુષણ પર્વમાં શ્રી શીતલનાથજીના ગર્ભગૃહમાં દીવાલનો આરસ ખોલવામાં આવ્યો ત્યારે દશ જેટલા નાગદેવતાઓએ ભાવિકોને દર્શન આપેલાં. સં. ૨૦૩૭માં આ સ્થાને અમીવૃષ્ટિ કલાકો સુધી થઈ હતી. આ જ સાલમાં અષ્ટાપદ પૂજન દરમિયાન કેસરની વૃષ્ટિ થઈ હતી. આ જિનાલયના જીર્ણોદ્ધાર અર્થે જીર્ણ મંદિરને ઉતારવાનો પ્રારંભ થયેલો ત્યારે જમીનમાંથી ૨૦૦ જેટલાં પ્રાચીન પરંતુ અત્યંત તાજાં પુષ્પોની પાંદડીઓ અને સિંદૂર મળેલાં હતાં. એક કૂંડી પણ નીકળી હતી. તેમાંથી સુગંધી પુષ્પો પણ નીકળ્યાનું કહેવાય છે.

સુરતના શ્રેષ્ઠી ભાઈદાસ નેમીદાસે આચાર્ય ભગવંત શ્રી જિનલાભસૂરિજીના ઉપદેશથી શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ પ્રભુની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિમાજીનું નિર્માણ કરાવ્યું. તેમણે ૧૮૨૭ના વૈશાખ સુદ ૧૨ના આચાર્ય ભગવંતના વરદ હસ્તે ૧૮૧ જિનબિંબોની અંજનશલાકા કરાવી હતી અને મૂળનાયક રૂપે શ્રી શીતલનાથ પ્રભુને ગાદીનશીન કર્યા હતા. આ દેરાસરના ભોંયરામાં શ્રી સહસ્રાફણા પાર્શ્વનાથજીને બિરાજમાન કર્યા હતા. શ્રેષ્ઠી ભાઈદાસ નેમીદાસે સુરતમાં ઉપાશ્રય અને સિદ્ધગિરિ પર એક જિનાલયનું નિર્માણ કરાવ્યું હતું. આ જિનાલયનો તાજેતરમાં જીર્ણોદ્ધાર થયો હતો.

શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જૈન શ્વે. દેરાસર, ઠે. ગોપીપુરા, મુ.સુરત (દ.ગુજરાત).

## શ્રી સૂરજમંડન પાર્શ્વનાથ

સુરતના ગોપીપુરા વિસ્તારમાં શ્રી સૂરજમંડન પાર્શ્વનાથ પ્રભુનું મુખ્ય તીર્થ આવેલું છે. ગોપીપુરામાં શ્રી વાસુપૂજ્ય સ્વામીનું જિનાલય, આગમમંદિર, અષ્ટાપદજીનું મંદિર વગેરે દર્શનીય સ્થાનો છે. સુરતમાં ઉપાશ્રયો, પાઠશાળાઓ, આયંબિલ ભવનો, દસથી વધારે ધર્મશાળા છે. કાજીના મેદાનમાં યાત્રિક ભવન, સ્ટેશન રોડ પરની ધર્મશાળા જાણીતી છે. સંવત ૧૬૭૯ના કારતક વદ પાંચમના શ્રી શાંતિચંદ્ર ઉપાધ્યાયના શિષ્ય શ્રી રત્નચંદ્રગણિના શુભહસ્તે આ પરમાત્માની પ્રતિષ્ઠા થઈ હતી. ગોપીદાસ નામના પરમ શ્રાવકે આ પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. આ દાનવીર શ્રેષ્ઠીના નામ પરથી સુરતનો આ વિસ્તાર ગોપીપુરાથી ઓળખાય છે. હાથીવાળા દેરાસરના ભોંયરામાં શ્રી સૂરજમંડન પાર્શ્વનાથ બિરાજે છે. આ જિનાલયમાં મૂળનાયક શ્રી ધર્મનાથ પ્રભુ બિરાજમાન છે. જેની પ્રતિષ્ઠા સં. ૧૬૬૪ના જેઠ વદ ૫ના શ્રી હીરવિજયસૂરિજી મહારાજના હસ્તે કરાઈ હતી.

વિ.સં. ૧૬૭૫માં 'હીરવિહાર' નામના ગુરુમંદિરમાં શ્રી હીરવિજયસૂરિ તથા શ્રી સેનસૂરિજી મહારાજની પાદુકાની પ્રતિષ્ઠા ઉપાધ્યાય શ્રી રત્નચંદ્રગણિએ કરાવી હતી, જેનો લાભ વસ્તુપાળ સોમજી નામના શ્રાવકે લીધો હતો. અમદાવાદના સુશ્રાવક શાંતિદાસ શેઠે શ્રી સૂરજમંડન પાર્શ્વનાથ પ્રભુની સમક્ષ ચિંતામણિ મંત્રની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આરાધના કરી હતી અને ધન્યતા અનુભવી હતી.

હાથીવાળા દેરાસર તરીકે જાણીતા આ જિનાલયમાં બિરાજમાન આ પાર્શ્વનાથનું બીજું નામ 'શ્રી દિગ્ગજ પાર્શ્વનાથ' હોવાનું માનવામાં આવે છે.

શ્રી સૂરજમંડન પાર્શ્વનાથ શ્વે. જૈન દેરાસર પેઢી, હાથીવાળું દેરું, ગોપીપુરા, સુરત. (દ.ગુજરાત).

## ૮૬ : શ્રી કાવી તીર્થ

ભરૂચથી ૭૫ કિ.મીના અંતરે જંબુસર તાલુકામાં શ્રી કાવી તીર્થ આવેલું છે. કાવી તીર્થમાં શ્રી આદીશ્વર પ્રભુ તથા શ્રી ધર્મનાથ પ્રભુનાં જિનાલયો બાજુબાજુમાં આવેલાં છે. આ બન્ને દેરાસરો સાસુવહુનાં દેરાસરો તરીકે ઓળખાય છે. રત્ના પ્રાસાદ દેરાસરમાં ભગવાનનાં પ્રતિમાજી તથા બીજી કલાનાં દર્શન અનેરો આનંદ આપે છે. દરિયાકિનારે આવેલું આ તીર્થ અત્યંત રમણીય છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

શ્રી કાવી તીર્થ : શ્રી રિખવદેવજી મહારાજ જૈન પેઢી, મુ.પો. કાવી-૩૯૨૧૭૦, તા. જંબુસર-ભરૂચ ફોન નં. (૦૨૬૪૪) ૨૩૦૨૨૯ છે. નજીકમાં આવેલાં તીર્થોમાં ગંધાર તીર્થ ૬૫ કિ.મી., ઝઘડિયા તીર્થ ૧૧૦ કિ.મી.ના અંતરે છે.

## ૮૭ : શ્રી ગંધાર તીર્થ

ભરૂચ જિલ્લામાં ઝગડિયાથી ૬૫ કિ.મી., વાગરાથી ૨૧ કિ.મી. અને કાવી તીર્થથી ૬૫ કિ.મી.ના અંતરે શ્રી ગંધાર તીર્થ આવેલું છે. શ્રી ગંધાર તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી પાર્શ્વનાથ પ્રભુ બિરાજમાન છે. સમુદ્રકિનારે આવેલા ગંધાર ગામે આ તીર્થસ્થાન પાંચસો વર્ષ પ્રાચીન છે. બીજી એક જગ્યાએ શ્રી મહાવીરસ્વામીના દેરાસરમાં હજાર વર્ષ પુરાતન લેખ ઉત્કીર્ણ છે. આ શાંત અને રમણીય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાન છે. ભરૂચથી ૨૬ કિ.મી. વાગરા ગામ થઈને જવાય છે. ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

શ્રી ગંધાર તીર્થ : શ્રી ગંધાર જૈન દેરાસર ટ્રસ્ટ, મુ.પો. ગંધાર ૩૯૨૧૪૦, તા.વાગરા (જિ.ભરૂચ). ફોન નં. (૦૨૬૪૧) ૨૩૨૩૪૫ છે.

## ૮૮ : શ્રી ઝઘડીયા તીર્થ

ભરૂચથી ૨૨ કિ.મી. અંતરે શ્રી ઝઘડિયા જૈન તીર્થ આવેલું છે. આ તીર્થમાં શ્રી આદીશ્વર પ્રભુ મૂળનાયક રૂપે બિરાજે છે. આ તીર્થસ્થાનમાં રહેલ પ્રાચીન પ્રતિમાઓ ઉપર વિ.સં. ૧૨૦૦ના લેખ ઉત્કીર્ણ છે. વિ.સં. ૧૯૨૧માં ગામના ખેતરમાંથી થોડી પ્રતિમાજીઓ મળી આવી હતી. જ્યારે ભરૂચ અને વડોદરાના શ્રાવકો અહીંના રાણા પાસે પ્રતિમા લેવા માટે આવ્યા ત્યારે રાણાએ કહ્યું કે અહીં જૈનનું એક પણ ઘર નથી અને એક પણ જિનાલય નથી આથી હું અહીં જિનાલય બંધાવીને આ પ્રતિમાજીઓની પ્રતિષ્ઠા કરાવીશ. તમે બધા અહીં આવીને રહો. છેવટે રાણાએ દેરાસર બંધાવ્યું. ૩૦ વર્ષ સુધી વહીવટ પણ સંભાળ્યો. પછી સંઘને વહીવટ સુપરત કરી દીધો હતો. આવી ઘટના બનવી દુર્લભ છે. આ દેરાસરનું શિખર, કલાત્મક તોરણો સુંદર છે. અહીં ભોજનશાળા તથા ધર્મશાળાની સગવડ છે.

શ્રી ઝઘડિયાજી તીર્થ : શ્રી જૈન રિખવચંદજી મહારાજની પેઢી, મુ.પો. ઝઘડિયા – ૩૯૩૧૧૦ (જિ.ભરૂચ). ફોન નં. (૦૨૬૪૫) ૨૨૦૮૮૩ છે.

## ૮૯ : શ્રી નવગ્રહ આરાધના તીર્થ

ગોધરાથી ચાર કિલોમીટરના અંતરે શ્રી નવગ્રહ આરાધના તીર્થ આવેલું છે. અહીં નવગ્રહ આરાધના માટેની સુંદર વ્યવસ્થા છે. જિનાલય પણ દર્શનીય છે. હાલોલથી ૩૯ કિ.મી.ના અંતરે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાવાગઢથી ૪૭ કિ.મી. તથા વડોદરાથી ૮૫ કિ.મી.ના અંતરે આ તીર્થ આવેલું છે.

શ્રી નવગ્રહ આરાધના તીર્થ : શ્રી આરાધના ધામ જૈન ટ્રસ્ટ, જૈન દેરાસર શાંતિનગર, મુ.ગોધરા (જિ. પંચમહાલ) ૩૮૯૦૦૧. ફોન નં. (૦૨૬૭૨) ૨૪૪૫૬૩, ૨૬૫૦૩૫ છે.

## ૯૦ : શ્રી પારોલી તીર્થ

ગોધરાથી ૪૧ કિલોમીટરના અંતરે, વડોદરાથી ૫૦ કિ.મી.ના અંતરે તથા બોડેલીથી ૫૫ કિ.મી.ના અંતરે શ્રી પારોલી તીર્થ આવેલું છે. તીર્થમાં શ્રી નેમિનાથ પ્રભુની શ્યામવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે. આ પ્રતિમાજી પ્રાચીન માનવામાં આવે છે. આ પ્રતિમાજી સુલતાન બેગડાના સમયમાં ધનેશ્વર નામના ગામમાં હતી. મુસ્લિમોના આક્રમણના ભયને કારણે નદીમાં સુરક્ષિત રાખી હતી. વર્ષો બાદ નાથાભાઈ નામના સુશ્રાવકનાં કુટુંબીજનોને સ્વપ્નમાં સંકેત થતાં નદીમાંથી પ્રતિમાજી પ્રગટ થયાં હતાં. પ્રતિમાજી અલગ અલગ સ્થાને લઈ જવાનો આગ્રહ થતાં છેવટે ગાડું જ્યાં જાય ત્યાં પ્રતિમાજીનું સ્થાપન કરવું, એ રીતે પારોલી ગામે ગાડું અટકી જતાં અહીં તીર્થસ્થાપના થઈ હતી. આ ઘણું ચમત્કારિક તીર્થસ્થળ છે. પ્રતિમાજી દર્શનીય અને સુમનોહર છે. આ પ્રતિમાજી 'શ્રી સાચા નેમિનાથ ભગવાન' તરીકે પણ ઓળખાય છે.

શ્રી પારોલી તીર્થ : શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર, મુ.પો. પારોલી, વાયા – વેજલપુર (જિ. પંચમહાલ). ફોન નં. (૦૨૬૭૬) ૨૩૪૫૩૯ તથા ૨૩૪૫૧૦ છે.

## ૯૧ : શ્રી પાવાગઢ તીર્થ

પંચમહાલ જિલ્લાના ગોધરાથી ૪૬ કિ.મી.ના અંતરે તથા હાલોલથી ૭ કિ.મી.ના અંતરે શ્રી પાવાગઢ તીર્થ આવેલું છે. આ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તીર્થસ્થાન વર્તમાન ચોવીશીના વીસમા તીર્થંકર ભગવાન શ્રી મુનિસુવ્રત સ્વામીના સમયનું માનવામાં આવે છે. સમ્રાટ અશોકના વંશજ રાજા ગંગસિંહે સન ૮૦૦માં પાવાગઢનો કિલ્લો તથા તેમાં રહેલાં જિનમંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. આ પહાડ પૂર્વે શ્વેતાંબર જૈનોનો મોટા તીર્થસ્થાન રૂપે હતો. પરંતુ કોઈ કારણોસર એક પણ જિનમંદિર રહેવા ન પામ્યું. કાલિકાદેવીની મહાશક્તિથી પાવાગઢ મહાકાલી દેવીના ધામ તરીકે સર્વત્ર જાણીતું છે. થોડાં વર્ષો પૂર્વે પાવાગઢની તળેટીમાં પંજાબકેસરી પૂ.આ.શ્રી.ભ. વિજયવલ્લભસૂરીશ્વરજી મ.ના સમુદાયના પૂ.આ.શ્રી ઈન્દ્રદિન્ન સૂરીશ્વરજી મ.ની પરમાર ક્ષત્રિય સભા દ્વારા નવા જિનાલય તેમજ કન્યા છાત્રાલય, ધર્મશાળા, ભોજનશાળાની સ્થાપના થઈ છે. અહીં મૂળનાયક રૂપે શ્વેતવર્ણના પદ્માસનસ્થ શ્રી પાર્શ્વનાથ પ્રભુ બિરાજમાન છે.

અચલગચ્છની અધિષ્ઠાયિકા શાસનદેવી કાલિકાનું આ પ્રસિદ્ધ સ્થાન છે. અહીં દિગંબર મંદિરો છે.

શ્રી પાવાગઢ તીર્થ : શ્રી પરમાર ક્ષત્રિય જૈન સેવા સમાજ. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનમંદિર, મુ.પો. પાવાગઢ – ૩૮૯૩૬૦ (જિ. પંચમહાલ). ફોન નં. (૦૨૬૭૬) ૨૪૫૬૦૬ છે.

## ૯૨ : શ્રી બોડેલી તીર્થ

વડોદરા જિલ્લામાં શ્રી બોડેલી તીર્થ આવેલું છે. વડોદરાથી ૭૦ કિ.મી., પાવાગઢથી ૩૫ કિ.મી. અને ડભોઈથી ૪૦ કિ.મી.ના અંતરે આવેલા આ તીર્થમાં મૂળનાયક રૂપે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે. ભગવાન મહાવીરસ્વામીની પ્રતિમાજી દર્શનીય છે.

શ્રી બોડેલી તીર્થ : શ્રી પરમાર ક્ષત્રિય જૈન ધર્મ પ્રચારક સભા, ઠે. બજારમાં, મુ.પો. બોડેલી – ૩૯૧૧૩૫ (જિ.વડોદરા). ફોન નં. (૦૨૬૬૫) ૨૨૨૦૬૭ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૯૩ : શ્રી ડભોઈ તીર્થ

વડોદરા જિલ્લામાં બોડેલીથી ૪૦ કિ.મી.ના અંતરે શ્રી ડભોઈ તીર્થ આવેલું છે. આ પ્રાચીન તીર્થ છે. અહીં ધર્મશાળા – ભોજનશાળાની સગવડ છે. આ તીર્થથી અણસ્તુ ૪૦ કિ.મી.ના અંતરે, પાવાગઢ ૮૯ કિ.મી.ના અંતરે આવેલ છે. શ્રી ડભોઈ તીર્થનાં દર્શન કરવા જેવાં છે.

શ્રી ડભોઈ તીર્થ : શેઠ દેવચંદ ધરમચંદની પેઢી, જૈનવાગા, શામળાજીની શેરી, મુ.પો. ડભોઈ – ૩૯૧૧૧૦ (જિ.વડોદરા). ફોન નં. (૦૨૬૬૩) ૨૫૮૧૫૦, ભોજનશાળાનો નં. ૨૫૮૮૦૧ છે. અહીં શ્રી લોઢણ પાર્શ્વનાથ પ્રભુનું ૬૦૦ વર્ષ પ્રાચીન જિનાલય આવેલું છે. અન્ય ત્રણ-ચાર જિનાલયો પણ આવેલાં છે. તેમાં શામળા પાર્શ્વનાથનું પ્રાચીન દેરાસર છે. રહેવા માટે ધર્મશાળા છે.

## ૯૪ : શ્રી વણછરા તીર્થ

વડોદરાથી નજીક આવેલા પાદરા ગામની બાજુમાં વણછરા ગામે તીર્થસ્થાન છે. મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે. પાદરાથી નિયમિત બસોની અવરજવર થાય છે. આ તીર્થસ્થાન અહીંના પંચતીર્થનું સ્થાન ગણાય છે. શાંત રમણીય સ્થાન છે. ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

શ્રી વણછરા તીર્થ : શ્રી વણછરા પાર્શ્વનાથ જૈન દેરાસર જૈન તીર્થ, મુ.પો. વણછરા વાયા – મોભારોડ, તા. પાદરા. (જિ.વડોદરા). ફોન નં. (૦૨૬૬૨) ૨૪૨૫૧૧ છે. નજીકમાં આવેલાં તીર્થોમાં મોભા ૧૨ કિ.મી.ના અંતરે, મુવાલ ૧૨ કિ.મી.ના અંતરે, વડોદરા ૪૨ કિ.મી. તથા કાવી તીર્થ ૭૦ કિ.મી.ના અંતરે આવેલ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૯૫ : શ્રી ઓમકાર તીર્થ

વડોદરાથી ૧૫ કિ.મીના અંતરે, છાણીથી ૫ કિ.મી.ના અંતરે પદમલા ગામે શ્રી ઓમકાર તીર્થ આવેલું છે. આ તીર્થ છાણી તાલુકામાં આવેલું છે. અહીંથી વાસદ ૯ કિ.મી., આણંદ ૨૪ કિ.મી. તથા બોરસદ ૨૯ કિ.મીના અંતરે આવેલાં છે. આ તીર્થ દર્શનીય છે.

શ્રી ઓમકાર તીર્થ : શ્રી ઓમકાર જૈન તીર્થ, મુ.પો. પદમલા – ૩૯૧૩૫૦, તા. છાણી (જિ.વડોદરા). ફોન નં. (૦૨૬૬૫) ૨૨૪૨૭૯૨ છે.

## ૯૬ : શ્રી છાણી તીર્થ

વડોદરા જિલ્લાના છાણી ખાતે શ્રાવકના મહોલ્લામાં શ્રી વિમલ પાર્શ્વનાથ પ્રભુનું દર્શનીય જિનાલય આવેલું છે. વડોદરાથી ૮ કિ.મી.ના અંતરે આ જિનાલય આવેલું છે. છાણીના અનેક જૈન પરિવારોમાંથી ભાવિકોએ સંયમમાર્ગ ગ્રહણ કર્યા છે અને શાસનના પ્રભાવક આચાર્ય બન્યા છે. અહીં પ્રાચીન જ્ઞાનભંડાર છે તેમજ ઉપાશ્રયો આવેલા છે. અહીં ચાર જિનાલયો છે.

શ્રી વિમલ પાર્શ્વનાથ પ્રભુની શ્વેત પાષાણની, સપ્તફણાથી અલંકૃત, પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે. અહીં પૂર્વે લશ્કરની છાવણીનું મથક હતું. 'છાવણી' પરથી છાણી નામ પ્રસિદ્ધ થયાનું મનાય છે. શ્રાવકના મહોલ્લામાં શ્રી શાંતિનાથ પ્રભુનું જિનાલય છે. આ જિનાલયના પટાંગણમાં એક તરફ શ્રી વિમલ પાર્શ્વનાથનું નાનકડું પરંતુ દર્શનીય જિનાલય છે. વિ.સં. ૧૮૯૩માં આ પ્રભુજીની પ્રતિષ્ઠા કરાઈ હતી. આ જિનાલયના બીજા ભાગમાં શ્રી મહાવીરસ્વામીનું જિનાલય છે. સં. ૨૦૨૦માં શ્રી મહાવીરસ્વામીની પ્રતિમાજીને પ્રતિષ્ઠિત કરાયાં હતાં. આ પ્રતિમાજી ઘણી પ્રાચીન હોવા છતાં કોઈ પ્રાચીન રચનામાં તેનો ઉલ્લેખ જોવા મળતો નથી. સં. ૧૬૫૫માં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી પ્રેમવિજયજી મહારાજે 'પાર્શ્વજિન નામમાલા'માં છાયાપુર પાર્શ્વનાથનો ઉલ્લેખ કર્યો છે. તેથી છાયાપુર પાર્શ્વનાથ એ જ આ વિમલ પાર્શ્વનાથ હોવાનું સમજાય છે.

શ્રી છાણી તીર્થ : શ્રી વિમલ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ, શ્રી શાંતિનાથ શ્વે. જિનપ્રાસાદ, શ્રાવકનો મહોલ્લો, મુ.પો. છાણી (જિ.વડોદરા) ગુજરાત.

## ૯૭ : શ્રી ઉઘરોજ તીર્થ

અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકામાં શ્રી ઉઘરોજ તીર્થ આવેલ છે. આ તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી વાસુપૂજ્યસ્વામી બિરાજમાન છે. આ તીર્થ દર્શનીય છે.

શ્રી ઉઘરોજ તીર્થ : શ્રી ઉઘરોજ મણિભદ્રવીર જૈન તીર્થ મુ.પો. ઉઘરોજ, તા.માંડલ (જિ.અમદાવાદ). ફોન નં. (૦૨૭૧૫) ૨૪૧૧૬૪ છે.

## ૯૮ : શ્રી મહાવીરપુરમ્ તીર્થ

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના બોરીયાનેસ પાસે, બામણબોર બાઉન્ડ્રીની નજીક, નેશનલ હાઈવે ૮-અ પર શ્રી મહાવીરપુરમ્ તીર્થ આવેલું છે. આ તીર્થના પ્રેરક પૂ.આ.શ્રી પુણ્યોદય સાગરસૂરીશ્વરજી મહારાજા છે તથા તીર્થના માર્ગદર્શક બંધુ બેલડી પૂ.આ.શ્રી. જિનચંદ્રસાગરસૂરીશ્વરજી મ. તથા પૂ.આ.શ્રી. હેમચંદ્રસાગરસૂરિશ્વરજી મહારાજા છે. આ તીર્થમાં શ્રી મહાવીર પરમાત્માના દેહ પ્રમાણ યુવરાજ અવસ્થાની પ્રથમ પ્રતિમાનાં દર્શન થશે. ૭૧ ઇંચના ચાતુર્મુખ ચાર પ્રભુજી તથા ૭૧ ઇંચનાં ત્રિશલા મૈયા, ૭૧ ઇંચના શ્રી માણિભદ્ર યક્ષરાજની દર્શનીય પ્રતિમાજી, અહીં વીરપ્રભુ બાલસ્વરૂપ, યુવરાજ સ્વરૂપ તથા પરમાત્મા સ્વરૂપમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બિરાજમાન છે. અહીં ધર્મશાળા અને ભોજનશાળાની સુંદર સગવડ છે. તેમજ સાધુઓ અને સાધ્વીજી ભગવંતોના ઉપાશ્રયો છે. શ્રી મહાવીરપુરમ તીર્થમાં સાર્વજનિક દવાખાનું ચાલી રહ્યું છે. વિશાળ જગ્યામાં આ તીર્થ પથરાયેલું છે. જૈનોના ચારેય ફીરકાનાં સાધુ-સાધ્વીજી ભગવંતો વિહારમાં આ તીર્થમાં રોકાણ કરે છે. આ ભવ્ય તીર્થનાં દર્શન કરવા જેવાં છે. તા. ૯-૫-૦૬ના પ્રતિષ્ઠા થઈ છે.

શ્રી મહાવીરપુરમ તીર્થ : શ્રી આનંદ માણિક્ય – માણિભદ્ર સંસ્થાન, નેશનલ હાઈવે-૮ અ, બામણબોર બાઉન્ડ્રી પાસે, બોરીયાનેસ ૩૬૩૫૨૦ તા, ચોટીલા (જિ.સુરેન્દ્રનગર).મો.નં. ૯૮૨૫૫૧૬૦૯૪ તથા જીતુભાઈ દેસાઈ મો.નં. ૯૩૭૪૧૦૨૦૯૨ છે.

## ૯૯. રાજકોટમાં આવેલા જિનાલયો

**શ્રી માંડવી ચોક જિનાલય :** રાજકોટના સોનીબજારમાં ૧૮૦ વર્ષ પ્રાચીન શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું જિનાલય આવેલું છે. ૧૮૦ વર્ષ પૂર્વે રાજકોટના ઠાકોરસાહેબને ત્યાંથી આ મૂર્તિ મળી આવતાં ઠાકોરસાહેબે રાજકોટ જૈન સંઘને આપી દીધી હતી. આ જિનાલયની બાંધણી પ્રાચીન અને દર્શનીય છે. ભોંયરામાં શ્રી આદિનાથ પ્રભુનું જિનાલયં છે. વિશાળ ઉપાશ્રય અને આયંબિલભવન છે. આ તીર્થમાં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે. જિનાલયનો ફોન નં. (૦૨૮૧) ૨૨૨૮૨૮૭છે. પ્રમુખ તરીકે જીતુભાઈ દેસાઈ (ચાવાળા) કાર્યરત છે.

**શ્રી જાગનાથ જિનાલય :** રાજકોટમાં જાગનાથ પ્લોટ વિસ્તારમાં આવેલ આ જિનાલયમાં શ્રી મહાવીરસ્વામી મૂળનાયક રૂપે બિરાજમાન છે. અહીં વર્ષે બે વાર (૧) મહાવીર જન્મ કલ્યાણક દિન તથા (૨) શ્રી મહાવીર જન્મ વાચન દિને ભવ્યાતિભવ્ય આંગી રચવામાં આવે છે. આંગીદર્શન માટે દર વર્ષે ૬૦થી ૭૦ હજાર જૈન- જૈનેતરો ઊમટી પડે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રી શ્રમજીવી કાચનું જિનાલય :** રાજકોટના શ્રમજીવી સોસાયટી, ઢેબરરોડ પર શ્રમજીવી કાચનું જિનાલય આવેલું છે. અહીં શ્રી સુમતિનાથ પ્રભુ મૂળનાયક રૂપે બિરાજે છે. રાજકોટનું આ પ્રથમ કાચનું જિનાલય છે. આ જિનાલય અત્યંત સુમનોહર અને દર્શનીય છે. મૅનેજિંગ ટ્રસ્ટી કિશોરભાઈ કોરડિયા અનેરાભાવથી શાસનસેવા કરી રહ્યા છે.

**શ્રી કાલાવડ રોડ-જય પારસધામ જિનાલય :** કાલાવડ રોડ પર નવનિર્મિત થયેલું ત્રણ માળનું જિનાલય અત્યંત દર્શનીય છે. આ તીર્થ આ.ભ.પૂ.શ્રી જયશેખરસૂરીશ્વરજી મ. ની પ્રેરણાથી થયેલ છે. અહીં ઉપાશ્રય, આયંબિલભવન વગેરે છે.

આ સિવાય શ્રી યુનિ. રોડ પર શ્રી સુમતિનાથ જિનાલય, પંચવટી રોડ પર શ્રી સીમંધરસ્વામીનું જિનાલય, કસ્તુરબા રોડ પર શ્રી મણિયાર જિનાલય (શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ), રૈયારોડ પર શ્રી ઘંટાકર્ણ આરાધના-સ્વાધ્યાય મંદિર-શ્રી કલ્યાણ ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય (પ્રેરકઃ મુનિરાજ શ્રી અમરેન્દ્રસાગરજી મહારાજ), પટણી પરિવારનું શ્રી મુનિસુવ્રત સ્વામીનું જિનાલય, જ્યુબેલી ગાર્ડન પાસે આવેલું છે. વર્ધમાનનગરમાં શ્રી સંભવનાથ સ્વામીનું જિનાલય, આનંદનગરમાં જિનાલય, ગાંધીગ્રામ વિસ્તારમાં, રણછોડનગર વિસ્તારમાં, ભક્તિનગર સોસાયટીમાં પંડિતજીનું જિનાલય વૈશાલીનગર વિસ્તારમાં, એરપોર્ટ વિસ્તારમાં શ્રી શાંતિનાથ પ્રભુનું જિનાલય આવેલું છે.

## ૧૦૦ : શ્રી સુમેરૂ નવકાર તીર્થ

વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના મિયાગામ પાસે શ્રી સુમેરૂ નવકાર તીર્થ આવેલું છે. મુંબઈ તરફ જતાં-આવતાં સાધુ-સાધ્વીજીઓ અહીં રોકાણ કરતાં હોય છે. અહીંથી ૭ કિ.મી.ના અંતરે અણસ્તુ શ્રી શંખેશ્વર તીર્થ આવેલું છે. પાંજરાપોળ ૧ કિ.મી.ના અંતરે આવેલ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમદો ૩૬ કિ.મી. તથા પાદરા ૨૮ કિ.મી.ના અંતરે છે. આ તીર્થના પ્રેરક જૈનાચાર્ય બંધુબેલડી આ.પૂ. જિનચંદ્રસાગરસૂરિજી મહારાજ તથા આ.ભ.પૂ. હેમચંદ્રસાગરસૂરિજી મહારાજ છે. અત્યંત દર્શનીય તીર્થસ્થાન છે. ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.

**શ્રી સુમેરૂ નવકાર તીર્થ :** સુમેરૂધામ, મુ.પો. મિયાગામ, તા. કરજણ. જિ. વડોદરા – ૩૯૧૨૪૦. ફોન નં. (૦૨૬૬૬) ૨૩૧૦૧૦, ૨૩૩૯૨૯ છે.

## ૧૦૧ : શ્રી વરણામા તીર્થ

વડોદરા-મુંબઈ નેશનલ હાઈવે પર વડોદરાથી ૧૫ કિ.મી.ના અંતરે વરણામા ગામ પાસે આ તીર્થ આવેલું છે. શ્રી શંખેશ્વર તીર્થ અણસ્તુ-૩૦ કિ.મી.ના અંતરે તથા ડભોઈ ૩૫ કિ.મી.ના અંતરે છે. આ તીર્થ દર્શનીય છે. ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.

**શ્રી વરણામા તીર્થ :** પૂ. યુગદિવાકર ધર્મસૂરિજી પુણ્ય સ્મારક, શ્રી પાર્શ્વપદ્માવતી ધર્મધામ, વડોદરા-મુંબઈ નેશનલ હાઈવે નં. ૮, મુ.પો. વરણામા (જિ.વડોદરા). ફોન નં. (૦૨૬૫) ૨૮૩૦૯૫૧ છે.

## ૧૦૨ : શ્રી શંખેશ્વર તીર્થ (અણસ્તુ)

શ્રી સુમેરૂ નવકાર તીર્થ ૬ કિ.મી.ના અંતરે અણસ્તુ ગામમાં શ્રી શંખેશ્વર તીર્થ આવેલું છે. અહીંથી ડભોઈ ૪૦ કિ.મી. અને ભરૂચ ૪૫ કિ.મી.ના અંતરે છે. આ તીર્થ દર્શનીય છે. અહીં ઉપાશ્રય, ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

**શ્રી શંખેશ્વરતીર્થ (અણસ્તુ) :** શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન પેઢી, મુ.પો.અણસ્તુ, તા.કરજણ-૩૯૧૨૪૦ (જિ.વડોદરા), ફોન નં. (૦૨૬૬૬) ૨૩૨૨૨૫, ૨૩૪૦૪૯ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧૦૩ : શ્રી શંખલપુર તીર્થ

મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકામાં આવેલ શંખલપુર ગામમાં આ તીર્થ આવેલું છે. આ પ્રાચીન તીર્થ દર્શનીય છે. અહીંથી ૩૦ કિ.મી.ના અંતરે શંખેશ્વર, ગાંભૂતીર્થ ૨૦ કિ.મી.ના અંતરે ભોંયણીતીર્થ ૫૫ કિ.મી. તથા રાંતેજ ૧૫ કિ.મી.ના અંતરે તથા મહેસાણા ૪૦ કિ.મી.ના અંતરે છે.

શ્રી શંખલપુર તીર્થ : શ્રી શંખલપુર જૈન શ્વે. મુ.સંઘ, મુ.પો. શંખલપુર – ૩૮૪૨૧૦ તા. બેચરાજી (જિ.મહેસાણા). ફોન નં. (૦૨૭૩૪) ૨૮૬૪૦૮ છે.

## ૧૦૪ : શ્રી ડીસા તીર્થ

બનાસકાંઠા જિલ્લામાં જૂના ડીસા ગામે શ્રી આદીશ્વર પ્રભુનું પ્રાચીન તીર્થ આવેલું છે. આ તીર્થ વિક્રમની તેરમી સદી પહેલાનું માનવામાં આવે છે. રાજરાજેશ્વર મહારાજા કુમારપાળના સમયમાં કલિકાલ સર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ અહીં આવેલા હતા. તથા આચાર્ય શ્રી હીરવિજયસૂરીશ્વરજી મહારાજે અહીં સૂરિમંત્રની આરાધના કરી હતી અને શાસનદેવી પ્રસન્ન થયાં હતાં. ત્યારે શાસનદેવીએ જણાવ્યું કે તમારા થકી એક મહાન રાજા પ્રતિબોધ પામશે. ઈતિહાસમાં નોંધ છે કે આ. હીરવિજયસૂરિજી મ.ના ઉપદેશથી મોગલ શહેનશાહ અકબર પ્રતિબોધિત થયા હતા. અહીં શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનું જિનાલય છે. દાદાવાડી છે. રહેવાની વ્યવસ્થા નથી. ડીસાથી ૨૦ કિ.મી.ના અંતરે ભીલડિયાજી તીર્થ આવેલું છે.

## ૧૦૫ : શ્રી કર્ણાવતી તીર્થ

અમદાવાદ (કર્ણાવતી)માં ઠેરઠેર જિનાલયો આવેલા છે. તેમજ અમદાવાદના નવા વિસ્તારોમાં પણ જિનાલયો છે. પ્રેરણાતીર્થ વગેરે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શનીય છે. દિલ્હી દરવાજા બહાર શ્રી શેઠ હઠીસિંહજીની વાડીમાં બાવન જિનાલયયુક્ત જિનાલય અત્યંત દર્શનીય છે. ઝવેરીવાડમાં આવેલું શ્રી સંભવનાથ જિનાલય સૌથી પ્રાચીન માનવામાં આવે છે. શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાનના દેરાસરમાં પણ કલાત્મક કૃતિઓનાં દર્શન થાય છે. અમદાવાદની પોળોમાં અનેક પ્રાચીન જિનાલયો આવેલાં છે. અહીં ૧૧થી વધારે પ્રાચીન ગ્રંથભંડારો છે. પાઠશાળાઓ વગેરે છે. ઝવેરીવાડની વાઘણપોળમાં શ્રી અજીતનાથ પ્રભુની કાયોત્સર્ગ પ્રતિમાજી અત્યંત દર્શનીય છે. અમદાવાદમાં ૪૦૦થી વધારે જિનાલયો છે. અહીં ધર્મશાળાઓ તથા ભોજનશાળાઓ છે.

## શ્રી શામળા પાર્શ્વનાથ

અમદાવાદમાં શામળાની પોળમાં શ્રી શામળા પાર્શ્વનાથજીનું મુખ્ય પ્રાચીન તીર્થ આવેલું છે. તેમજ લાંબેસરની પોળમાં પણ શ્રી શામળા પાર્શ્વનાથજીની પ્રતિમાજી છે. શામળાની પોળમાં આવેલ શ્રી શામળા પાર્શ્વનાથ જિનાલયનું નિર્માણ વિ.સં. ૧૬૫૬માં મંત્રીશ્વર વસ્તુપાળના વંશજ સોમજી સંઘવી તથા તેમના ભાઈ શિવાએ કરાવ્યું હતું. જિનાલયમાં કાષ્ઠ પરનું કોતરકામ, કલાકારીગરી મોહિત કરી મૂકે તેવાં છે. તીર્થંકર પ્રભુના પાંચ કલ્યાણકોના પ્રસંગોને લાકડામાં કોતરવામાં આવ્યા છે. આ મંદિરના મેડા ઉપર આરસના પાર્શ્વનાથજી કાઉસગ્ગ મુદ્રામાં છે. આ જિનબિંબ ઘણું પ્રાચીન છે. ભારતભરમાં અનેક સ્થાનો પર શ્રી શામળાજી પાર્શ્વનાથનાં જિનાલયો આવેલાં છે.

## શ્રી સુખસાગર પાર્શ્વનાથ

અમદાવાદમાં દોશીવાડાની પોળ, શ્રી સીમંધરસ્વામીની ખડકી ખાતે શ્રી સુખસાગર પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય આવેલું છે. અમદાવાદનું નામ દશમા સૈકા પૂર્વે આશાવલ કે આશાપલ્લી હતું, ત્યારે પણ આ નગર સમૃદ્ધ હતું. તે અરસામાં અનેક જૈન-જૈનેતર મંદિરો હતાં. જ્ઞાનભંડારો હતા. જૈન શાસનના પ્રભાવક જૈનાચાર્યોની આવનજાવન થતી રહી છે. અગિયારમા સૈકામાં કર્ણદિવે આશાપલ્લીના રાજા આશાને પરાજિત કર્યો. કર્ણદિવના નામ પરથી આશાપલ્લી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્ણાવતી (અમદાવાદ) તરીકે ઓળખાવા લાગ્યું. જોકે વધારે તો 'અમદાવાદ' તરીકે ઓળખાય છે. અમદાવાદના શ્રીમંતોએ જૈનશાસનના ગૌરવને વધારે ઉજ્જ્વળ બનાવ્યું છે.

દોશીવાડાની પોળમાં શ્રી સીમંધરસ્વામીનું ભવ્ય જિનાલય આવેલું છે. તેમાં મૂળનાયક શ્રી સીમંધરસ્વામી છે. તેની ડાબી બાજુએ શ્રી સુખસાગર પાર્શ્વનાથ પ્રભુની પંચધાતુની દર્શનીય પ્રતિમા બિરાજમાન છે.

## શ્રી હ્રીંકાર પાર્શ્વનાથ

અમદાવાદમાં કાળુશાની પોળ, કાળુપુરમાં શ્રી હ્રીંકાર પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય આવેલું છે. હ્રીં એક બીજમંત્ર છે. તેમાં ચતુર્વિંશતિ જિનેશ્વર ભગવંતની સ્થાપના છે. કાળુશાની પોળમાં શ્રી સંભવનાથ જિનાલયના ભોંયરામાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની બાજુમાં શ્રી હ્રીંકાર પાર્શ્વનાથજીની પ્રતિમા બિરાજમાન છે. કાળુશાની પોળમાં ત્રણ જિનાલયો આવેલાં છે. શ્રી સંભવનાથજીના ઘુમ્મટબંધ જિનાલયમાં ઉપર શ્રી શાંતિનાથજી તથા ભોંયરામાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી બિરાજિત છે. સંવત ૨૦૨૦માં આ જિનાલયનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. વિ.સં. ૨૦૨૧માં આગમપ્રજ્ઞ આ.શ્રી. જંબુસૂરિશ્વરજી મ.ના વરદ હસ્તે પ્રતિષ્ઠા થઈ હતી. મૂળનાયક તરીકે બિરાજમાન શ્રી સંભવનાથજીની પ્રતિમા પર સં. ૧૫૨૭નો લેખ છે. ઉપરના ગભારાના મૂળનાયક શ્રી શાંતિનાથજીની પ્રતિમાજી પર સં. ૧૬૭૦નો લેખ છે. બીજું જિનાલય શ્રી વિજયચિંતામણિ પાર્શ્વનાથનું છે. અને ત્રીજા જિનાલયમાં શ્રી અજિતનાથજી પ્રભુ બિરાજમાન છે.

## શ્રી મુલેવા પાર્શ્વનાથ

અમદાવાદના રિલીફરોડ પર આવેલા પાંજરાપોળમાં શ્રી મોરૈયા પાર્શ્વનાથની ખડકીમાં શ્રી મોરૈયા (મુલેવા) પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય આવેલું છે. ૨૦૦-૩૦૦ વર્ષ પૂર્વે અમદાવાદના ઈદલપુર નામના વિસ્તારમાં નિવાસ કરતા અમદાવાદના વિશાશ્રીમાળી જ્ઞાતિના શેઠ પરિવારે શ્રી મુલેવા પાર્શ્વનાથ પ્રભુનું મંદિર બંધાવ્યાનું મનાય છે. આ જિનાલયનો વહીવટ શેઠ હઠીસિંગ કેસરીસિંગ ટ્રસ્ટ દ્વારા કરવામાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે. થોડા સમય પૂર્વે પ્રતિમાજીઓને ખસેડ્યા વિના આ જિનાલયનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો.

અમદાવાદમાં ધરણીધરનું જિનાલય ખૂબ જ જાણીતું છે. તે સિવાય વિવિધ વિસ્તારમાં નૂતન જિનાલયો, ઉપાશ્રયોનાં નિર્માણ થયાં છે.

## ૧૦૯ : શ્રી બરેજા તીર્થ

સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લાના બરેજા ગામમાં શ્રી બરેજા પાર્શ્વનાથ પ્રભુનું પ્રાચીન તીર્થ આવેલું છે. આ તીર્થ જૂનાગઢથી ૪૬ કિ.મી.ના અંતરે અને માંગરોળથી ૩૬ કિ.મી.ના તેમજ પોરબંદરથી ૪૨ કિ.મી.ના અંતરે આવેલું છે.

બરેજ ગામમાં આવેલ શ્રી બરેજા પાર્શ્વનાથની પ્રતિમાજી વેળુની કૃષ્ણવર્ણી, પદ્માસનસ્થ અને ફણા રહિતની છે.

કહેવાય છે કે એક વાર સાર્થવાહ માલ ભરીને વહાણમાં બેસીને વેપાર અર્થે પરદેશ જવા નીકળ્યો હતો. સમુદ્રમાં વહાણ તેજ ગતિથી આગળ વધી રહ્યું હતું. સમુદ્રી તોફાનના કોઈ અણસાર નહોતા. વહાણમાં સાર્થવાહ પોતાના માણસો સાથે વાર્તાલાપ કરી રહ્યો હતો. ત્યારે સમુદ્ર વચ્ચે એકાએક વહાણ સ્થંભિત થઈ ગયું. સાર્થવાહે નાવિકને પૂછ્યું. નાવિક કોઈ કારણ દર્શાવી શક્યો નહિ. સાર્થવાહને ભારે આશ્ચર્ય થયું. તેણે તરત જ તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં.

ચાર-પાંચ ખલાસીઓને સમુદ્રમાં કૂદીને તપાસ કરવા જણાવ્યું ત્યારે તે સમુદ્રના જળમાંથી એક મનોરમ્ય જિન પ્રતિમાની પ્રાપ્તિ થઈ. સાર્થવાહ મનોહારી પ્રતિમાજીને જોઈને અતિ હર્ષિત બન્યો. તેણે શ્રી જિનપ્રતિમાની ખરા હૃદયથી ભક્તિ કરી ત્યાર પછી વહાણ ગતિમાન થયું. નજીકના પ્રદેશમાં તેણે પોતાનો માલ વેચ્યો, તેમાં તે અઢળક ધન કમાયો. ત્યાંથી ચીજવસ્તુઓ ભરીને ભારત તરફ આવ્યો. તેણે આ પ્રતિમાજીને બરેજા ગામમાં પધરાવી. ત્યાં આ પ્રતિમાજીને એક ભવ્ય જિનાલયમાં મૂળનાયક પદે વિભૂષિત કરાવી. આ પ્રભુજીનો પ્રભાવ અલૌકિક અને દિવ્ય છે. ચમત્કારના અનેક પ્રસંગો સર્જાયા છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી બરેજા પાર્શ્વનાથ તીર્થ અતિ પ્રાચીન છે. જિનાલય રમણીય છે. સં. ૧૯૦૦માં ભીમજી કલ્યાણજી શેઠ (પોરબંદર)એ હાલનું જિનાલય બંધાવ્યું હતું. સં. ૧૯૫૦ના મહાવદ-૩ના દિવસે આચાર્ય શ્રી જિનેશ્વરસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ રચાયો છે.

શ્રી બરેજા તીર્થ : શ્રી બરેજા પાર્શ્વનાથ શ્વે. જૈનતીર્થ, મુ. બરેજા (જિ.જૂનાગઢ) સૌરાષ્ટ્ર

## ૧૦૭ : શ્રી ચોરવાડ તીર્થ

સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લામાં વેરાવળ તાલુકામાં ચોરવાડ ખાતે શ્રી ચોરવાડી પાર્શ્વનાથ પ્રભુનું મુખ્ય તીર્થ આવેલું છે. ચોરવાડ રેલવે સ્ટેશનથી ૭ કિ.મી.ના અંતરે આ તીર્થ આવેલું છે. માંગરોળથી ૧૮ કિ.મી.ના અંતરે, પ્રભાસ પાટણથી ૨૭ કિ.મી.ના અંતરે આ તીર્થ છે. શ્રી બરેજા તીર્થ, ગિરનાર તીર્થ તથા માંગરોળ તીર્થ વગેરે નજીકમાં છે.

અહીં બિરાજમાન પ્રતિમાજી ઘણાં પ્રાચીન અને પરમ પ્રભાવક છે. ગામના નામ પરથી શ્રી ચોરવાડી પાર્શ્વનાથ તરીકે જાણવામાં આવે છે. તે ઉપરાંત આ પ્રતિમાજીને 'શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ'ના નામથી પણ સંબોધાય છે.

આ જિનાલયનું નિર્માણકાર્ય સંવત ૧૫૨૯માં શ્રીસંઘે કરાવ્યાનો ઉલ્લેખ છે. પરંતુ સં. ૧૪૮૭માં ઉપાધ્યાય શ્રી જયસાગરજી મહારાજે તેમની રચનામાં આ તીર્થની યાત્રા કર્યાનો ઉલ્લેખ કર્યો છે. સંભવતઃ સંવત ૧૫૨૯માં આ જિનાલયનો જીર્ણોદ્ધાર શ્રીસંઘ દ્વારા થયો હોય. આ પ્રાચીન તીર્થ અત્યંત દર્શનીય અને મનોહર છે. આ તીર્થની પ્રતિમાજી ભવ્ય, દર્શનીય અને પરમ પ્રભાવક છે.

શ્રી ચોરવાડ તીર્થ : શ્રી ચોરવાડી પાર્શ્વનાથ જૈન તીર્થ, આથમણો દરવાજો, મુ.પો. ચોરવાડ, તા. વેરાવળ (જિ. જૂનાગઢ) સૌરાષ્ટ્ર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧૦૮ : શ્રી નરોડા તીર્થ

અમદાવાદથી ૮ કિ.મી.ના અંતરે નરોડામાં શ્રી પદ્માવતી પાર્શ્વનાથ પ્રભુનું પરમ પ્રભાવક તીર્થ આવેલું છે. વિજાપુરમાં પણ શ્રી પદ્માવતી પાર્શ્વનાથનું જિનાલય છે. અહીં ઉપાશ્રય, ધર્મશાળાની ઉત્તમ સગવડ છે. દર પૂનમ તથા બેસતા મહિને અહીં મેળો ભરાય છે.

પૂર્વકાળમાં આ મહારાજા નળની નૈષધનગરી હોવાનું મનાય છે. અહીં એક પ્રાચીન શિવમંદિર છે, તે નળરાજાના સમયનું હોવાનું મનાય છે. નરોડામાં શેઠ હઠીસિંગ કેસરીસિંગે આ શિખરબંધી જિનાલય બંધાવેલું છે. આ જિનપ્રાસાદના મૂળનાયક શ્રી પદ્માવતી પાર્શ્વનાથ લોકોમાં શ્રી ગોડીજી પાર્શ્વનાથના નામથી વધારે જાણીતા છે. આ પ્રતિમાજી જમીનમાંથી પ્રગટ થયા હતા. આ જિનપ્રાસાદની નજીક એક ટીંબામાંથી પ્રાચીન અવશેષો મળી આવતાં ત્યાં પહેલાં પ્રાચીન, ભવ્ય જિનાલય હોવાનું મનાય છે. અહીંના પદ્માવતી અત્યંત પ્રાચીન, ચમત્કારી, મનોકામના પૂર્ણ કરનારા હોવાથી પદ્માવતી પૂજિત આ પાર્શ્વનાથજીનાં દર્શને લોકોનો ધસારો દરરોજ રહ્યા કરે છે. સં. ૧૬૫૫માં પ્રેમવિજયજીએ પોતાની રચનામાં શ્રી પદ્માવતી પાર્શ્વનાથનો ઉલ્લેખ કર્યો છે. સં. ૧૭૫૫ સૌભાગ્યવિજય કૃત 'તીર્થમાલા'માં આ તીર્થનો મહિમા ગવાયો છે.

શ્રી નરોડા તીર્થ : શ્રી પદ્માવતી પાર્શ્વનાથ શ્વે. જૈનતીર્થ, નરોડા બજાર, મુ. નરોડા (જિ.અમદાવાદ)

## ૧૦૯ : શ્રી સિદ્ધપુર તીર્થ

ઉત્તર ગુજરાતમાં પાટણથી નજીક સિદ્ધપુરમાં શ્રી સુલતાન પાર્શ્વનાથ પ્રભુનું પ્રાચીન જિનાલય આવેલું છે. અહીં એક ધર્મશાળા અને ત્રણ ઉપાશ્રય છે. અહીંથી ૧૩ કિ.મી.ના અંતરે મેત્રાણા તીર્થ આવેલ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધપુરમાં અલવાના ચકલે શ્રી મહાવીરસ્વામીના શિખરબંધી જિનાલયના ઉપરના એક ગભારામાં મૂળનાયક રૂપે શ્રી સુલતાન પાર્શ્વનાથ પ્રભુ બિરાજમાન છે. આ પ્રતિમાજી સંપ્રતિ મહારાજાના સમયની છે.

સોળમા-સત્તરમાં સૈકામાં સિદ્ધપુરના જૈનોની જાહોજલાલી અપૂર્વ હતી. તે સંવત ૧૬૪૧માં જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિના શિષ્ય કુશલવર્ધનગણિની 'સિદ્ધપુર ચૈત્ય પરિપાટી' રચનામાં જોવા મળે છે. તે સમયે અહીં પાંચ જિનાલયો હતાં. તે જિનપ્રાસાદોમાં ક્રમશઃ શ્રી નેમિનાથ પ્રભુ, શ્યામવર્ણા શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ, શ્રી મહાવીરસ્વામી પ્રભુ, શ્રી ચંદ્રપ્રભ સ્વામી, શ્રી પાર્શ્વનાથ પ્રભુ મૂળનાયક રૂપે બિરાજમાન હતા. જ્યારે પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય ૨૪ દેવકુલિકાઓથી અલંકૃત હતું. સમય જતાં મુસ્લિમ આક્રમણોના કારણે ધર્મસ્થાનો ભયમાં મુકાયાં હતાં.

શ્રી સુલતાન પાર્શ્વનાથ નામ શી રીતે પડ્યું તે અંગેની કથા આ પ્રમાણે જાણવા મળે છે. કથાનુસાર એક વાર મુસ્લિમ બાદશાહ અલ્લાઉદ્દીન ખીલજી પોતાના સૈન્ય સાથે સિદ્ધપુરમાં અહીંના જિનાલયમાં બિરાજમાન પાર્શ્વનાથની પ્રતિમાજીનો ધ્વંસ કરવા આવ્યો હતો ત્યારે જિનાલયમાં પ્રભુની ભક્તિ કરતા ભોજકોએ બાદશાહને તેમ ન કરવા જાણાવ્યું અને કહ્યું કે આ તો સાક્ષાત પરમકૃપાળુ પરમેશ્વર છે. પથ્થર નથી. ત્યારે અલ્લાઉદ્દીને તેનું પ્રમાણ માગ્યું.

ભોજકોએ તરત જ દીપક રાગ અનેરી શ્રદ્ધા સાથે ગાયો. રાગના પ્રભાવથી અને પ્રભુની અમીદૃષ્ટિથી ત્યાં રહેલા ૯૯ દીપકો સ્વયં પ્રગટી ઊઠ્યા. અલ્લાઉદ્દીનને આશ્ચર્યનો પાર ન રહ્યો. ત્યાં તો એક વિશાળ સર્પ અલ્લાઉદ્દીનની સામે આવીને બેસી ગયો. આ પ્રભાવ જોઈને અલ્લાઉદ્દીન શરમિંદો બન્યો અને બોલી ઊઠ્યો : 'આ દેવ તો બાદશાહનો પણ બાદશાહ અર્થાત્ સુલતાન છે.' આટલું કહીને અલ્લાઉદ્દીન પોતાના લશ્કર સાથે ચાલ્યો ગયો. તે દિવસથી આ પાર્શ્વનાથ પ્રભુની આગળ 'સુલતાન'નું વિશેષણ કાયમી બન્યું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી સિદ્ધપુર તીર્થ : શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મુ.પો. તા. સિદ્ધપુર (ઉ.ગુ.) – ૩૮૪૧૫૧.

## ૧૧૦ : શ્રી ભાણવડ તીર્થ

સૌરાષ્ટ્રના જામનગર જિલ્લાના ભાણવડ ગામે શ્રી અમૃતઝરા પાર્શ્વનાથ પ્રભુનું મુખ્ય તીર્થ આવેલું છે. ભાણવડથી બે કિલોમીટરના અંતરે આવેલા આ તીર્થમાં બે મનોહર જિનાલયો છે. શ્રી અમૃતઝરા પાર્શ્વનાથ પ્રભુનું શિખરબંધી જિનાલય ભવ્ય છે. બજારમાં શ્રી શાંતિનાથ પ્રભુનું જિનાલય પણ પ્રાચીન છે. બન્ને જિનાલયોની કલાકારીગરી અદ્દ્ભુત છે.

હાલમાં જામભાણવડને ભાણવડ તરીકે ઓળખવામાં આવે છે. પ્રાચીન ગ્રંથોમાં 'ભાનુવડ ગ્રામ' તરીકે આ સ્થળનો ઉલ્લેખ છે. પ્રાચીનકાળમાં આ ગામ સમૃદ્ધિની છોળો ઉછાળતી નગરી હતી, તેમ જાણવા મળે છે.

ચાંપશી નામના શ્રેષ્ઠીએ શ્રી અમૃતઝરા પાર્શ્વનાથ પ્રભુના ભવ્ય જિનાલયનું નિર્માણ કરાવ્યું હતું. સંવત ૧૬૨૨ના ફાગણ સુદ-૨ના દિવસે આ નૂતન જિનાલયમાં આ શ્રી જિનરાજસૂરિના વરદ હસ્તે શાહ ધારશી રાજશી દ્વારા શ્રી અમૃતઝરા પાર્શ્વનાથને ગાદીનશીન કરવામાં આવ્યા હતા. એ વખતે ૮૦ જિનબિંબોની પ્રતિષ્ઠા કરાઈ હતી. સંસ્કૃત ભાષામાં આ પાર્શ્વનાથને 'અમૃતસ્રાવી પાર્શ્વનાથ' જણાવેલ છે. સંવત ૧૯૫૧માં આ તીર્થનો જીર્ણોદ્ધાર થયો છે.

શ્રી ભાણવડ તીર્થ : શ્રી અમૃતઝરા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈનતીર્થ, શેરીના રસ્તા પર, મુ.પો. ભાણવડ, (જિ.જામનગર) – ૩૬૦૫૧૦.


સામાન્ય રીતે સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતનાં નાનાં મોટાં ગામો, શહેરોમાં જૈન તીર્થો આવેલાં છે. દરેક ગામનાં જિનાલયો દર્શનીય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ૧૧૧ : ગુજરાતનું સુપ્રસિદ્ધ શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈનતીર્થ



શૌર્યવંતી સૌરાષ્ટ્રની રાજધાની રાજકોટના પાદરમાં શ્રી પાર્શ્વપ્રેમ ધામ (ઘંટેશ્વર) રાજકોટ-જામનગર હાઈવે પર દેવવિમાન તુલ્ય, અલૌકિક, સ્વર્ગની સુંદરતા ધરાવતું, નવનિર્મિત, ૮૧ ફૂટ ઉત્તુંગ શિખર, પંચગભારા, સપ્તદ્વારયુક્ત જિનાલય (તીર્થ)માં વિશ્વવિખ્યાત, મહાન ચમત્કારિક, નીલવર્ણા, નયનરમ્ય મૂળનાયક શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પ્રભુ બિરાજમાન છે. જે ગુજરાતનું નાગેશ્વર તીર્થ તરીકે જાણીતું બન્યું છે.

## તીર્થની વિશિષ્ટતાઓ

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈનતીર્થમાં મૂળનાયક શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પ્રભુની નીલવર્ણની સાડાતેર ફૂટ (૧૬૨ ઈંચ) ઊંચી કાઉસગ્ગ મુદ્રાની પ્રતિમાજી બિરાજમાન છે.

પ્રથમ ગભરાના જમણી બાજુના મૂળનાયકરૂપે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની ૩૫ ઈંચની સ્ફટિક ઉપરત્નની પરિકરયુક્ત પ્રતિમાજી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. જેની ગાદી તથા પબાસન પણ સ્ફટિક ઉપરત્નના છે. જે ભારતમાં સર્વપ્રથમ છે.

પ્રથમ ગભારાના ડાબી બાજુના મૂળનાયકરૂપે શ્રી આદિશ્વર પ્રભુની ૩૫ ઈંચની સ્ફટિક ઉપરત્નની પ્રતિમાજી બિરાજમાન છે. જેની ગાદી તથા પબાસન પણ સ્ફટિક ઉપરત્નના છે. જે ભારતમાં સર્વ પ્રથમ છે.

જમણી બાજુના બીજા ગભારામાં ભેસલાણાના પાષાણમાંથી નિર્માણ કરવામાં આવેલા શ્યામવર્ણના ૪૧ ઈંચ પરિકરયુક્ત શ્રી મુનિસુવ્રત સ્વામી મૂળનાયકરૂપે બિરાજે છે.

ડાબી બાજુના બીજા ગભારામાં ભેસલાણાના પાષાણમાંથી નિર્માણ કરવામાં આવેલા શ્યામ વર્ણના ૪૧ ઈંચના પરિકરયુક્ત શ્રી નેમિનાથ પ્રભુની પ્રતિમાજી મૂળનાયકરૂપે બિરાજમાન છે.

રંગમંડપમાં જમણી બાજુ ગવાક્ષમાં ગુરુ ગૌત્તમ સ્વામીજી તથા ડાબી બાજુના ગવાક્ષમાં પાર્શ્વનાથ પ્રભુના કેશી સ્વામી ગણધરની ૧૭ ઈંચની સ્ફટિક ઉપરત્નની ગુરુમૂર્તિ છે.

કોલી મંડપ ગવાક્ષમાં જમણી બાજુ ૩૧ ઈંચના માણેક-પન્ના ઉપરત્નની શ્રી પાર્શ્વ યક્ષરાજની ઊભી પ્રતિમાજી તથા ડાબી બાજુ ૩૧ ઈંચના માણેક-પન્ના ઉપરત્નમાં શ્રી પાર્શ્વ યક્ષિણીની પ્રતિમાજી પ્રતિષ્ઠિત છે.

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થ-જિનાલયની દેવકુલિકામાં જમણી બાજુએ ૨૭ ઈંચના માણેક ઉપરત્નમાં શ્રી ધરણેન્દ્ર દેવની મૂર્તિ તથા ૨૭ ઈંચના પીળા મરગજમાંથી કંડારેલ શ્રી ઘંટાકર્ણ મહાવીરની મૂર્તિ બિરાજમાન છે.

જિનાલયની દેવકુલિકામાં ડાબી બાજુએ શાસનરક્ષક દેવ શ્રી માણિભદ્રવીરની ૨૭ ઈંચની માણેક ઉપરત્નમાં મૂર્તિ તથા ૨૭ ઈંચના ભેસલાણા પાષાણમાંથી નિર્મિત શ્રી ક્ષેત્રપાલદેવની મૂર્તિ બિરાજમાન છે.

જિનાલયના શ્રૃંગાર ચોકી મંડપની જમણી બાજુએ રક્તમરગજ ઉપરત્નમાં પરિકરયુક્ત ૩૧ ઈંચના અત્યંત દર્શનીય માતા પદ્માવતી દેવીની પ્રતિમાજી છે. જ્યારે ડાબી બાજુએ માણેક પન્ના ઉપરત્નમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિકરયુક્ત ૩૧ ઈંચના શ્રી અંબિકાદેવીની દર્શનીય મૂર્તિ છે.

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈનતીર્થનું વિશાળ જગ્યામાં નિર્માણ થયું હોવાથી વાતાવરણમાં પવિત્રતા છવાયેલી રહે છે. દેશ-વિદેશના, સૌરાષ્ટ્ર-ગુજરાતના શ્રી જૈનસંઘો તીર્થયાત્રાનો અનેરો લાભ લે છે.

**ધર્મશાળા-ભોજનશાળા :** શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થમાં ધર્મશાળા અને ભોજનશાળાની ઉત્તમ સગવડ ઉપલબ્ધ કરવામાં આવી છે. ધર્મશાળામાં તમામ પ્રકારની સુવિધાઓ છે. ભોજનશાળામાં યાત્રિકોને સાત્ત્વિક ભોજન મળી રહે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

**કમલકુંડ બગીચો :** તીર્થમાં કમલકુંડની રચના કરવામાં આવી છે તેમજ બગીચામાં જાસુદ, ગુલાબ, મોગરો વગેરે ફૂલો તથા વૃક્ષો રોપવામાં આવેલ છે. કમલકુંડનાં કમળ ઉગાડવામાં આવે છે, તે કમળ દરરોજ ભગવાનને ચઢાવવામાં આવે છે.

**ઉપાશ્રય :** તીર્થમાં સાધુ-સાધ્વીજી ભગવંતો માટેના અલગ અલગ પિરામીડ આકારના ઉપાશ્રયો આવેલા છે. ઉપાશ્રયમાં વ્યાખ્યાન હૉલ બનાવવામાં આવેલ છે. ઉપાશ્રયમાં વિહાર કરતાં જૈનોના તમામ ફીરકાઓના પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો સ્થિરતા કરે છે. અત્યાર સુધીમાં ૫૦૦થી વધારે સાધુ-સાધ્વીજી ભગવંતોનું આવાગમન થયું છે.

**પ્રતિષ્ઠા મહોત્સવ :** શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈનતીર્થનો પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨-૩-૦૬ના ગુરુવારે વૈરાગ્યવારિધિ પૂ.આ. શ્રી ભક્તિસૂરીશ્વરજી મ. સમુદાયના વર્તમાન તપાગચ્છ સૂર્ય, ગચ્છાધિપતિ આચાર્યદેવ પૂ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા, આ.શ્રી ભાનુચંદ્રસૂરીશ્વરજી મહારાજ, આ.ભ.પૂ. શ્રી પુણ્યોદયસાગરસૂરીશ્વરજી મહારાજ (શ્રી મહાવીરપુરમ તીર્થના પ્રણેતા), અયોધ્યાપુરમ તીર્થ તથા શ્રી સુમેરૂ નવકાર તીર્થના પ્રેરક બંધુબેલડી આ.ભ.પૂ. શ્રી જિનચંદ્રસાગર સૂરીશ્વરજી મ. તથા પ્રખર પ્રવચનકાર આ.ભ.પૂ. શ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ, આ.ભ.પૂ. શ્રી દેવચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ આદિની પાવન નિશ્રામાં તેમજ ૧૭૧ સાધુ-સાધ્વીજી ભગવંતોની મંગલ નિશ્રામાં યોજાયો હતો. મહોત્સવનો પ્રારંભ તા. ૨૪-૨-૦૬થી તા. ૩-૩-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૦૬ સુધી ચાલ્યો હતો. મહોત્સવ દરમ્યાન ૯૦ હજારથી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

**શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈનસંઘ :** શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈન સંઘના પ્રમુખ ડૉ. હરીશભાઈ રતિલાલ મહેતા (મોરબીવાળા-હાલ રાજકોટ), મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. ભરતભાઈ ચિમનલાલ મહેતા (ગોંડલવાળા-હાલ રાજકોટ) તથા ટ્રસ્ટીઓમાં ડૉ. પ્રફુલભાઈ વસંતરાય શાહ, ડૉ. શ્રી નીતિનભાઈ રતિલાલ મહેતા (મોરબી), ડૉ. શ્રી ચંદ્રવદન શાંતિલાલ શેઠ (નાઈરોબી), ડૉ. શ્રી શરદભાઈ રતિલાલ મહેતા (મુંબઈ) તથા ડૉ. શ્રી પ્રમોદભાઈ ત્રિભોવનભાઈ પટેલ (ગોંડલ) વગેરે તીર્થનો કાર્યભાર સંભાળી રહ્યાં છે.

મુંબઈના એન્જીનિયર તથા શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થના નિર્માણમાં સક્રીય રસ લેનાર શ્રી રાજેશભાઈ મહેતા તેમની સેવા આપી રહ્યાં છે.

## તીર્થ પર કેવી રીતે આવશો ?

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈનતીર્થમાં પધારવા માટે બસ, ટ્રેન તથા હવાઈ માર્ગે આવી શકાય છે. આ તીર્થ અમદાવાદથી વાહન માર્ગે ૨૨૫ કિ.મી.ના અંતરે, જામનગરથી ૮૫ કિ.મી.ના અંતરે આવેલું છે. રાજકોટ શહેરથી જામનગરના માર્ગ પર માત્ર પાંચ કિલોમીટરના અંતરે શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈનતીર્થ આવેલું છે. અહીં દરેક તીર્થંકર ભગવંતોના કલ્યાણકોની ભાવસભર ઉજવણી કરવામાં આવે છે.

## વધુ વિગત અને માહિતી માટે પેઢીનો સંપર્ક સાધો

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈનતીર્થ, શ્રી પાર્શ્વપ્રેમ ધામ ગામ-ઘંટેશ્વર, જામનગર હાઈવે, રાજકોટ-૩૬૦૦૦૪ ફોન નં. (૦૨૮૧) ૬૯૯૩૦૧૩

ડૉ. હરીશભાઈ મહેતા-પ્રમુખશ્રી, શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈનસંઘ-મો.નં. ૯૩૫૭૧૯૬૯૭, ડૉ. ભરતભાઈ મહેતા-મેનેજિંગ ટ્રસ્ટીશ્રી, શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈન સંઘ, મો.નં.૯૩૭૪૧૦૯૩૯૫


**[ સમાપ્ત ]**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private and Personal Use Only